જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર પ્રેરિત અને

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

આયોજિત

# શિક્ષણની નવી ક્ષિતિજો

## જિલ્લાકક્ષાનો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ

## ૨૦૨૪-૨૦૨૫


**સંકલન**

રાજુભાઈ ભટ્ટ

જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અમરેલી

**માર્ગદર્શક**

નિલેશભાઈ ચાપાનેરી

પ્રાચાર્ય,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અમરેલી


તા.૨૦-૦૨-૨૦૨૫ થી ૨૧-૦૨-૨૦૨૫

સ્થળઃ એસ.ડી.કોટક લો કોલેજ, ડાયટ અમરેલી

# શુભેચ્છા સંદેશ



નીલેશભાઈ ચાંપાનેરી

પ્રકૃતિ અનેકવિધ વિવિધતાઓથી ભરેલી છે. પ્રકૃતિનું જ સુંદર સર્જન એવું બાળક તો અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધતા સભર બાળકોને એક જ પદ્ધતિથી શિક્ષણ આપી શકાય નહી, તેવી સફળ અને સચોટ રજુઆત ગુજરાતની સૌ પ્રથમ શિક્ષણની પ્રયોગકથા દિવાસ્વપ્નના લેખક સ્વ. ગિજુભાઈ બધેકાએ કથાનાયક લક્ષ્મીરામના માધ્યમથી કરી હતી.NEP-2020નો સૂર એ છે કે બાળકની સર્જન પ્રતિભા વિકસાવવા શિક્ષકો વિવિધ નાવિન્યપૂર્ણ પ્રયુક્તિઓ અને પદ્ધતિઓ હાથ ધરે છે. અમરેલી જિલ્લાના આવા જ પ્રાથમિક શાળાના 43 શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના 05 શિક્ષકો કુલ 48 શિક્ષકોના શૈક્ષણિક પ્રયોગોનો મેળાવડો એટલે જ એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ.

જીસીઈઆરટી, ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લાના પ્રત્યેક  જિલ્લા  શિક્ષણ અને તાલીમ ભવનમાં ઈનોવેશન સેલ વર્ષ 2013 થી શરૂ થયા. પ્રયોગશીલ શિક્ષકોના નવતર પ્રયોગોનું તાલુકા કક્ષાએ ઇનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ. આ વર્કશોપમાં 50 ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના 43 શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના 05 શિક્ષકો, કુલ 48 શિક્ષકો ભાગ લઈ રહ્યા છે. પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકોને ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપમાં માર્ગદર્શન આપવામાં આવેલ. અમરેલી જિલ્લામાં એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ 20-21ફેબ્રુઆરી-2025 દરમિયાન યોજાનાર છે. ત્યારે ભાગ લેનાર સૌ શિક્ષકો અને જોવા આવનાર સૌ સારસ્વત મિત્રોને અભિનંદન. આ મેળાવડામાં આવી, આપ પણ આપની શાળાના પ્રશ્નોના  વૈજ્ઞાનિક સમાધાન માટે અનોખો અને નવો જ પ્રયોગ આદરો તે અપેક્ષા છે.

જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા માર્ગદર્શન અને વર્ષ :2015-16થી એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં અમોને જે માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, તે બદલ અમો માર્ગદર્શક સંસ્થાઓનો આભાર માનીએ છીએ. આ ઉપરાંત નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. તેના જ પરિપાક રૂપે અમે આ એજયુકેશન ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરી શકયા. અને ઈનોવેશનની શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો બુકલેટ તૈયાર કરી શકયા છીએ. તે બદલ નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગરનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ. આ બુક દરેક શાળા અને શિક્ષક સુધી પહોચશે અને શિક્ષણમાં ઉપયોગી થશે તેવી શુભેચ્છાઓ.

નીલેશભાઈ ચાંપાનેરી
પ્રાચાર્ય
ડાયટ –અમરેલી

# પ્રસ્તાવના



આર.પી. ભટ્ટ

વર્ગખંડમાં દરેક બાળકો અલગ અલગ હોય છે. દરેક બાળકોની શીખવાની પ્રક્રિયા અને ગતિ અલગ અલગ હોય છે, આવી પરિસ્થિતિમાં ઘણી વખત વર્ગખંડમાં શીખવવામાં શિક્ષકો મુશ્કેલી અને સમસ્યાઓ અનુભવે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણમાં ઘણા શિક્ષકો કોઈ ને કોઈ ઈનોવેશન કાર્ય કરી પ્રાથમિક શાળાની અને તેના વર્ગની ગુણવત્તા ઊંચી આવે તે માટે પ્રયત્ન કરતા હોય છે. પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમ્યાન ધ્યાનમાં આવેલ છે કે કેટલાક શિક્ષકો વર્ગશિક્ષણ કાર્ય રેગ્યુલર પદ્ધતિ ઉપરાંત અભ્યાસક્રમને સહાયક હોય તેવી પદ્ધતિ કે પ્રયુકિત મારફત વર્ગશિક્ષણ કાર્યને ઉત્તમ કક્ષાએ લઈ જાય છે.

પ્રાથમિક શાળા કક્ષાએ થઈ રહેલા કામોને વેગ આપવા માટે રાજય કક્ષાએ જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લા કક્ષાએ ઈનોવેશન સેલની રચના કરવામાં આવેલ છે, જે અંતર્ગત જિલ્લા કક્ષાએ થઈ રહેલા ઈનોવેટીવ કાર્યને વેગ આપવામાં આવે છે. શિક્ષકે પોતાની શાળામાં કે વર્ગખંડમાં ઈનોવેટીવ કાર્ય કરેલ હોય તેની દરખાસ્ત તૈયાર કરી તાલુકા કક્ષાએ જમા કરવામાં આવે છે. ઈનોવેટીવ શિક્ષકો સાથે ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, આ વર્કશોપમાં ઈનોવેટીવ શિક્ષકોએ શેરીંગ કરેલ. જિલ્લા કક્ષાએ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ. આ વર્કશોપના અંતે પ્રાથમિક શાળાના 43શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના 05 શિક્ષકો કુલ 48 શિક્ષકો જિલ્લા કક્ષાએ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેવાના.

આ 48 શિક્ષકોના ઈનોવેશનની માહિતી શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો – બુકમાં સ્ટોરી સ્વરૂપે મુકવામાં આવેલ છે, જે આગામી સમયમાં શિક્ષણ સાથે સંકળાયેલા લોકોને ઉપયોગી થશે.

શ્રી આર.પી. ભટ્ટ
કન્વીનર
જિલ્લા કક્ષા ઇનોવેશન ફેસ્ટીવલ
DIET -AMRELI

# અનુક્રમણિકા


| ક્રમ | વિભાગ | ઈનોવેટરનું નામ | શાળા | ઈનોવેશનનું નામ | પેજ |
|---|---|---|---|---|---|
| 1 | પ્રાથમિક | દેવમુરારી ચિરાગકુમાર આર. | નાગેશ્રી ક્લસ્ટર | Recap And Highlights | |
| 2 | પ્રાથમિક | મકવાણા સંજયભાઈ મેરૂભાઈ | શ્રી કોવાયા પ્રાથમિક શાળા. | પ્લાસ્ટિક ટુ પેન (પ્લાસ્ટિક મુક્ત શાળા) | |
| 3 | પ્રાથમિક | મિલન કુમાર પ્રકાશભાઈ જોશી | પી દેરડી જાનબાઈ .શ્રી.એમ. પ્રાથમિક શાળા | મોજીલું મેથ્સ | |
| 4 | પ્રાથમિક | વાળા નીલેશકુમાર બી. | સીસી વંડા.આર. | "ખજાનો ઇંગ્લિશ શબ્દોનો" | |
| 5 | માધ્યમિક | સોજીત્રા દયા એસ. | અમરાપુર પ્લોટ શાળા | " ભવ્યતા ભાષામંડળની " | |
| 6 | પ્રાથમિક | કોકીલાબેન જીજોશી. | શ્રી વડનગર પ્રાથમિક શાળા | આજનો સ્ટાર | |
| 7 | પ્રાથમિક | નિમ્બાર્ક ધર્મેન્દ્રભાઈ આર . | શ્રી તરઘરી પ્રાથમિક શાળા | ગણિત ગમવા લાગ્યું. | |
| 8 | પ્રાથમિક | સાદરાની જયદીપભાઈ કે | શ્રી મોટા ઝીંઝૂડા પ્રાથમિક શાળા | All in one box for science practical | |
| 9 | માધ્યમિક | ચાવડા મનુબેન ડાહ્યાભાઈ | શ્રી હજીરાધાર પ્રાથમિક શાળા | ભાષાનો ભોમિયો | |
| 10 | પ્રાથમિક | માંડવિયા જયેશકુમાર ભુપતભાઇ | શ્રી ગરમલી પ્રાથમિક (ચરખાં) શાળા | સ્વસ્થ બાળક, સ્વસ્થ સમાજ, સુખી દેશ | |
| 11 | પ્રાથમિક | ચાવડા ઉમેશ જેઠાભાઇ | દાનેવ સોશાળા.પ્રા., ચલાલા | પપેટ ગુરુ | |
| 12 | પ્રાથમિક | ઈલાબેન જયંતિભાઈ દેવમુરારી | શ્રી રાંઢીયા પ્રાઈમરી સ્કુલ | મારી આસપાસ રમતા સ્વરચિત જોડકણાં | |
| 13 | પ્રાથમિક | ભાલાણી હિનાબેન જે. | શ્રી અંટાળીયા પ્રાથમિક શાળા | મને પ્રિય મારુ પ્રાર્થના સંમેલન | |
| 14 | પ્રાથમિક | ઉપાધ્યાય વિભાકરભાઈ એલ. | શ્રી મોટા ઝીંઝૂડા પ્રાથમિક શાળા | ઇકો સિસ્ટમ અને આરોગ્ય માટે સામાજિક અને સાંસ્કૃતિક પ્રથાઓ | |
| 15 | પ્રાથમિક | દવે શીતલબેન પી. | શ્રી રોકડીયા હનુમાન પ્રા. શાળા | **HPC PROGESS CARD** | |
| 16 | પ્રાથમિક | કાતરીયા લખનભાઇ છગનભાઇ | શ્રી કોટડીપરાશાળા.પ્રા . | મારી સપનાંની શાળા | |
| 17 | પ્રાથમિક | દીક્ષિત કિશોરકુમાર આર. | શ્રી નાગેશ્રી કુમાર શાળા | સર્વે ભાષાણુ જનની - સંસ્કૃત ભાષા | |
| 18 | પ્રાથમિક | નિમાવત રામેશ્વરી બેન મણીલાલ | શ્રી વિઠ્ઠલપુર પ્રાથમિક શાળા | વિદ્યાર્થી જીવન વિકાસ અને લક્ષ્ય સિદ્ધિ માટે શ્રીમદ ભાગવત ગીતાના મૂલ્યો અને સિદ્ધાંતો | |
| 19 | પ્રાથમિક | મહેતા પ્રવીણભાઈ એમ . | શ્રી સમઢીયાળા પ્રાથમિક શાળા | MATHS. BRIDGE CORSE | |
| 20 | પ્રાથમિક | વાળા રાજેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ | શ્રી રાજપરડા પ્રાથમિક શાળા | સમતોલ આહાર ડાયરી | |
| 21 | પ્રાથમિક | ચાવડા પરેશકુમાર એમ. | શ્રી મોટા મુંજીયાસર પ્રા. શાળા | " પ્રોજેક્ટ પોર્ટફોલિયો " | |
| 22 | પ્રાથમિક | બનજારા જતીનભાઈ એ. | શ્રી પીઠવડી પેસેન્ટર શાળા. | EASY L. O. | |
| 23 | પ્રાથમિક | કોઠીયા વર્ષાબેન નાનજીભાઈ | શ્રી જ્ઞાન શાળા નંબર 4, સાવરકુંડલા | આત્મનિર્ભરતા તરફ એક કદમ.. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 24 | પ્રાથમિક | તેરૈયા પ્રજ્ઞા મનવંતરાય | શ્રી ગમા પીપળીયા પ્રા.શાળા | મેજીકલ અંગ્રેજી | |
| 25 | પ્રાથમિક | ગજેરા ભાવનાબેન જયંતિલાલ | શ્રી અનીડા પ્રા શાળા. | "Easy English" | |
| 26 | પ્રાથમિક | શાહ વર્ષાબેન એચ | શ્રી સાજણટીંબા પ્રાથમિક શાળા | Binary concept card sorting | |
| 27 | પ્રાથમિક | ખાંડેલ રાજેશભાઈ ભીખુભાઈ | શ્રી જામકા પ્રાથમિક શાળા | સર્જનથી સિદ્ધિ સુધી | |
| 28 | પ્રાથમિક | મનીષકુમાર એન સોન્ડાગર | શ્રી જૂની બારપટોળી પ્રા. શાળા | વિદ્યાર્થીનું ગેરહાજરી પત્રક | |
| 29 | પ્રાથમિક | પટેલ હેતાબેન પ્રકાશકુમાર | પીબાબરકોટ પ્રા .શ્રી.એમ.. શાળા | SPELLING LEARNING WITH ATTENDANCE | |
| 30 | પ્રાથમિક | જાગૃતિબેન જનકરાય રાજ્યગુરુ | શ્રી રાજુલા કન્યા શાળા નંબર 3 | આધુનિક રમકડા દ્વારા શિક્ષણ | |
| 31 | પ્રાથમિક | જોષી હિરેનકુમાર પ્રવિણચંદ્ર | પીએમ શ્રી કોટડી પ્રાથમિક શાળા | ઈપુસ્તકાલય - | |
| 32 | પ્રાથમિક | મેર આશાબેન ઠાકરશીભાઈ | પીએમ શ્રી કોટડી પ્રાથમિક શાળા | સામાજિકવિજ્ઞાન અધ્યાપનમાં પેડાગોજી | |
| 33 | પ્રાથમિક | સિંગલ બીન્દીયાબેન એમ. | શ્રી ઈંગોરાળા પ્રાથમિક શાળા | Std. 6 to 8 English Education | |
| 34 | પ્રાથમિક | દેવેનકુમાર નટવરલાલ ભટ્ટ | શ્રી ગોપાલગ્રામ કન્યાશાળા | બાળકો દ્વારા શિક્ષણકાર્યમાં ઈન્ટર એક્ટિવ પેનલનો ઉપયોગ | |
| 35 | પ્રાથમિક | જીગરકુમાર નટવરભાઈ પરમાર | શ્રી બ્રાન્ચ શાળા નં -8 સાવરકુંડલા | રોબોસ્કૂલ- | |
| 36 | પ્રાથમિક | વ્યાસ હેતલબેન વી. | શ્રી વંડા પેસેન્ટર પ્રાથમિક. શાળા | ડોલતી ઢીંગલી સાથે રમતા રમતા શિક્ષણ | |
| 37 | પ્રાથમિક | પટેલ નિરવકુમાર ચેતનભાઈ | શ્રી હાડિડા પ્રાથમિક શાળા | પ્રજ્ઞાવાટિકા | |
| 38 | પ્રાથમિક | ત્રિવેદી ભાવેશકુમાર આર. | શ્રી બાંટવાદેવળી પ્રાથમિક શાળા | Health is wealth | |
| 39 | પ્રાથમિક | બલોચ સમા વી. | શ્રી ડેડકડી પ્રાથમિક શાળા | MATHS WITH 3S song-slate-smart class | |
| 40 | પ્રાથમિક | પાઠક પંકજભાઈ અરવિન્દભાઈ | શ્રી નાના ભંડારિયા પ્રા. શાળા | સંસ્કૃત સંભાષણ | |
| 41 | પ્રાથમિક | સોડવડિયા હરેશકુમાર હિંમતભાઈ | શ્રી ભેંકરા પ્રાથમિક શાળા.ભેંકરા. | પસ્તી બન્યું પુસ્તક 2.0 | |
| 42 | પ્રાથમિક | જોશી ધવલ કુમાર જે, | શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળા | Shortcuts Maths Trick | |
| 43 | પ્રાથમિક | પંડ્યા દિપાલીબેન ડી. | પીબાબરકોટ પ્રા .શ્રી.એમ.. શાળા | આપણા ભવિષ્યની નવીનતાવર્ગખંડમાં: ટેકનોલોજીની જાદૂઈ અસર | |
| 44 | માધ્યમિક | **જેબલીયા ઉર્મિલાબેન દિલુભાઈ** | **શ્રી સરકારી મા. શાળા અકાળા** | **ગમ્મત સાથે વિજ્ઞાન** | |
| 45 | માધ્યમિક | **કુરેશી સલીમઅલ્તાફ સાબિરહુસેન** | **શ્રી દીપક હાઈસ્કૂલ અમરેલી** | **અમરેલી જિલ્લાના સ્વાતંત્રવીરોની ઝાંખી** | |
| 46 | માધ્યમિક | **બારડ માનસંગ ભુપતભાઈ** | **શ્રી જી એન દામાણી હાઇ. ધારી** | **આનાપાનનો (10મિનિટ(** | |
| 47 | માધ્યમિક | **બારૈયા અરજણભાઈ અમથુભાઈ** | **શ્રી લોકશાળા ખડસલી** | **સ્વંયમ રચીત માઈક્રોસ્કોપ** | |
| 48 | માધ્યમિક | **તેરૈયા પાર્થ ઉમેશભાઈ.** | **શ્રી સરકારી માધ્ય. અને ઉચ્ચ. માધ્યમિક શાળા .શાખપુર -** | **કિંધૂરા કરિયર એકેડેમી.** | |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

01

**ઈનોવેટરનું નામ** : દેવમુરારી ચિરાગકુમાર રમણીકલાલ **મોબાઈલ નંબર** 875884184

**શાળાનું નામ :** નાગેશ્રી ક્લસ્ટર **તાલુકો :** જાફરાબાદ **જિલ્લો : અમરેલી**



*Recap And Gighlight*

**સૌ પ્રથમ મારી સી.આર.સી.કો.ઓડીનેટર –લુણસાપુર ક્લસ્ટરમાં નિમણુક તા.14/ 10 /2022ના રોજ થઈ ત્યારબાદ મેં તમામ શિક્ષકોને સરળતાથી અને તમામ માહિતી ઉપલબ્ધ થાય તે માટે તમામ શિક્ષકોને Teacher's Group of Lunsapur Cluster માં એડ કર્યા.ગ્રુપ બનાવ્યા બાદ તમામ માહિતી, પરિપત્રો, માર્ગદર્શક સુચન આ ગૃપમાં શેર કરવાનું શરૂ કર્યું. થોડા દિવસો બાદ મારા દ્વારા ગૃપમાં શેર કરેલ પરિપત્રો, માહિતી વિશે શિક્ષકો કેટલું જાણે છે ? શિક્ષકો દ્વારા કેટલી બાબતોનો અમલ કરવામાં આવ્યો ? તે બાબતની ચકાસણી હાથ ધરી.**

**શિક્ષકો સાથે કરેલ વાતચીત અને ચકાસણી દ્વારા મને ખ્યાલ આવ્યો કે ગૃપમાં શેર કરેલ પરિપત્રો અને માહિતીથી ઘણા બધા શિક્ષકો અજાણ હતા, ત્યારબાદ મેં નક્કી કર્યું કે મારી રોજ –બરોજની શાળા મુલાકાત બાદ શિક્ષકો સાથે મીટીંગ કરવી.**

**લુણસાપુર ક્લસ્ટરની શાળાઓની મુલાકાત દ્વારા યોજવામાં આવેલ મીટીંગમાં મોટા ભાગના શિક્ષકોનો વાંચન પ્રત્યે રસ જાગૃત થયો. ત્યારબાદ પરિપત્રો, માહિતી અને માર્ગદર્શક સૂચનો બાદ NEP-2020 ના વિવિધ પ્રકરણો NCF-FS, SCF-FS અને NCF-SE, વિવિધ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વગેરે વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કર્યા બાદ શિક્ષકોને રૂચિ ઉત્પન્ન થતી જોવામળી અને પોતાના વર્ગમાં શૈક્ષણિક કાર્ય દરમિયાન વિવિધ ઇનોવેટીવ અધ્યયન –અધ્યાપન પ્રક્રિયાનો ઉપયોગ કરતા થયા.**

દેવમુરારી ચિરાગકુમાર રમણણીકલાલ
સી.આર.સી.કો.ઓ. નાગેશ્રી ક્લસ્ટર
તાલુકો :જાફરાબાદ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

02

ઈનોવેટરનું નામ : મકવાણા સંજયભાઇ મેરુભાઈ    મોબાઈલ નંબર : 9824818280

શાળાનું નામ : શ્રી કોવાયા પ્રાથમિક શાળા.    તાલુકો : રાજુલા    જિલ્લો : અમરેલી



## પ્લાસ્ટિક ટુ પેન ( પ્લાસ્ટિક મુક્ત શાળા )

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના છેવાડાનું દરિયા કિનારે આવેલ કોવાયા ગામ. ધોરણ 1 થી 8ની શાળામાં 250 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અલ્ટ્રા ટેક સિમેન્ટ, પાવર પ્લાન્ટ જેવી કંપની 24 કલાક ધમધમતી છે. શાળાના બાળકોને કંપની તરફથી બાળકોને નાસ્તા માટે તેમજ ચોકલેટ, બિસ્કિટ, વેફર વગેરે આપતા હોય છે, બાળકો ચોકલેટ, બિસ્કિટ, વેફર ખાઈને ગમે ત્યાં કચરો ફેકતા હતા. સ્વછતાના પ્રણેતા એવા મહાત્મા ગાંધીજીના સપનાંને સાકાર કરવા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત ભારત પ્રેરણા લઈ આ નવતર પ્રયોગ મારી શાળા પ્લાસ્ટિક મુક્ત શાળા શુભારંભ કરવામાં આવ્યો. જે વિધાર્થી પ્લાસ્ટિકની 10 બોટલ અને તેમાં ચોકલેટ, બિસ્કિટ, વેફર વગેરેના રેપર ભેગા કરી બોટલમાં ભરીને શાળામાં જમા કરાવશે તેમને 1 પેન આપવામાં આવે છે.આ પેન શાળાના ધોરણ 6 થી 8ના શાળા સમય બાદ પેન બનાવવાના મશીન દ્વારા પોતે જાતે બનાવે છે. અને બાળકો 100 પેન બનાવે તેને 2 પેન અને 10 રૂપિયા આપવામાં આવે છે. જે રકમ શાળાના રજીસ્ટરમાં જમા કરવામાં આવે છે. ધોરણ 1 થી 8 બાળકો શાળામાં કે ઘરે, દુકાન વગેરે જોવા મળતું પ્લાસ્ટિક તેમજ સોડાની બોટલ ભેગી કરે છે. અને શાળામાં જમા કરાવે છે. આ નવતર પ્રયોગ બાળકોને પ્રોત્સાહન રૂપે દાતાશ્રી તરફથી રૂપિયા 1,500=00 રોકડ રકમ મળી છે. જેમાં મહિનામાં સૌથી વધારે પ્લાસ્ટિકની બોટલ જમા કરાવી હોય તેને પ્રાર્થના સંમેલનમાં શાળાના એક કુમાર અને એક કન્યાને પર્યાવરણ સંરક્ષક માટે શૈક્ષણિક કીટ, મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવે છે. તેમજ રિશેષમાં અને શનિવાર શાળા સમયબાદ ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓ પેન પ્રોડક્ટ મશીન દ્વારા પેન બનાવવામાં આવે છે. શનિવાર શાળા સમયબાદ ગામમાં શેરી – મહોલ્લા, ચોક, બજારમાં વિવિધ દુકાન પાસે પ્લાસ્ટિક બોટલ, વેસ્ટ પ્લાસ્ટિક માટે વ્હીલ ટ્રોલી વિદ્યાર્થીઓ દ્વારા બજારમાં સફાઈ કરવામાં આવે છે. સાથે પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકની બોટલ એકત્ર કરવામાં આવે છે. ધોરણ 1 થી 8ના વર્ગખંડમાં દરેક બાળકોનું દરરોજ રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. દર શનિવારના રોજ શાળા સમય બાદ વ્હીલ ટ્રૉલી દ્વારા શેરી – મહોલ્લા, ચોક, બજાર માં પ્લાસ્ટિકની બોટલ, વેસ્ટ પ્લાસ્ટિક અલગ – અલગ ડસ્ટબિનમાં એકત્ર કરવામાં આવે છે.

આ નવતર પ્રયોગ પ્લાસ્ટિક ટુ પેન શાળામાં જે વેસ્ટ પ્લાસ્ટિક જોવા મળતું હતું તે હાલ 90 ટકા સફળતા જોવા મળી છે. બાળકો પોતાના વર્ગમાં કે શાળાના મેદાનમાં વેસ્ટ પ્લાસ્ટિક લઈ વેસ્ટ પ્લાસ્ટિકની બોટલમાં ભરી લે છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં વેસ્ટ પ્લાસ્ટિક અને પાણી - સોડાની વેસ્ટ બોટલ હાલ અત્યાર સુધીમાં શાળાના બાળકો દ્વારા 300 ઉપરાંત જેટલી બોટલ જમા થયેલ છે. અને હાલ આ નવતર પ્રયોગ પ્લાસ્ટિક ટુ પેન (પ્લાસ્ટિક મુક્ત શાળા) શરુ છે.

મકવાણા સંજયભાઇ મેરુભાઈ

ઉ.શિ. શ્રી કોવાયા પ્રાથમિક શાળા તા-રાજુલા


समग्र शिक्षा
Samagra Shiksha
શ્રી કોવાયા પ્રાથમિક શાળા
તા. રાજુલા, જી. અમરેલી.
પ્લાસ્ટિક મુક્ત ભારત
“સ્વચ્છ ભારત અભિયાન”
સ્વચ્છતા
હી
સેવા...
No Plastic Bags








SAY NO TO PLASTIC

સ્ટોલ નંબર

03


ઈનોવેટરનું નામ : જોષી મિલીનકુમાર પ્રકાશભાઈ   મોબાઈલ નંબર : 8141312256

શાળાનું નામ : પીએમશ્રી દેરડી જાનબાઈ પ્રા. શાળા તાલુકો : લાઠી   જિલ્લો : અમરેલી




## મોજીલુ મેથ્સ

અમરેલી થી પૂર્વ દિશામાં જિલ્લાની સરહદે આવેલું લાઠી તાલુકાનું ગામ જ્યાં માં જાનબાઈ સાક્ષાત બિરાજી રહ્યા છે તેવું દેરડી જાનબાઈનું ગામ. પીએમશ્રી દેરડી જાનબાઈ પ્રાથમિક શાળાની ધોરણ 1 થી 8 ની કુલ સંખ્યા 450 આસપાસ છે ત્યાં હું ધોરણ 6 થી 8 માં ગણિત વિષય ભણાવુ છું. શિક્ષણ દરમીયાન અનુભવ્યું કે ગણિતમાં બાળકોને રુચિ ઓછી લાગી રહી છે તેમજ લાંબા ગાળે બાળકો જરૂરી મુદ્દા ભૂલી રહ્યા છે જેના લીધે અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.જો કંઈક નવી રીતે ગણિત શીખવવામાં આવે તો બાળકોને ગણિત પ્રત્યે રુચિ જાગે તેમજ લાંબા ગાળે પણ ગણિતના જરૂરી મુદ્દાઓ યાદ રહે તો અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવામાં ધાર્યું પરિણામ મેળવી શકાય.

જ્યારે કોઈ બાબત કશીક નવીનતા પૂર્ણ રીતે મૂકીએ તો એ રસપૂર્ણ અને નૂતન પરિણામો આપનારું બની રહે છે અમારી શાળાનો શૈક્ષણિક પ્રવાસ દ્વારકા ગયો ત્યારે બસમાં બાળકો ગીતોની અંતાક્ષરી રમી રહ્યા હતા અને બધા જ બાળકો રસથી તેમાં સામેલ હતા જ્યારે જ્યારે પ્રખ્યાત ગીતો આવે ત્યારે તો દરેક બાળકો મોજથી ભૂલ વગર તાલમાં મોઢે ગીતો ગાતા હતા. આ જોઈ મને વિચાર આવ્યો કે હું આ પ્રખ્યાત ગીતોના મ્યુઝિકનો ઉપયોગ કરી ગણિતની અઘરી લાગતી અધ્યયન નિષ્પત્તિ સરળ બનાવવા વિચાર્યું .

પ્રખ્યાત ગીતો જેવા કે ભલા મોરી રામા ગીત દ્વારા પુરકકોણ, અભીકોણ ,અનુકોણ ,યુગ્મકોણ રૈખિક જોડ ,અંતઃકોણ ની સમજ આપી.


માટલા ઉપર માટલું ગીત દ્વારા ઘાત અને ઘાતાંક ના નિયમો ની સમજ આપી.,ગોતી લો ગીત દ્વારા લઘુકોણ ,કાટકોણ અને ગુરુકોણ ની સમજ આપી. જમાલ કુડુ ગીતો દ્વારા મધ્યક ,મધ્યસ્થ અને બહુલક ની સમજ આપી આવા ઘણા ગીતોના શબ્દો ફેરવીને ગણિતની મુશ્કેલી લાગતી અધ્યયન નિષ્પત્તિના શબ્દો લઈ કરાઓકે મ્યુઝિક સાથે જ્યારે હું બાળકો સામે ગયો અને ગીતો રજૂ કર્યા ત્યારે ક્લાસરૂમ વાતાવરણ મોજીલુ બની ગયું ગણિત પ્રત્યેનો હાવ દૂર થતો જોવા મળ્યો બાળકો હોંશે હોંશે કરાઓકે માં ગીતો ગાવા લાગ્યા જે બાળકો માટે નવીન અને રોચક હતુ મનગમતા ગીતો હોવાથી યાદ પણ રહેવા લાગ્યા અને આપણું કામ સહેલું થઈ ગયું.

આ પદ્ધતિના ઉપયોગથી વિવિધ અધ્યયન નિષ્પતિઓની સિદ્ધિઓ તપાસવામાં આવી જેમાં નોંધપાત્ર સુધારો જણાયો અને બાળકો સંગીતના તાલ અને લય થી પરિચિત થયા તેમજ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થતી જણાય.તેથી આવા બીજા ગણિતના ગીતો લખવા પ્રત્યે હું ખૂબ જ ઇન્સ્પાયર થયો.



જોષી મિલિનકુમાર પ્રકાશભાઈ

આ.શિક્ષક

પીએમ શ્રી દેરડી જાનભાઈ પ્રાથમિક શાળા તાલુકો - લાઠી






ઘાત ઉપર ઘાત
ગોતો હવે જવાબ તમે

હે ઘાત ઉપર ઘાત —③
ને હોંસ હોય જો સાથે

હે ઘાત ઉપર ઘાત
ને હોંસ હોય જો સાથે
કરજો ગુણાકાર નહીતર
નહી મળે જવાબ તમને

આધાર હોય જો સરખાને હોય જો ગુણાકાર —③
કરજો ઘાતનો સરવાળો
નહી તર નહી મળે જવાબ તમનો —②

આધાર હોય જો સરખાને હોય જો ભાગાકાર —③
કરજો ઘાતની બાદબાકી
નહી તર નહી મળે જવાબ તમને



* હવે ચડતાક્રમમાં સંખ્યાને ગોઠવો
સંખ્યા ગોઠવાય જાય પછી
વચ્ચેની સંખ્યા જોવો —①

મધ્યસ્થ મધ્યસ્થ રે
મળશે તમને મધ્યસ્થ મધ્યસ્થ —②

બહુલક બહુલક રે
ગોતો હવે બહુલક બહુલક —②

વધુ આવે એ સંખ્યા છે
બહુલક બહુલક —③

M718 - વિદ્યાર્થીઓ રોજિંદા જીવનની માહિતી પરથી પ્રતિનિધિત્વ દર્શાવતી કિંમત શોધે છે.

* મધ્યક, મધ્યસ્થ, અને બહુલક શોધે.
(સરાસરી)

* જમાલ કુડુ ટ્રેન્ડ સોંગ *

⇒ આવી સંખ્યા એક સાથે ભેગી બધી રે
હવે તેનુ શુ કરશુ મધ્યક ગોતવા રે —②
સરાસરી રે કહેવાય એને સરાસરી —②
(* મ્યુઝીક *)
સંખ્યાનો કરો સરવાળો
એને ભાગો કુલ સંખ્યાથી —②

મળશે તમને રે સરાસરી
સરાસરી સરાસરી
મળશે તમને રે ~~સરાસરી~~ મધ્યક
મધ્યક મધ્યક
મળશે તમને રે સરાસરી
સરાસરી સરાસરી
મળશે તમને રે મધ્યક, મધ્યક, મધ્યક

મધ્યસ્થ મધ્યસ્થ રે
ગોતો હવે મધ્યસ્થ મધ્યસ્થ —②
* મ્યુઝીક

સ્ટોલ નંબર

04


ઈનોવેટરનું નામ : નિલેશકુમાર બાલુભાઈ વાળા. મોબાઈલ નંબર : 9313184341

શાળાનું નામ : CRC - વંડા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી




## ખજાનો ઇંગ્લિશ શબ્દોનો

અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાનાં વંડા વિસ્તારની તમામ શાળાઓ-તેમજ વંડા વિસ્તારનાં ગામો કે જ્યાં સિંહ-દર્શન અવારનવાર થાય છે;ત્યાંની આવાત છે.

એક CRC તરીકે દરેક શાળામાં ફરતાં ફરતાં બાળકોનાં ભાવાવરણ દ્વારા તેમજ ક્લાસ નિરીક્ષણ દરમિયાન - પ્રશ્નોતરી દરમિયાન તેમજ એકમ કસોટીઓના આંકડા જોતાં જણાયું કે બાળકોને અંગ્રેજી ભાષા શીખવામાં-સમજવામાં ઘણી મુશ્કેલી પડી રહી છે.આ મુશ્કેલીનું મુખ્ય કારણ બાળકો ઇંગ્લિશ સ્પેલિંગ જાણતા ન હોવાથી ઘણી મુશ્કેલી આવી રહી હતી. બાળકોને અંગ્રેજી શબ્દોની માહિતી મેળવવી તેમજ સ્પેલિંગ પાક્કા કરવાં ઘણાં મુશ્કેલ હતાં.ત્યારે ધીરે-ધીરે ગૃપની શાળા એવી શ્રી મેકડા પ્રા.શાળામાં નવાં નવાં TLM ,મોડ્યુલ ,શો-પીસ બનાવી રૂમમાં શણગારરૂપે મુકવામાં આવતાં ;બાળકોમાં રંગબેરંગી પેઈજ -ચિત્રો-શણગાર વગેરે જોઈ -અનુભવી શીખવામાં રસ જાગવા લાગ્યો.બાળકો રિસેસ સમયમાં તેમજ ફ્રી સમયમાં રમતાં-રમતાં, વસ્તુઓ જોતાં-જોતાં શીખવા લાગ્યાં .સાથે-સાથે નવાં TLM, મોડયુલ, શો-પીસ વગેરે બનાવી સાથે રૂમને બાળકો દ્વારા શણગારવામાં આવી.

રંગબેરંગી કાગળ, મોતી-ચીટક, ફૂલ, પ્લાસ્ટીકની દોરી, રમકડાં, બનાવેલાં મોડયુલ વગેરેં જોઇને બાળકો રમવા લાગ્યાં,ને ધીરે-ધીરે શીખવાની પદ્ધતિમાં ફેરફાર થવા લાગ્યાં. બાળકોનાં શીખવાના રસમાં વધારો થવા લાગ્યો.ધીરે-ધીરે બાળકો પણ આ પ્રક્રિયામાં જોડાયા.નવાં મોડયુલ,શો-પીસ બનાવી રૂમને શણગારવા લાગ્યાં.આવી રીતે શીખવાની પ્રક્રિયામાં ઝડપ આવી,તેમજ દરેક ધોરણના બાળકોની રૂચી વધી ને ઇંગ્લિશ શબ્દો શીખ્યા.છેવટે ઇંગ્લિશ શબ્દોનો હાવ દૂર થવા લાગ્યો,ને Play based learning & Toy based learning ની નવી પ્રવૃતિમાં બાળકોનો સફળ પ્રયોગ કારગર બન્યો.

બાળકોને ભાર વગરનું ભણતર ભણવાની મજા પડે છે.બાળકો ઉત્સાહથી રમતો રમતાં, હાલતા-ચાલતા,ગણગણતા ઇંગ્લિશ શબ્દોને એક રમત તરીકે લઇ શીખી રહ્યાં હતાં.આ પદ્ધતિ અતિ ઉત્સાહજનક રહી;તેમજ શિક્ષકનો રોલ ફક્ત એક ફેસીલેટર તરીકેનો જ રહે છે.ને બાળકો શીખવા આગળ આવતાં જાય છે.નવાં-નવાં મોડયુલ,TLM,શો-પીસ થી બાળકની રૂચિ કેળવાય છે; ને બાળક અભ્યાસોન્મુખ બને છે.

નિલેશકુમાર બાલુભાઈ વાળા
CRC co. - વંડા સાવરકુંડલા




ALPHABET

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી
## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર **05**

ઈનોવેટરનું નામ : સોજીત્રા દયાબેન સમજૂભાઈ    મોબાઈલ નંબર : 8153987599

શાળાનું નામ : શ્રી અમરાપુર પ્લોટ શાળા    તાલુકો : કુંકાવાવ    જિલ્લો : અમરેલી



# "ભવ્યતા ભાષામંડળની"

**"દર્શન વિવિધ પ્રવૃત્તિના કરાવે છે, આ ભવ્યતા ભાષામંડળની ,<br>ઉંચી આસમાની ઉડાન ભરાવે છે, આ ભવ્યતા ભાષામંડળની."**

જ્યાં સાતેય પ્હોર સંતોના ધુણા અવિરત ધગધગતા હોય એવી, સંત-શુરા અને વીર શહીદોની ભૂમિ એટલે મારા અમરાપુરની ભૂમિ, જ્યાં છેલ્લા દસ વર્ષથી હું વિધાદાન આપું છું. કહેવાય છે કે મન હોય તો માળવે જવાય આ શબ્દોને ધ્યાનમાં રાખી ભાષા મંડળની વિવિધ પ્રવૃત્તિ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ થાય તે હેતુસર આ ભવ્યતા ભાષા મંડળની વર્ગના શ્રીગણેશ કર્યા. શાળાના બાળકો વિવિધ વિષયમાં ભાષાકીય ભૂલો અવાર-નવાર કરતા હતા જેનું નિરાકણ કરવા માટે મેં આ પ્રોજેક્ટ હાથ પર લીધો.

આજની વાલીઓની અંગ્રેજી માધ્યમની દોડ-ધામ વચ્ચે માતૃભાષાને ટકાવવા માટે મેં મારા ભાષામંડળને ભવ્ય અને સમૃદ્ધ બનાવવા માટે ઘણા સમયથી વિવિધ પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ્સ, મોડેલ્સ અને વિવિધ હસ્તલિખિત અંકોનું નિર્માણ કરીને વર્ગને સ્વર્ગ બનાવવાનો પ્રયત્ન કરેલ છે.

ગુજરાતી ભાષામાં બાળકોનું જ્ઞાન વિશિષ્ટ રીતે ખીલે તે માટે વિવિધ અંકો, પ્રોજેક્ટસ જેવા કે ભાષામંડળ પાર્ક, કહેવત કાર્ટુન, વિરામચિહ્ન વન, શબ્દબોક્સ, ભાષાવન, સ્વરચિત કાવ્યવૃક્ષ, કવિ કલ્પવૃક્ષ, કવિતા-સીડી, સ્લોગનવન, વગેરે જેવા ૩૫ થી ૪૦ હસ્તલિખિત અંકો પ્રવૃત્તિઓ અને મોડેલોનું નિર્માણ કરીને બાળકોની ભાષા સમૃદ્ધિમાં વધારો કરવાનો પ્રયત્ન કરેલ છે, આ જોતા સંપૂર્ણ આદર્શ વાંચન, લેખન સાથે ભાષા પ્રત્યે રસ, રુચિનું કૌશલ્ય વિકસ્યું જેના લીધે આજે મારા ભાષા મંડળના વર્ગમાં સ્વર્ગ જેવી અનુભૂતિ થાય છે.

વિધાર્થીઓ કલા ઉત્સવમાં, કાવ્ય લેખન, સંગીત વાદન અને વાર્તા કથનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી તાલુકા, જિલ્લા, ઝોન અને રાજ્ય કક્ષાએ પ્રથમ આવી શાળાનું ગૌરવ વધારેલ છે.

**સંત છે, શુરા છે શેરનાથનો અખંડ ધૂણો છે,<br>રક્ષા કરે રોજ મુક્તાનંદ, આ મારું અમરાપુર છે.**

**સોજીત્રા દયાબેન સમજૂભાઈ**<br>**આ.શિક્ષક**<br>**શ્રી અમરાપુર પ્લોટ શાળા તા. કુંકાવાવ**


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


G 20
PSC
REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA


PSC


REDMI NOTE 5 PRO
MI DUAL CAMERA

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

**06**

ઈનોવેટરનું નામ : કોકીલાબેન જી જોશી    મોબાઈલ નંબર : 7359511373

શાળાનું નામ : વડનગર 1 પ્રાથમિક શાળા    તાલુકો : રાજુલા    જિલ્લો : અમરેલી



## ★ આજનો સ્ટાર ★

રાજુલા તાલુકો એ અમરેલી જિલ્લાનો પથ્થરોનો વિસ્તાર છે કાંઠા નો વિસ્તાર છે છેવાડા નો વિસ્તાર છે જેને છેવાડા નો વિસ્તાર કહેવામાં આવે છે પથ્થરોના શહેર એવા  રાજુલા શહેરમાં માણસો પથ્થરોને ટાંકણા ટાકી ટાકીને ઘાટ આપે છે સુંદર મજાના ઘંટલા ,ઓરસ્યા ,ખાંડણીયા, બનાવી રહ્યા છે જ્યારે અહીંની શાળામાં આવા ટાંકણા ટાકી ટાકીને શિક્ષણ કાર્ય કરાવતા કોકીલાબેન જ્યારે વર્ગમાં ભણાવવાની શરૂઆત કરતા ત્યારે તેમને એવું લાગ્યું કે બાળકો રમતગમત સિવાય બીજું કશું યાદ રાખતા નથી બાળકોને બસ રમવું રમવું રમવું એવું રહેતું હતું આવા સંજોગોમાં આ બહેને તેમની પાસે રહેલી નવતર પ્રયોગોને અજમાવવાનો પ્રયાસ કર્યો બાળકોને શાંત બેસાડીને ધ્રુવના તારાની વાર્તા કરી વાર્તા દ્વારા બાળકોને સમજાવ્યું કે ધ્રુવનો તારો કેવો આકાશમાં ચમકે છે તેવી જ રીતે જો બાળકો આપણે પણ એક ધ્યાન થઈને એકજામ થઈને ક્લાસમાં ક્લાસમાં ભણીએ તો આપણે પણ ભણ્યા તો આપણે પણ જરૂરથી આપણા ક્લાસમાં ચમકી શકીએ અને આપણે પણ સારા બની શકીયેઅને જેની ચમક આપણે આપણા ક્લાસમાં ચમકાવી શકીયેબાળકો આપણે પણ આપણા વર્ગમાં ચમકવાનું છે આવું કહીને સરસ મજાની પ્રવૃત્તિ કરાવે બાળકોને ધ્યાનથી સાંભળવાનું કહે અને અને એકમ આધારિત પ્રશ્નો પ્રશ્નો પૂછે અને સમગ્ર ક્લાસમાં બાળકોએ બોલી જવાનું નહીં પરંતુ ઊભા થઈને શિક્ષક શિક્ષક બેન ના કાનમાં જવાબ કહી જવાનો ઊભા થઈ ને બોલી જવાનૂ ન હી બીજા બાલકો ને પણ વિચિરવા માટે  સમય આપવાનો.જવાબ શિક્ષક ના  કાન માં આવી ને કહી જવાનું ્આવી સમજણ આપી અને સાચો જવાબ આપનાર બાળકોને અલગ તારવીને તેમને સાચો જવાબ ક્લાસમાં બધાને જણાવવાનું કહેવામાં આવે છે બાળકો તેમનો જવાબ ક્લાસમાં કહે છે સાચો જવાબ આવે ત્યારે બાળકોને ત્રણ તાળીનું માન આપે છે ? બનાવેલો બે જ પહેરાવે છે અને ઇનામ જેવું કે પેન,પેન્સિલ, બુક, કલર વિગેરે આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે આવી નવીન પદ્ધતિથી બાળકો સાથે ખૂબ જ આત્મીયતા ભર્યાવ્યવહારથી શિક્ષણકાર્ય કરાવે છે તેમના તેમના આ પ્રયોગથી શાળામાં ધોરણ એક બે ના પ્રજ્ઞા વર્ગના 25 બાળકો માટે બાળકોમાંથી 25 બાળકોમાંથી 20 બાળકોની મૌખિક અભિવ્યક્તિનો ખૂબ જ સારો વિકાસ થયો છે બાળકો આત્મવિશ્વાસથી જવાબ આપતા થયા છે અને બાળકોનો જવાબ આપવાનો અને સાર બનવાનો જોઈને બીજા બાળકો પણ આગલા દિવસે સાર બનવા માટે ભણવાનું એકમ અનુસંધાન બધું યાદ રાખતા થયા છે આમ સમગ્ર વર્ગમાં ખૂબ જ સારું શિક્ષણ બાળકો મેળવે છે બહેન શ્રી ના આ નવતર નવતર પ્રયોગથી ધોરણ એક બે ના બાળકો એક બીજા સાથે નંદુ લાગશે ભણી રહ્યા છે. હુ સ્ટાર બન્યો મને ઘણું બધું આવડી ગયું ઘણું બધું સમજાઇ ગયું. મારી મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થયો છે મારી શરમ દૂર થઈ રહી છે એક બાળક.

કોકીલાબેન જી જોશી
આ.શિક્ષક
વડનગર 1 પ્રાથમિક શાળા રાજુલા


આજના સ્ટાર
EATING
BATHING
SKIPPING
SLEEPING
PACKING


"સાચું સ્વર્ગ માતાના ચરણો માં છે."
આજનો સ્ટાર → હર્ષિત-તક્ષ, પ્રભા, પ્રિયાંશી
પ્રશ્ન-૧ શનિવારે શાળામાં શું કર્યું?
પ્રશ્ન-૨ ત્યારબાદ શું કર્યું?
ઈનામ મેળવનાર-સ્ટાર
JUMPING
EATING
BATHING
SKIPPING
SLEEPING
KNOCKING
Shot on OnePlus
Powered by Triple Camera



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

07



ઈનોવેટરનું નામ : નિમબાર્ક ધર્મેન્દ્રભાઈ આર. મોબાઈલ નંબર : 9978702983

શાળાનું નામ : શ્રી તરઘરી પ્રાથમિક શાળા તાલુકો : કુંકાવાવ જિલ્લો : અમરેલી

## " ગણિત ગમ્મા લાગ્યું "

"સદગુણ ની પાછળ પરીક્ષાના ગુણ ખેંચાઈને આવે છે. જેમ સૂર્યનો પ્રકાશ જો તરફ વહેંચાઈને આવે છે."

અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકામાં આવેલી અમારી તરઘરી પ્રાથમિક શાળા છે જેમાં ધોરણ એક થી આઠ ના બાળકો અભ્યાસ કરે છે તે અંતર્ગત ધોરણ પાંચ થી આઠ ના બાળકો ના ગણિત વિષયને સરળ અને રૂચીકર બનાવવા માટે મને ગણિતના બાળકોને જે મુદ્દા કઠિન લાગતા હતા તે મુદ્દાને સરળ રીતે સમજાવવા માટે ગણિતના ઘણા અલગ અલગ મોડલનો નિર્માણ કરવાનો વિચાર આવ્યો.

ગણિતના અઘરા મુદ્દાઓને સરળતાથી સમજાવવા માટે ધોરણ પાંચ થી આઠ ના વિદ્યાર્થીઓ માટે જે ટીએલએમ નું નિર્માણ કરવામાં આવ્યું છે તેનો વર્ગખંડ પ્રક્રિયા દરમિયાન ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સમક્ષ સરળ સમજ આપવામાં આવે છે આમાંથી બનાવેલ વિવિધ આકારો અને આકૃતિઓ લઈ તેનો વારાફરથી મેચ પરિભ્રમણ કરાવીને બાળકો સમક્ષ પ્રાયોગિક રીતે સમજ આપવામાં આવી એ ઉપરાંત થ્રીડી મોડલ અને ગણન યંત્ર તેમજ ચોરસ લંબચોરસ વર્તુળ ની વિવિધ આકૃતિઓ દ્વારા બાળકોને તેના ગુણધર્મો સુત્રો વગેરેનું સરળ રીતે સમજ આપી અને બાળકો રિસેસમાં પણ તેનું દ્રઢીકરણ કરી શકે તે માટે અહીં
બાળકો ને રમવા માટે આપવામાં આવતી હતી.

ત્યારબાદ બાળકોનું મૌખિક તેમજ લેખિત મૂલ્યાંકન માટે જે તે ટોપીકની દરેક બાળકોની ટેસ્ટ લેવામાં આવી વિશેષ સમય કે ફ્રી તાસ દરમિયાન બાળકો રમતા રમતા પણ પોતાનું મૂલ્યાંકન જાતે કરે છે ગણિતને પ્રવૃત્તિમય બનાવવાથી બાળકો ને ગણિતમાં ગોખણપટ્ટી બંધ થાય અને વિષય રુચિકર બન્યો બાળકો અંદરો અંદર ગણિતના દાખલા સોલ્વ કરવામાં હરીફાઈ કરતા થયા ધોરણ છ થી આઠ ના વર્ગના 80% થી વધુ બાળકો જે તે ટોપીક ને લગતી અધ્યયન નિષ્પતિ ઝડપથી સિદ્ધ કરી શક્યા.

આભાર

નિમબાર્ક ધર્મેન્દ્રભાઈ આર.
આ.શિક્ષક
શ્રી તરઘરી પ્રાથમિક શાળા તા.કુંકાવાવ







# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

08

ઈનોવેટરનું નામ : સાદરાણી જયદીપ કુમનલાલ    મોબાઈલ નંબર : 9712070527

શાળાનું નામ : શ્રી મોટાઝિંઝૂડા પ્રાથમિક શાળા  તાલુકો : સાવરકુંડલા  જિલ્લો : અમરેલી



# All in one box for science practical

આજનો યુગ ઝડપી યુગ છે. Hardworkની બદલે જો Smartwok કરવામાં આવેતો સમયની બચત કરી શકાય છે. ધોરણ 6 થી 8ના વિજ્ઞાન વિષયના ચેપ્ટરમાં ઘણી બધી પ્રવૃત્તિ પ્રયોગ આવે છે. પરંતુ 35 મિનિટના લેક્ચરમાં સાધન સામગ્રી ભેગી કરવામાં સમય લાગે છે તેથી બધી જ પ્રવૃત્તિ કરવી શક્ય બનતી નથી બાળકોને વિજ્ઞાન વિષયમાં ઓછો રસ પડે છે બાળકોની વિજ્ઞાન વિષય પ્રત્યેની ઉત્સુકતા ઓછી જોવા મળી.

ઉપરોક્ત સમસ્યાને ધ્યાને લઇ વિજ્ઞાન વિષયમાં જો તમે કથન પધ્ધતિ સિવાય એક લેક્ચરની અંદર બે થી ત્રણ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો ઝડપથી અને કંટાળા વગર, બાળકોને રસ પડે એવી રીતે તે શીખી શકે છે. તેથી અમે ધોરણ 6 થી 8 ના વિજ્ઞાન વિષયના તમામ ચેપ્ટરઓમાં આવતી તમામ પ્રવૃત્તિ પ્રયોગની સાધન-સામગ્રી પાંચ – છ દિવસની સખત મેહનતથી એક સાથે એકઠી કરી અને ધોરણ અને ચેપ્ટર વાઈઝ તેના બોક્સ કરી દીધા. જેથી ધોરણ અને ચેપ્ટર વાઈઝ આવતી તમામ પ્રવૃત્તિ પ્રયોગની સાધન સામગ્રી સરળતાથી મળી રહેવાથી તમામ પ્રવૃત્તિ પ્રયોગ કરવી શક્ય બની.

બાળકોની એકમ કસોટી અને સત્રાંત્ર કસોટીમાં વિજ્ઞાન વિષયમાં પહેલા કરતા વધારે ગુણ જોવા મળ્યા બાળકો વૈજ્ઞાનિક શબ્દોથી સવિસ્તૃત વર્ણન કરતા જોવા મળ્યા બાળકો ની વિજ્ઞાન વિષય પ્રત્યેની ઉત્સુકતા વધી.

ધોરણ 6 થી 8 ના 90% બાળકોને વિજ્ઞાન વિષયમાં રસ પડ્યો અને તેની ઉત્સુકતા વધુ જોવા મળી પેહલા કરતા વધારે પ્રવૃત્તિઓ પ્રયોગ કરવી શક્ય બની.

સાદરાણી જયદીપ કુમનલાલ
આ.શિક્ષક
શ્રી મોટાઝિંઝૂડા પ્રાથમિક શાળા
તા.સાવરકુંડલા


ધો-7 પાઠ-1
ધો-7 પાઠ-2
ધો 7 પાઠ-3
ધો-7 પાઠ-4
ધો-7 પાઠ-5
ધો-7 પાઠ-6
ધો7 - પાઠ-7
ધો-7 પાઠ-9
ધો-7 પાઠ-11
OPPO F17 Pro
2025.02.04 08:14


ધો-6 પાઠ-1
ધો-6 પાઠ-2
ધો-6 પાઠ-3
ધો-6 પાઠ-4
ધો-6 પાઠ-5
ધો-6 પાઠ-7
ધો-6 પાઠ-8
ધો-6 પાઠ-9
ધો-6 પાઠ-10
ધો-6 પાઠ-11
ધો-7 પાઠ-1
ધો-7 પાઠ-2
ધો 7 પાઠ-3
ધો-7 પાઠ-4
ધો-7 પાઠ-5
ધો-7 પાઠ-6
ધો7 - પાઠ-7
ધો-7 પાઠ-9
ધો-7 પાઠ-11

સ્ટોલ નંબર **09**


ઈનોવેટરનું નામ : ચાવડા મનુબેન ડાહ્યાભાઈ મોબાઈલ નંબર : 9909322270

શાળાનું નામ : શ્રી હજીરાધાર પ્રાથમિક શાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી




# "ભાષાનો ભોમિયો"


વિશ્વ કવિ રવીન્દ્રનાથ ટાગોરે માતૃભાષાનો મહિમા કરતા કહ્યું છે કે, 'માતૃભાષા એ તો માતાનું ધાવણ છેઅને બાળકને તો માતાનું ધાવણ જ વિકસાવે છે મજબૂત બનાવે છે.'નવી શિક્ષણ નીતિ 2020માં પણ માતૃભાષા પર વધારે ઝોક આપવામાં આપવામાં આવ્યો છે હું ચાવડા મનુબેન ડાયાભાઈ લાઠી તાલુકાની હજીરાધાર પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે અને ધોરણ છ થી આઠમાં ભાષા શિક્ષક તરીકે ફરજબજાઉ છું મારી સમસ્યા ધોરણ 5માંથી છઠ્ઠા ધોરણમાં આવતા બાળકોને વ્યાવહારિક વ્યાકરણમાં પડતી તકલીફ અને સામયિક મૂલ્યાંકન કસોટીમાં થતું ઓછું ગુણાંકન, દૈનિક પ્રાર્થના સભામાં જોવા મળતી મૌખિક અભિવ્યક્તિમાં તકલીફ અને સ્વતંત્ર લેખનમાં વાક્ય રચનાની ભૂલો, ભાષા શિક્ષક તરીકે બાળકોની આ ભૂલોને ચલાવી ન લેવાય. તે દ્રઢ નિર્ણય સાથે થયો આ નવતર પ્રયોગનો જન્મ અને મેં આરંભ કર્યો.


વર્ગખંડમાં શિક્ષણ કાર્ય દરમિયાન આ કચાશ દૂર કરવાનો. સૌપ્રથમ બાળકોને સ્વતંત્ર લેખન અને અનુલેખન કરાવતી આમાં આવતા અનુગો અને નામ યોગીઓ વાક્ય રચનામાં કઇ રીતે આવે? તેની સમજ આપતી અને લેખનને વધારે સારી રીતે બોલતું કરવા માટે વિશેષણ ક્રિયાવિશેષણ શબ્દોના અર્થભેદ લોક બોલીના શબ્દો નામ સર્વનામ વગેરે એકમના અંતે આવતું ભાષા સજ્જતા ઉદાહરણ આપી સમજાવતી અને અને લેખનના મહાવરા માટે ઘેરથી લખી લાવવા કહેતી અને બાળકોની ટેસ્ટ લેતી બાળકોને સારા માર્ક્સ આવે એટલે ખુશ થાય.

બાળકો આ પ્રવૃત્તિ સારી રીતે કરે એટલે તેમને પ્રોત્સાહન આપવા માટે પ્રાર્થના સભામાં મૌખિક અભિવ્યક્તિ કરાવતી ફકરો વાંચન સુવિચાર જાણવા જેવું વગેરે મૌખિક અભિવ્યક્તિ દ્વારા જે બાળકે સારો દેખાવ કર્યો હોય તેમને પ્રોત્સાહન માટે પેન અને નોટબુક વગેરે વસ્તુઓથી બાળકોને પ્રોત્સાહિત કરતી જેથી બાળકો વધારે સારી રીતે તૈયાર થઈને પ્રાર્થના સભામાં ભાગ લે જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લે. આમ પાયાનું ભાષા શિક્ષણ આપી શકી.

મારા આ ઈનોવેશનથી બાળકો ભવિષ્યમાં આવનારી સ્પર્ધાત્મક પરીક્ષા ઓમા એ સરળતાથી મહેનત કરી સારુ પરિણામ મેળવી શકશે. માતૃભાષાની સજ્જતાથી તે અંગ્રેજી સંસ્કૃત અને હિન્દી ભાષાનું વ્યવહારિક વ્યાકરણને ખૂબ સારી રીતે સમજી શકશે.


ચાવડા મનુબેન ડાહ્યાભાઈ<br>
આ.શિક્ષક<br>
હજીરાધાર પ્રાથમિક શાળા તા. લાઠી







સ્ટોલ નંબર

**10**


ઈનોવેટરનું નામ : જયેશકુમાર બી. માંડવિયા મોબાઈલ નંબર 9429336552

શાળાનું નામ : ગરમલી (ચરખા) પ્રા. શાળા તાલુકો : ધારી જિલ્લો : અમરેલી




# સ્વસ્થ બાળક, સ્વસ્થ સમાજ, સુખી દેશ

લોકોમાં આજે પણ સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા જોવા મળતી નથી. શાળાકીય શિક્ષણથી આ દિશામાં આગળ વધીએ તો તંદુરસ્ત સમાજનું નિર્માણ થઇ શકે. વર્તમાન સમયમાં શિક્ષણ પૂર્ણ કરેલા હોય તેવા અથવા અહીથી અભ્યાસ કરીને બહાર સ્થાયી થયા હોય તો પણ તેમને આ બાબતથી વાકેફ કરી શકાય તેવો પ્રયત્ન કરવાનું વિચાર્યું. જે માટે ઇનોવેશન કાર્ય દ્વારા આ કાર્ય થઇ શકે તે માટે આ કાર્ય હાથ ધરવામાં આવ્યું.

NEP 2020 માં પ્રથામાં વખત શિક્ષકોના સ્વાસ્થ્ય માટે પણ તાલીમની જોગવાઈ કરવામાં આવી. તંદુરસ્ત શિક્ષક જ સ્વસ્થ અને સારા નાગરીઅકનું ઘડતર કરી શકે. આથી તેમને તાલીમા આપવામાં આવી. આ તાલીમ દરમિયાન વિવિધ યુ-ટ્યુબ અને ફેસબુકમાં હેલ્થ સબંધીત વિડીયોઝ બતાવવામાં આવ્યા. જેમાં NCERT દ્વારા તૈયાર થયેલા કુલ ૧૧ મોડ્યુઅલસનો પણ સમાવેશ થતો હતો.

યુ-ટ્યુબ પરનાં વિડીયોઝ તથા ફેસબુકના વિડિયોઝની લીંક પરથી QR કોડ બનાવવામાં આવ્યા. આ QR કોડની પ્રિન્ટ બે A4 સાઈઝના કાગળમાં લીધી. આ પ્રિન્ટ શાળામાં અને શાળાના ગેટ પર લગાવવામાં આવી. જેથી બાળકો આ QR કોડા સ્કેન કરી વિડીયોઝ જોઈ શકે.

ગામ લોકોમાં પણ સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ આવે તે માટે ગામમાં લોકોની વધુ અવરજવર વાળી જગ્યાએ આ QR કોડ લગાવવામાં આવ્યા. જેથી ગામ લોકો આ QR કોડા સ્કેન કરી વિડીયોઝ નિહાળી શકે.

ત્યારબાદ ગરમલીની બાજુના ગામ ચલાલામાં પણ સરકારી પ્રાથમિક શાળાઓમાં આ QR કોડ લગાવવામાં આવ્યા. ત્યાના શિક્ષકોને WhatsApp દ્વારા આ પેજ મોકલ્યા જે તેમણે શાળાના બાળકો અને વાલીઓના ગ્રુપમાં મોકલ્યા.


આમ સોશિયલ મીડિયાના માધ્યમથી શાળા, ગામ લોકો અને ચલાલા સરકારી પ્રાથામિક શાળાના બાળકો અને વાલીઓમાં સ્વાસ્થ્ય સંબંધે જાગૃતિ લાવાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.


જયેશકુમાર બી. માંડવિયા
આ.શિક્ષક
ગરમલી (ચરખા) પ્રા. શાળા
તા. ધારી


ચલાલા કન્યા શાળા


કુમાર શાળા ચલાલા



દાનેવ સોસાયટી પ્રાથમિક શાળા
ચલાલા


ગામના વિવિધ સ્થળો એ QR ગાઈડ


2025
મીઠાપુર ડુંગરી  પ્રાથમિક શાળા


ગામ લોકો સાથે ઇનોવેશન શેરિંગ


ભુવા કન્યા શાળા ચલાલા
ઓફિસ
બાલસાંસદ



સ્ટોલ નંબર
11

ઈનોવેટરનું નામ : ચાવડા ઉમેશભાઈ જે. મોબાઈલ નંબર : 9879895811
શાળાનું નામ : દાનેવ સોસાયટી પ્રા.શાળા, ચલાલા તાલુકો : ધારી જિલ્લો : અમરેલી



# પપેટ ગુરુ

આપણે ત્યાં સામાન્ય રીતે વ્યાકરણ એટલે કંટાળાજનક બાબત એવું સમજવામાં આવે છે. વ્યાકરણના વિવિધ મુદાઓ ક્યારેક સમજવા અને સમજાવવામાં કઠીનતા અનુભવાય છે. પરંતુ જો તેને એક વખત હ્દયસ્થ કરી, નવીન તરાહ કે પ્રયુક્તિ વડે સમજાવવામાં આવે તો તે રોચક અને સરળ બની જાય છે.

અમારી શાળા શ્રી દાનેવ સોસાયટી પ્રાથમિક શાળા, ચલાલાનાં ધો. 7માં ગુજરાતી વિષયના અધ્યાપનકાર્ય વખતે 60% વિધાર્થીઓની ગુજરાતી વ્યાકરણને સંલગ્ન મુદ્દાઓ જેમકે, સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાક્યના પ્રકારો, વિશેષણ વગેરેનાં પુનરાવર્તન અને મહાવરો કરાવવામાં આળસ કે ઉદાસીનતા જણાઈ.

આ સમસ્યાના નિવારણ માટે કોઈ રસ્તો શોધવાનું જરૂરી જણાયું. મારા દ્વારા સામાન્ય રીતે સોશિયલ મીડિયા રીલ્સ બનાવવામાં વપરાતાં મન્કી પપેટ (ટોની)ને વર્ગખંડમાં લઇ જઈને તેનાં દ્વારા મહાવરો કરવામાં આવે તો કેમ? એવો વિચાર આવ્યો. આ પ્રયુક્તિના અમલીકરણ માટે મન્કી પપેટ (ટોની)ને વર્ગખંડમાં લઇ ગયો. તો બાળકોને તે નવીન અને રોચક સાથે મનોરંજક લાગ્યું. શરૂઆતમાં માત્ર રમુજી ટુચકા જ કર્યા. પછી પ્રશ્નોત્તરી કરી જેમાં નામ, ગામ જેવા સામાન્ય પ્રશ્નો કર્યાં. ધીમેધીમે વ્યાકરણને લગતા સામાન્ય પ્રશ્નો પણ ઉમેર્યાં. ઉપર્યુક્ત સમસ્યાના નિવારણ માટે અઠવાડિયામાં એક વાર સપ્તાહ દરમિયાન શીખેલા મુદ્દા પૈકી ચુનંદા મુદ્દાનો મન્કી પપેટ (ટોની) દ્વારા મહાવરો કરાવાયો. પરિણામે બાળકોને મનોરંજન સાથે મહાવરો મળ્યો. પપેટ તેમને પ્રશ્ન પૂછે, બાળકો પાસેથી તેના જવાબ મેળવે અને જવાબ ખોટો હોય તો તે જ સુધારીને જવાબ આપે. દરેક પ્રશ્ન વખતે સાથેસાથે રમુજી ટુચકાઓ તો ખરાં જ!

એક મહિના બાદ વ્યકારણના વિવિધ મુદ્દાઓની મૌખિક અને લેખિત કસોટી લઇ પરિણામ તપાસવામાં આવ્યું. તપાસના અંતે 90% જેટલા વિધાર્થીઓ ઉક્ત મુદ્દામાં રુચિ લેતાં જણાયાં. ગુજરાતી વિષયની એકમ કસોટીના પરિણામમાં પણ તેની અસર જણાઈ. આમ, વિધાર્થીઓ આનંદ સાથે વ્યાકરણનાં મુદ્દા સમજતાં થયાં.

આમ, મન્કી પપેટ (ટોની) મારો અદયાપન-સાથી તો બન્યો પરંતુ વિધાર્થી માટે બન્યો એ પપેટ-ગુરુ!

SCAN ME

ચાવડા ઉમેશભાઈ જે.
આ.શિક્ષક
દાનેવ સોસાયટી પ્રા.શાળા, ચલાલા.
તા. ધારી













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

12

ઈનોવેટરનું નામ : દેવમુરારી ઇલાબેન જયંતિભાઇ મોબાઈલ નંબર : 7990383155

શાળાનું નામ : શ્રી રાંઢિયા પ્રાથમિક શાળા તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી



## " મારી આસપાસ રમતાં ! સ્વરચિત જોડકણાં . "

આ ઝડપી દુનિયામાં આજે શિક્ષણમાં નાના બાળકો થી લઇને મોટા સુધીના ફ્રોન, T.V. લેપ્ટોપ, કમ્પ્યુટર, વિવિધ ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણ સરળ બન્યુ છે. જે માહિતી જોઇતી હોય કે તરત જ Google Search કરીએ એટલે મીલીસેકંડમાં જવાબ મળી જાય છે. તો જુના જમાનામાં લોકોના વખતમાં આવી કોઇપણ ટેકનોલોજીની વ્યવસ્થા હતી નહિ. છતા આજના કરતાં એ શિક્ષણમાં સહજતા, સંસ્કારી, નિખાલશ અને નિર્દોષતા આનંદમય શિક્ષણ જોવા મળતું. જેમાં, દાદા દાદીના જોડકણાં, વાર્તા, ગીતો, ફળિયામાં ખાટલો ઢાળીને ફરતા ગોઠ્વાઇ જતાં, લાઇટ ન હતી કે ન હતા, મોટા જાડા પુસ્તકો, છતાં સમાજનું ઘડ્તર સારી રીતે થતું. જેમ કે વારતા રે.. વારતા.., ભાભો.. ઢોર ..ચારતા.., આવા જોડકણાં દ્વારા, આસપાસની બનતી ઘટનાઓને કંઠસ્થ યાદ રાખી શક્તો.

હું હાલ ધોરણ 3 થી 5 માં શ્રી રાંઢિયા પ્રા. શાળામાં પર્યાવરણ વિષય ભણાવું છું. હાલ જાફરાબાદથી બદલી થઇ ને આવી 1 વર્ષ થયું. આ શાળામાં મને આસપાસ વિષય આપવામાં આવ્યો ધોરણ 3 થી 5 માં આદિવાસીના બાળકોની સંખ્યા વાધારે, આસપાસમાં 25/ 26 પ્રકરણનો અભ્યાસક્રમ, મારી પાસે હાલ ત્રીજું ધોરણ કઇ રીતે સમજ આપવી તો મને વિચાર આવ્યો કે જુના વખતમાં ગામડામાં આજના જેવી શિક્ષણ વ્યવસ્થા ન હતી. ત્યારે કોઇ પણ વિષય અનુરુપ " કંઠ્સ્થ " રહે તે માટે જોડકણાં સ્વરુપે આસપાસ જોડાયેલ વિષયવસ્તુ, અનુસંધાને, સમાજઘડ્તર નું કામ થતું હતું.

જાફરાબાદ તાલુકામાં 3 થી 5 માં ગણિત વિષય લીધેલ. ઇનોવેશન મે ગણિતમાં કરેલા ત્યારે મે ગણિતમાં કાવ્ય બનાવેલ. FLN, એકમ કસોટીમાં ખુબ સરસ પરિણામ જોવા મળ્યુ, હાલ 1 વર્ષ થી અમરેલી તાલુકાની શ્રી રાંઢિયા પ્રાથમિક શાળામાં બદલી થતાં મને પર્યાવરણ, વિષય ફાળવવમાં આવ્યો. મે પહેલી વાર આ વિષય ધોરણ 3 થી 5 મારા માટે નવી શાળા નવા બાળકો ગામ સ્ટાફ મિત્રો, નવું હતું. મારો વર્ગ ધોરણ-3 માં 25 બાળકો માંથી 16 બાળકો આદિવાસી વિસ્તારના છે. જે ઉંમર પ્રમાણે યુ.ડાયસ પ્રમાણે ક્યાંય શિક્ષણ મેળવ્યુ ન હોય, પહેલું બીજુ ભણ્યાં જ ના હોય, સીધા ધો.3 માં આવ્યા હોય છે. ન મ ગ જ થી શિખવાડવું પડે છે. FIN એકમ કસોટી કઇ રીતે દઇ શકે કે ? વાંચન/લેખન કરી શકે ? પ્રકરણ કઇ રીતે સમજાય અને વિધાર્થીને પડતી મુશ્કેલી કે આસપાસમાં 26 પ્રકરણ કઇ રીતે બાળક સમજે ? વાડી વિસ્તારના બાળકો છે તો તેમની આસપાસના વાતાવરણ, પરિચિત થાય સમજી શકે અને વિચાર આવ્યો.

ગેય પ્રાસવાળી અલંકાર રચના હોવાથી બાળકોને જલ્દી યાદ રહી જાય છે. જોડકણાં બાળકોના બુધ્ધિ ચાતુર્યને ખીલવે છે. બાળકને અલંકારના રુપમાં બોલતા શીખવે છે. સાંસ્કુતિક શબ્દો અને બોલીની સમજ આપે છે. યાદ્શક્તિ ખીલવે છે. શબ્દર ચનાની સમજ આપે છે. જ્ઞાન, ગાન , ગમ્મત સાથે નિર્દોષ આનંદ પણ બાળક માણે છે. ઉ.દા 1. અંજીર લાવ્યા, કાજુ, લાવ્યા, ને દ્રાક્ષ , મીઠી લાવ્યાં 2. ખાટા મીઠા શેતૂર, લાવ્યા મધમીઠા ખજૂર,લાવ્યા. આમ એકમ પ્રમાણે આ ગેય, પ્રાસવાળી પંક્તિ જલ્દી યાદ રહી જાય છે. હાલ બાળકો શળામાં વર્ગમાં વાડીમાં કે પ્રાર્થનામાં મૌખિક હાલતા ચાલતા જોડકણાંનું ગાન કરે છે. મારા આ નવતર પ્રયોગ દ્વારા દરેક વર્ગમાં પર્યાવરણને સમજતા થયા છે. બાળકો પણ પશુ, પંખી વનસ્પતિ, જોઇને એક બે લીટીમાં જોડકણાં કરતાં થયા છે.


દેવમુરારી ઇલાબેન જયંતિભાઇ
આ.શિક્ષક
શ્રી રાંઢિયા પ્રાથમિક શાળા તા. અમરેલી



# બુલબુલ

આવો બુલબુલ  કલગીવાળા રાજા,

ગીત સૂણાવી વગડાવો  તમે વાજા

માથે મસ્ત મજાની કાળી કલગી,

કંઠે સફેદ કાળા ધોળા પીછા  પુછડી

સિપાહી બુલબુલ ઇરાને બારેમાસ ફરતી,

તીડ, ગોલ્લા,જંતુ, ફળ , સીરમ  જમતી

પીક...પેરો....પીક....પેરો  બોલી કેવી મીઠડી,

આંખો  ઘેરી, તપખીરીયા રંગની, એવી

# સુગરી

નાના નાના ઘાંસના તણખલા લઇને,


નાના નાના , પાંદડા ,ખડકલા લઇને

ચકલી  જેવી લાગે , એંન્જીનયર ,થઇને

તાડ, ખજુરી , કાંટાળા  જુડેં માળો

,કરીએ

ચીવ..ચીવ ઉંધા લટકાતા માળો કરીએ



સ્ટોલ નંબર
13

ઈનોવેટરનું નામ : ભલાણી હીનાબેન જયંતીલાલ    મોબાઈલ નંબર : 9099310211
શાળાનું નામ : અંટાળીયા પ્રાથમિક શાળા    તાલુકો : લીલિયા    જિલ્લો : અમરેલી



# મને પ્રિય મારું પ્રાર્થના સંમેલન

નિશાન ચૂક માફ નહીં માફ નીચું નિશાન.......

ગાગડીયા નદીના કિનારે આવેલ સ્વયંભૂ અંટાળેશ્વર મહાદેવના સાનિધ્યમાં આવેલ અમારુ નાનું એવું અંટાળીયા ગામ. ગામ નાનું પણ માનવતા, ધાર્મિકતા ,નૈતિકતા મોટી. સરમાળીયા દાદાના મંદિરના પંટાગણમાં આવેલી મારી શાળા. આ શાળામાં આવ્યા ને હજી તો મને એક વર્ષને 6 મહિના થયા.

કહેવાયું છે કે "પ્રાર્થના આત્માનો ખોરાક છે" જેની પ્રાર્થના સારી તેનો દિવસ સારો." દુનિયા વિશાળ છે અને ગામથી દુનિયાના ખંડો સુધીની સફર મારા આ પ્રાર્થના સંમેલનમાં બાળકોને કરાવું છું.

બીજા રાજ્યના બાળકો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી નાના ધોરણથી જ કરતા હોય છે તો આપણા બાળકો પાછળ કેમ રહે ? તેથી શાળાના તમામ બાળકો સમૂહમાં શીખે, સાંભળે તે માટે મેં પ્રાર્થના સભામાં જ તાલુકા, જિલ્લાના નામથી શરૂઆત કરાવી. તે નાનું જોડકણું , ટૂંકા સૂત્રો કે રમત દ્વારા એક જ વિષય 15 થી 20 દિવસ બાળકો સમક્ષ મૂક્યો. બાલવાટિકાથી લઈને ધોરણ આઠ સુધીના બાળકો ઝડપથી રસ પૂર્વક અને ક્રમબદ્ધ શીખી ગયા.


આ પ્રયોગની સફળતાથી ગુજરાતના જિલ્લા, નાના મોટા જિલ્લા, ભારતના રાજ્યો, નાના મોટા રાજ્યો, 7 સિસ્ટર્સ ,પાડોશી રાજ્યો, દરિયા કિનારાના રાજ્યો, ખંડો, ગણિતમાં, વર્ગ, ઘન, સૂત્રો વિજ્ઞાનના અણુસૂત્રો, ઇંગલિશ ગેમ, I CAN જેવા દરેક વિષયના અઘરા મુદ્દા જોડકણા કે ટૂંકા સૂત્રો બનાવી બાળકો સમક્ષ મૂક્યા.


" વિશ્વ મારી મુઠ્ઠી "માં પંક્તિને સાર્થક કરતા મારા બાળકો નકશા સંબંધી 90% પ્રશ્નોના જવાબ આપે છે.

પ્રશ્નોત્તરી વિભાગમાં રોજ બનતી ઘટનાના પ્રશ્નો પુછતા બાળકોના જનરલ નોલેજ માં ઘણો વધારો જોવા મળ્યો.

આ ઇનોવેશન દરેક વિષય માટે રાખ્યો જેથી બાળકો રસ પૂર્વક શીખ્યા. નાના બાળકો સાંભળીને શીખી ગયા અને મોટા બાળકો પોતાના વિષયમાં આ વસ્તુનો ઉપયોગ કરતા થયા.

ભલાણી હીનાબેન જયંતીલાલ
આ.શિક્ષક
અંટાળીયા પ્રાથમિક શાળા  તા.લીલિયા


નામ અણુ સૂત્ર
પાણી → $H_2O$
મીઠું → NaCl
મીથેન → $CH_4$
ઓઝોન → O
ઓક્સિજન → $O_2$
કાર્બન ડાયોક્સાઈડ → $CO_2$
ચુનો → $CaCO_3$
હાઈડ્રોક્લોરિક એસિડ → HCL
સલ્ફ્યુરિક એસિડ (તેજાબ) → $H_2SO_4$


બાળકને ઘડવાનું કામ મહાન અને પવિત્ર
શ્રી અંટાળિયા પ્રાથમિક શાળા
Be ni Jodi ma
બોલવાનું...રાજકોટ,અમરેલી...
જામનગર ,ભાવનગર...


રાજ્ય અને તેના
પાટનગર વિશે જાણે છે,
વર્ણન કરે છે


અંટાળિયા
બાળકો સાંભળીને શીખે છે,,, સમુહમાં થતાં કાર્ય થી દ


Opposite words

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

14

ઈનોવેટરનું નામ : ઉપાધ્યાય વિભાકરભાઈ એલ. મોબાઈલ નંબર : 9427747996

શાળાનું નામ : શ્રી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી



## ઇકો સિસ્ટમ અને આરોગ્ય માટે સામાજિક અને સાંસ્કૃતિક પ્રથાઓ

આપણા સનાતન ધર્મને વિજ્ઞાન પર આધારિત કહ્યો છે. આયુર્વેદ થી લઈને પૂજા વિધિ સુધીના સનાતન ધર્મમાં એવા ઘણા બધા નિયમો છે જે ક્યાંક ને ક્યાંક મનુષ્ય માટે લાભદાયી , કલ્યાણકારી છે .એક વાત તો કહેવી પડે કે આપણા ધર્મગ્રંથો અને ધર્મગ્રંથોની અનેક વાતોને વિજ્ઞાને પણ સિદ્ધ કરી બતાવી છે. વર્ષો પહેલા આપણા ઋષિમુનિઓએ જે ખોજ અને આવિષ્કાર કર્યા છે,તેના પર આજના વૈજ્ઞાનિકોએ ફરી રિસર્ચ કરી રહ્યા છે.

આજે આપણા રીતે રિવાજો અને પરંપરા ને ભૂલતા ગયા હોવાથી અનેક બીમારીઓનો ભોગ બન્યા છીએ ,જેમ કે ડાયાબિટીસ, હૃદય રોગ ,કીડની, લીવર, મગજના રોગો, અનિદ્રા, ચીડીયાપણુ, લકવા અને કેન્સર જેવા ભયંકર રોગોથી પીડા પામે છે. આમાંથી બચવાનો અક્સિર ઉપાય એટલે આપણા પર્યાવરણને જાણો, વનસ્પતિને ઓળખો, ઘરગથ્થુ ઔષધીઓને જાણો, આપણા ઋષિમુનિઓએ આપણને ધર્મ સાથે વિજ્ઞાનને સાંકળીને જે બોધ કરાવ્યો છે, તેને સમજીએ એટલે સોનામાં સુગંધ ભળી .

મોટા ઝીંઝુડા ગામ એટલે પ્રકૃતિથી હર્યું ભર્યું ગામડું. મારી શાળાના ધોરણ 3 થી 5 ના બાળકો પર્યાવરણથી અલ્પ પરિચિત હતા. ગામ પ્રકૃતિના પરિવેશમાં હોય અને બાળકો તેનાથી અજાણ હોય તે કેમ યોગ્ય લાગે ?એટલે જ આ ઇનોવેશનની શરૂઆત થઈ. મે ધોરણ ત્રણ થી પાંચના 150 વિધાર્થીઓને સાંકળીને શરૂઆત કરી. તેમની સમક્ષ પ્રશ્નાવલી રજૂ કરીને તેઓના તારણો કાઢ્યા. ત્યારબાદ તેને ફોટોગ્રાફ્સ દ્વારા પ્રત્યક્ષ અવલોકન, વૃક્ષારોપણ અને વૃક્ષોનો પરિચય કરાવ્યો અને તેની ઉપયોગીતા વિશે સમજ આપી. રોગોનો ઈલાજ આપણી આસપાસ, રસોડામાં જ ઉપલબ્ધ છે છતાં સમજના અભાવે આપણે દવાનો આશરો લેવો પડે છે, તે સમજાવ્યું. ધર્મ સાથે વિજ્ઞાન, ઋષિ પરંપરા વિશે તેમને ફોટોગ્રાફ્સ દ્વારા ,પુસ્તકો અને વાર્તા દ્વારા બતાવ્યું. બાળકો ધીમે ધીમે જાગૃત થયા, ઉત્સાહિત થવા લાગ્યા. પછી મેં તેજસ્વી બાળકોને લીડર બનાવી અને તેમની ટીમ બનાવીને ઝડપથી આ કાર્ય કરવા માટે તત્પર કર્યા. ત્યારબાદ બાળકોને માતા પિતા અને ઘરના વડીલો [7] સાથે ચર્ચા કરાવી ,પ્રોજેક્ટ કાર્ય કરાવ્યું અને તેના કારણે વડીલો પણ પ્રેરાયા અને સાથે જોડાઈ ગયા .આ રીતે આ કાર્યનો વિસ્તાર વધતો ગયો. અગાઉ મે મારી પૂર્વ શાળામાં આ પ્રોજેક્ટ ઉપર બે વર્ષ કાર્ય કરેલું અને ત્યાં આ પ્રોજેક્ટથી પ્રભાવિત થઈને 'અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન' કંપનીએ અમારી શાળાની મુલાકાત લીધી અને પ્રોજેક્ટ વિશે જાણ્યું અને તેમણે ઘણા બધા ઔષધીઓ વૃક્ષો શાળાને ભેટ આપ્યા અને તેની ઉપયોગીતા ને વધારે દ્રઢ બનાવવા માટે વૃક્ષની સાથેના બોર્ડ બનાવવામાં આવ્યા જેમાં એ વૃક્ષની ઉપયોગીતા પણ લખવામાં આવી હતી અને આજે એ કાર્યરત પણ છે. આમ લોકોમાં અને બાળકોમાં આસપાસના પર્યાવરણ ની જાગૃતિ આવતા તેઓ જાણી શક્યા આપણી ભારતીય સંસ્કૃતિની ભવ્ય પરંપરા ને.

અંતે તો એટલું જ કહીશ કે "સમયે સમયે બદલાતો રહ્યો છે, પ્રકૃતિથી માનવ વિખુટો થઈ રહ્યો છે,
બીમારીઓથી ત્રસ્ત અને વ્યથિત થઈને, પ્રભુ ,માનવ પ્રકૃતિથી પુનઃ જોડાઈ રહ્યો. મારી દ્રષ્ટિએ વૃક્ષો આપણા મિત્રો



ઉપાધ્યાય વિભાકરભાઈ લલિતભાઈ
આ. શિક્ષક
શ્રી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા
તા.સાવરકુંડલા











o કાળા મરીને મસાલાની રાણી કહે છે. ભોજન માં તેનો ખાસ ઉપયોગ છે.
o પેટના દર્દો, નાના બાળકોને પેટના કૃમિ, ગેસ, કમજોરી, આંખના રોગ, દાંત નો દુખાવો, ઝાડા રોકવામાં, પેશાબની તકલીફ, માથા નો દુખાવો
મધ
ગોળ
o પ્રાકૃતિક મીઠાઈ તરીકે ઓળખાતો ગોળ સ્વાદની સાથે તંદુરસ્તી નો ખજાનો છે.

FUNFILM

સ્ટોલ નંબર

15


ઈનોવેટરનું નામ : દવે શિતલબેન પ્રતાપરાય મોબાઈલ નંબર : 7046801774

શાળાનું નામ : રોકડીયા હનુમાનપરા પ્રા. શાળા તાલુકો અમરેલી જિલ્લો : અમરેલી




## HPC PROGESS CARD

કષ્ટભંજન દેવ સાક્ષાત રોકડીયા હનુમાનજી મહારાજના સાનિધ્યમાં અને ડૉ.જીવરાજ મહેતાનું અમરવેલી એવા અમરેલી નગર શિક્ષણ સમિતિ સંચાલિત રોકડીયા હનુમાનપરા પ્રાથમિક શાળામાં હું શીતલબેન દવે દોઢ વર્ષથી આ શાળામાં શિક્ષક તરીકે મારી ફરજ બજાવી રહી છું.

મારી શાળા એટલે પ્રકૃતિથી તરબતર અને નયનરમ્ય શાળાનું પરિસર જોતા મન તરોતાજા થઇ જાય. બાલવાટીકાના વર્ગમાં જ્યારે સૌ પ્રથમ કામ કરવાની તક મળી ત્યારે પ્રારંભિક તબક્કાથીજ બાળકનો સર્વાંગી વિકાસ થાય તે અગત્યનું છે, તે માટે સૌ પ્રથમ બાળકની સ્થાનિક પરીસ્થિતિ જાણીને જ્ઞાનાત્મક, ભાવનાત્મક, કલા-કૌશલ્યનો વિકાસ તે સિવાયનો સાર્વત્રિક અને સર્વગ્રાહી મૂલ્યાંકન સાથે અલગ અલગ મહિના પ્રમાણે પ્રવૃતિઓ અને ઇનોવેટીવ પેડાગોજી દ્વારા બાળકનું હોલેસ્ટીક પ્રોગ્રેસ કાર્ડ બનાવામાં આવ્યું. અને જેમ જન્મથી બાળકનું ક્રમશ: વિકાસ થાય તે રીતે બાલવાટીકાથી જ બાળકનો મહિના પ્રમાણે વિકાસ થાય અને તેમનો વાર્ષિક મૂલ્યાંકન કરી બાળકોને પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે.

મારા ઇનોવેશનનું મૂલ્યાંકન એ વર્ગની અંદર અલગ-અલગ પ્રવૃતિઓ દ્વારા કરવામાં આવ્યું. અને તેનો રેકોર્ડ પણ HPC PROGESS CARD દ્વારા નિભાવામાં આવેલ છે. અને વર્ષના અંતે બાળકને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

પ્રારંભિક તબક્કો એટલે બાલવાટીકા તેમાં બાળકનો સંર્વાંગી વિકાસ જોવા મળે છે, ઉદાહરણ તરીકે વાર્તા કથાન, રમત ગમત, બાલગીત, અભિનય ગીત, જોડાકણ, ઉખાણા વગેરે બોલતા થયા.

- કલસ્ટર કક્ષાએ બાલવાટીકની દીકરી વાર્તા સ્પર્ધામાં ભાગ લીધો.
- દરરોજ બાળકને શાળામાં આવું ગમે છે.
- વાલિશ્રીઓ તરફથી પણ સારા પ્રતિભાઓ પણ જોવા મળ્યા.


દવે શિતલબેન પ્રતાપરાય

ઉપ શિક્ષક

રોકડીયા હનુમાનપરા પ્રાથમિક શાળા અમરેલી

સ્ટોલ નંબર
16


ઈનોવેટરનું નામ : કાતરીયા લાખાભાઈ છગનભાઈ મોબાઈલ નંબર : 9898782510

શાળાનું નામ : શ્રી કોટડીપરા પ્રાથમિ કશાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી




# મારી સપનાની શાળા

કોટડીપરા પ્રાથમિક શાળામાં શરૂઆતમાં માત્ર બે ઓરડા હતા. ગામની વસ્તી ખૂબ જ ઓછી છે. અહીં એસ.ટી. અને બીજી કોઈ પણ સુવિધા નથી. આ ગામ દુનિયાથી છૂટું પડેલું જણાય છે. શરૂઆતમાં વાડી વિસ્તારમાંથી આવતા બાળકોમાં ચાલીને શાળાએ આવતા હતા. ઉપરાંત ભૌતિક સુવિધાઓનો ખૂબ જ અભાવ હતો. શાળામાં આવતા વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું કે તમારે શાળાએ આવતા પહેલા દરરોજ તમારા માતા-પિતાને પગે લાગીને પછી શાળાએ આવવું. આનાથી બાળકોમાં કેળવણીની સાથે સંસ્કારોનું પણ સિંચન થાય છે. પરિણામે વિદ્યાર્થીઓ, વડીલો, શિક્ષકો અને માતા-પિતાનો આદર જાળવે છે.

શાળામાં બાળકોને સૂચના આપવામાં આવી કે તમારા ઘરેથી બનતો નાસ્તો અહીં શાળામાં આવીને ખાવાનો છે. બજારમાંથી મળતા ફૂડપેકેટથી ઘણી બધી બીમારીઓ આવી શકે છે. આથી ફાયદો એ થયોકે શાળામાં પ્લાસ્ટિકનો કચરો ઘટ્યો અને વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય સુધર્યું. શાળામાં વિદ્યાર્થીઓની નિયમિત હાજરી માટે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના ઘરે વાલી મુલાકાત કરીને સમજાવવામાં આવ્યા. જેના પરિણામ સ્વરૂપ અમારી શાળામાં વિદ્યાર્થીઓની હાજરી વધીછે. શિક્ષકો દ્વારા સ્વખર્ચે બાઉન્સિગ લાવેલ છે. અઠવાડિયામાં એક વખત બાઉન્સિંગ કાઢવામાં આવેછે અને તેનો લાભ જે વિદ્યાર્થીઓ અઠવાડિયામાં દરરોજ આવેલ હોય તે વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. એના પરિણામ સ્વરૂપ શાળાના વિદ્યાર્થીઓની હાજરીનું પ્રમાણ વધ્યું છે.

શાળાના બાળકો કે જેઓ વાડી વિસ્તારમાં રહેછે અહીં આજુ બાજુ વાળ કાપવાની દુકાન નથી. આવા વિદ્યાર્થીઓને શાળામાં જ વાળ કાપી આપવામાં આવે છે તથા તેલ, વેસેલીન, છોકરીઓ માટે માથાની રીબીન પણ આપવામાં આવે છે તેનાથી તેઓ સ્વચ્છ અને સુઘડ રહે છે. વિદ્યાર્થીઓના યુનિફોર્મ અથવા તો કપડા જો ફાટી જાયતો તરત જ તેમના ફાટેલા કપડાને સિલાઈ કરી આપવામાં આવેછે. ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જુદાજુદા પ્રકારના પહેરવેશની જરૂર હોય શાળાના શિક્ષકો દ્વારા જ આ કપડાં તૈયાર કરવામાં આવે છે.

પ્રાર્થનાસભામાં વિશ્વ અને ભારતના મહાપુરુષોની જીવનગાથા જણાવી તેમના જીવનમાંથી પ્રેરણાઓ, બોધ આપવામાં આવેછે. વિદ્યાર્થીના કોઈ ક્ષેત્રમા ઉત્કૃષ્ટ દેખાવ આધારે તેનું સન્માન પણ કરવામાં આવેછે. અમારી શાળામાં સ્વચ્છતાનું સંપૂર્ણ પાલન કરવામાં આવે છે તેથી અમારી શાળા પ્લાસ્ટિક મુક્તશાળા છે અને અમરેલી જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાનો સ્વચ્છતા એવોર્ડ મળેલ છે. શાળાની અંદર ટેકનોલોજી આધારિત શિક્ષણનું ખૂબ જ સુંદર કામ થઈ રહ્યું છે. માનનીયશ્રી ભરતભાઈ બી ડેરના માર્ગદર્શન અને સૂચનથી અમે શાળાનાં વર્ગખંડમાં IT વર્ગ ચલાવીએ છીએ. જેના દ્વારાવિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય વધુ સુગમ અને સરળ બન્યું છે.

આ ગામના સમસ્ત ગ્રામજનો અવાર નવાર બાળકોની મુલાકાતે આવેછે અને બાળકોને ભોજન કરાવે છે. શાળામાં તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોમા વિદ્યાર્થીઓ દ્વારા જ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેછે. શાળાના શિક્ષકો દ્વારા શાળાના ધોરણ 3થી8 ના 55 વિદ્યાર્થીઓને સ્વખર્ચે 117000 જેવી રકમ આપીને બાળકોને હવાઈ મુસાફરી કરાવેલ છે. તદુપરાંત ટ્રેન, અને દરિયાઈ સફર પણ કરાવેલ છે. શિક્ષકો દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું કે આપણે સ્વખર્ચે એક બસ લઈને વિદ્યાર્થીઓને પડતી આ અગવડતા દૂર કરીએ. પરિણામ સ્વરૂપ શાળાથી પાંચથી સાત કિલોમીટર જેવા દૂરના વિસ્તારોમાંથી પણ બાળકો અમારી શાળામાં અભ્યાસ કરવા માટે આવેછે. આર ઓ ફિલ્ટર પ્લાન્ટમાંથી નીકળતા વેસ્ટેજ પાણીનો ઉપયોગ ટોયલેટની સફાઈ માટે કરવામાંઆવે છે.

શાળામા શાળા સુશોભન માટે ટાયરમાંથી સુંદર અને કલાત્મક હીંચકા,ખુરશી,છોડ કુંડા અને અન્ય વસ્તુઓ બનાવામાં આવેલ છે. શાળાના વિદ્યાર્થીઓને રમત ગમત ક્ષેત્રે પૂરતું ધ્યાન આપવામાં શિક્ષકો હંમેશા સમર્પિત રહેછે. પરિણામ સ્વરૂપે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે તાલુકા અને જિલ્લાકક્ષા સુધી નંબર મેળવેલ છે. ખેલમહાકુંભ(3.0)મા શાળાના 3 વિદ્યાર્થીઓ તાલુકામા પ્રથમ ક્રમાંકે આવેલ છે. ઉપરાંત5 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયાંછે. શાળામાં પક્ષીઘરો આવેલછે. તેમાં નિયમિત ચણ નાખવામાં આવે છે. અક્ષયપાત્ર હંમેશા ચણથી ભરેલું રહેછે. આવા નવતર પ્રયોગથી અમારી શાળાના બાળકોમાં શિક્ષણ સાથે શિસ્ત,સંસ્કાર મૂલ્ય શિક્ષણ અને કેળવણીમા વધારો થયેલ છે.

કાતરીયા લાખાભાઈ છગનભાઈ
કોટડી પરા પ્રાથમિક શાળા તા. રાજુલા

સ્ટોલ નંબર
17

ઈનોવેટરનું નામ : દીક્ષીત કિશોરકુમાર આર. મોબાઈલ નંબર : 8200299189
શાળાનું નામ : શ્રી કુમાર શાળા નાગેશ્રી તાલુકો : જાફરાબાદ જિલ્લો : અમરેલી



# સંસ્કૃત ભાષા : સર્વે ભાષાષુ જનની

શ્રી નાગેશ્રી કુમાર શાળાના ધોરણ : 6 થી 8 નાં બાળકો સંસ્કૃત શીખવામાં મુશ્કેલી અનુભવતા હતા. જયારે આ બાબત મારા ધ્યાન પર આવી ત્યારે મેં વિચાર્યું કે આમાંના માટે કઈક વિશેષ કરવું પડશે.

આ બાબત મારા માટે અસહ્ય થઇ પડી કે જે ભાષા બધી જ ભાષાઓની માં છે, તેના વિષે જ એટલો અણગમો ?!

બાળકના વ્યક્તિત્વ વિકાસમાં તથા નૈતિક વિકાસમાં સંસ્કૃત ભાષા આધ્યાત્મિક, તથા સાંસ્કૃતિક મુલ્યોના જતન માટે ખુબ જ જરૂરી હોય, બાળક ભાગવત ગીતા જેવા વિવિધ શાસ્ત્રો અને પુરાણોનું રસપાન કરી શકે તથા નિજાનંદ અને વ્યક્તિગત વિકાસ કરી શકે તે હેતુથી તેમને આ ઇનોવેશન દ્વારા સંસ્કૃત જાણતા અને બોલતા કરવામાં પાયારૂપ ભૂમિકા પુરી પાડવામાં આવી.

આ ઇનોવેશનની ફલશ્રુતિ રૂપે બાળકો સંસ્કૃતમાં રસ રુચિ લેતા થયા અને મુક્ત પણે સંસ્કૃત બોલતા થયા એનો આનંદ અવર્ણનીય છે.

દીક્ષીત કિશોરકુમાર આર.
આ.શિક્ષક
શ્રી કુમાર શાળા નાગેશ્રી તા.જાફરાબાદ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

**18**



ઈનોવેટરનું નામ : નિમાવત રામેશ્વરીબેન મણિલાલ મોબાઈલ નંબર : 9408458783

શાળાનું નામ : શ્રી વિઠ્ઠલપુર પ્રા શાળા તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી

## "શ્રીમદ્ભગવદગીતા IS LIFE SKILL POLICY"

"छात्र के साथ भी छात्र के बाद भी "

શેત્રુંજી નદીના કાંઠે અવારનવાર પૂરના પ્રકોપનું રક્ષણ કરતી વૈષ્ણવ રઘુરામ બાપાની ચેતન સમાધિના સાનિધ્યમાં આવેલું ગાયકવાડ સરકારના સુબા વિઠ્ઠલરાવે વસાવેલું ગામ એટલે કે વિઠ્ઠલપુર. 22 માર્ચ 2007 થી વીજપડી પે સેન્ટર શાળામાંથી મારી શિક્ષક તરીકેની સફર 23 જૂન 2015ના રોજ વિઠ્ઠલપુર પ્રાથમિક શાળામાં આવી પહોંચી. જે સંસ્થા 110 વર્ષથી ગાયકવાડ સરકાર નીચે આવેલી હોવાથી બાળકો અક્ષરજ્ઞાન અને ગણનમાં તો પાક્કા પરંતુ મૂલ્ય શિક્ષણમાં બહુ જ કાચા. શાળાકીય વાતાવરણમાં બાળકો અને વાલીઓમાં સંસ્થા પ્રત્યે મમત્વ શિક્ષક પ્રત્યેનું સન્માન વડીલો પ્રત્યેનો આદર લઘુબંધુ પ્રત્યે પ્રેમ કર્તવ્ય સહકાર સ્વયંસે વિવિધ કલા સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ માતૃભૂમિ પ્રત્યેનું ગૌરવ વગેરે જેવી લાગણીની શુષ્કતા જોવા મળી. જેના પરિણામે બાળકોમાં આત્મવિશ્વાસ નેતૃત્વ શક્તિ વિવિધ કલામાં પારંગતતા નિર્ભયતા ને જીવનના દરેક પરિસ્થિતિના પડકાર સામે લડવાની શક્તિ નો અભાવ જોવા મળ્યો. માત્ર અક્ષર જ્ઞાનએ સર્વાંગી વિકાસ કરી શકે નહીં.

"ગુરુ એટલે જ્ઞાન કૌશલ્ય કલા કુનેહથી નિષ્ઠાપૂર્વક જીવન પ્રદાન કરીને રસમય સુંદર જીવન જીવવાની કલા શીખવીને સફળ વ્યક્તિ ગણનાર અને આત્મા પ્રત્યય અનુરાગ જગાડીને પરમાત્મા સુધી પહોંચાડનાર કડી" આમ મેં બાળકોમાં ભારતીય સંસ્કૃતિના ઉપનિષદ ગીતા રામાયણ મહાભારતના આદર્શ પાત્રની જીવન દર્શનની વાર્તા, વાંચન,નાટક,અભિનય,ફિલ્મ, નિદર્શન કાવ્ય લેખન વકૃત્વ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા દ્વારા તેમનો આત્મિક અને સાવાંગીક વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરી તેમ જ ગાયન વાદન જેવી સંગીતની સુરાવલી દ્વારા કીર્તન-ભજન અને તાલની પદ્ધતિ અને રમતો દ્વારા કલાનો પરિચય તેમજ યોગ-પ્રાણાયામ, શારીરિક કસરતો, પિરામિડ જીમ્નાસ્ટિક, સ્કાઉટ-ગાઈડ વગેરે જેવી ઉત્સાહવર્ધક પ્રવૃત્તિમાં ભાગ લેવડાવવામાં આવ્યો, સામુહિક ગીતાજી-ભાગવત હનુમાન-ચાલીસા અને મહામૃત્યુંજય ના મંત્ર શક્તિના શ્લોકોનું પારાયણ કરવાથી ચૈતન્ય શક્તિ, સ્મૃતિ શક્તિ અને સાવાંગિક શક્તિનો વિકાસ માટેના પ્રયત્ન કરવામાં આવ્યા.

પરિણામે બાળકો કલાઉત્સવ ખેલ મહાકુંભ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા વગેરેમાં ખૂબ ઉત્સવ પૂર્વ ભાગ લેવા લાગી અને બાળકોમાં નૈતૃત્વ શક્તિ સ્મૃતિ શક્તિ ,આત્મવિશ્વાસ, સંસ્કૃતિ પ્રત્યેની લાગણી તેમજ સ્વચ્છતાના ખૂબ સુંદર મૂલ્યોનો તેમના જીવનમાં વિકાસ જોવા મળ્યો. પરિણામે, પ્રાથમિક શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ નવમા ધોરણમાં ખૂબ સુંદર અને અલંકૃત કલાકૃતિ ધરાવતા આ મારા ઉત્તમ કુંભરૂપી વિધાર્થીને હું આગળના માધ્યમિક શિક્ષણ માટે મુકું છું.

જેમાં તે ખૂબ સુંદર રીતે પોતાના જીવન વિકાસ અને શિક્ષણની પ્રગતિના શિખરો સર કરે છે.

"ગુરુ:બ્રહ્મા, ગુરુ:વિષ્ણુ,ગુરુદેવ મહેશ્વર, ગુરુ: સાક્ષાત પરબ્રહ્મ: તસ્મૈ શ્રી ગુરુવે નમઃ"

નિમાવત રામેશ્વરી બેન મણીલાલ.
આ. શિક્ષક
શ્રી વિઠ્ઠલપુર પ્રા. શાળા તા. અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર **19**

ઈનોવેટરનું નામ : પ્રવિણભાઈ એમ. મહેતા  મોબાઈલ નંબર : 8849047511

શાળાનું નામ : શ્રી સમઢીયાળા પ્રાથમિક શાળા  તાલુકો : બગસરા  જિલ્લો : અમરેલી



## મેથ્સ બ્રિજકોર્ષ

બગસરા તાલુકાનાં સમઢીયાળા ગામને રૂપાવટીના નદીના કાંઠે વસેલુ છે. તેમજ અતિ પૌરાણિક ગુફા જે રામ નિવાસગુફા નામથી ઓળખાય છે. તેની બાજુમાં સમઢીયાળા પ્રા.શાળા છે. જેમાં હું તા. 30/10/2013થી ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે મારી સેવામાં જોડાયો.

આમ તો કોરોના કાળ પછી મારી શાળાનાં બાળકોને ગણિત વિષયમાં થોડી અરુચિ જોવા મળતી હતી. ધો-6માં આવતા બાળકોને ગણિત સમજવામાં મુશ્કેલી જોવા મળતી હતી. ત્યારે મને વિચાર આવ્યો કે આ બાળકોને ધો-6 માં પ્રવેશતાં સાથે એક પાયાનો કોર્સ કરાવવામાં આવે તો ગણિત વિષયમાં રસ-રુચિ વધારી શકાય તેમ છે. આ મુખ્ય હેતુથી ચાલુ વર્ષે 2024-25 પૂર્વ વેકેશન દરમિયાન ધો-3 થી 5નાં પાઠ્યપુસ્તકો આધારિત મુખ્ય અધ્યયન નિષ્પતિ પર વિષય વસ્તુનું એક મોડ્યુલ બનાવ્યુ. આ મોડ્યુલને મેથ્સબ્રિજકોર્ષ નામ આપ્યું. સૌ પ્રથમ જૂન મહિનામાં વેકેશન ખુલતા ધો-6 માં પ્રવેશતાં કુલ-17 વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લેવામાં આવી હતી. આ કસોટીનું પરિણામ 30.98.% જેટલુ રહ્યુ. ત્યારબાદ દરરોજ ગણિતના તાસની શરૂઆત આ કોર્ષથી કરવામાં આવતી હતી. તેમાં બાળકો જૂથ પ્રવૃત્તિ, ચર્ચા પદ્ધતિથી તેમજ વધારે રસ પડે તે માટે રમત દ્વારા મહાવરા કરતા થયા. આ કોર્ષ દરરોજ આયોજન પૂર્વક ચલાવવામાં આવ્યો. જુલાઇ માસના અંતે બાળકોની ઉતર કસોટી લેવામાં આવી. તેનુ પરિણામ 52.55 % રહ્યુ. આમ 21.57 %ની શૈક્ષણિક સિદ્ધિ બાળકોમા જોવા મળી. હાલ પણ જે બાળકોનું ગણનકાર્ય થોડુ ધીમુ છે. તેનાં માટે આ પ્રવૃત્તિ ચાલુ જ છે.

આ નવતરપ્રયોગની બગસરા તાલુકાની અન્ય શાળામાં પણ શરૂઆત કરી હતી, અને સારુ પરિણામ તેમજ બાળકોમાં રસ-રુચી વધી છે.

અંતે એક પંક્તિમા કહીએ તો , ગણિત ગણતા જાવ ગણતા જાવ, આગળ વધતા જાવ.



**પ્રવિણભાઈ એમ. મહેતા**
**આ. શિક્ષક**
**શ્રી સમઢીયાળા પ્રાથમિક શાળા  તા. બગસરા**


















સ્ટોલ નંબર

20


ઈનોવેટરનું નામ : વાળા રાજેન્દ્ર કુમાર મોબાઈલ નંબર : 9824761509

શાળાનું નામ : રાજપરડા પ્રાથમિક શાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી




# સમતોલ આહાર

હું રાજુલા તાલુકાની રજપરડા ગામની શાળાના બાળકોમાં અનિયમિતતાનું એક કારણ બાળકોમાં એક જ પ્રકારના ખોરાકનું સેવનથી તેઓ બીમાર પડે છે. તથા લગ્ન પ્રસંગમાં જ્યારે જાય છે ત્યારે વધારે ઠંડા અને વધારે તળેલા ખોરાક લેવાથી તેઓ બીમાર પડે છે. બાળકો સમતોલ આહાર વિશે જાણે છે પરંતુ તેને શરીરને જરૂરિયાત શું છે તેના વિશે કોઈ માહિતગાર નથી.

આ સમસ્યાના સમાધાન માટે મેં બાળકો પાસે એક બુક બનાવડાવી અને આ બુકમાં ખોરાકના મુખ્ય પાંચ ઘટકોના નામનું ટેબલ તૈયાર કરાવ્યું એક દિવસના ત્રણ ટાઈમ બાળક જે ખોરાક લે છે તે ખોરાકમાંથી તેને કયા પ્રકારના ઘટકો મળે છે તે ઘટક સામે બાળક કોષ્ટકમાં ટીકની નિશાની કરે છે.

આ પ્રયોગ દ્વારા બાળકને સમતોલ આહારની માહિતી પ્રાપ્ત થઈ અને પોતે જ્યારે બીમાર પડે ત્યારે તે કેવા પ્રકારના ખોરાક લેવાથી બીમાર પડે તેની માહિતી તે મેળવે. આ પ્રયોગ દ્વારા બાળકની નિયમિત સ્કૂલ આવવાના પ્રમાણમાં વધારો નોંધાયો

એક તારણ એ પણ મળે છે કે બાળક જો ખોરાકમાં વિટામીનનું પ્રમાણ વધુ હોય તો તેની માનસિક ક્ષમતામાં વધારો જોવા મળે છે બાળક વધારે બીમાર પડે તો તે ખોરાકમાં ધાન્ય ખોરાક ઓછ લે છે તથા બાળક શારીરિક રીતે નબળો હોય તો તેનામાં પ્રોટીન અને ચરબીનું પ્રમાણ ઓછું છે. બાળક નિયમિત રીતે જો ધાન્ય ખોરાકનું સેવન કરે છે તો તે બાળક બીમાર પડવાની શક્યતા ઓછી થાય છે. બાળકની માનસિક ક્ષમતા વધારવા માટે હંમેશા વિટામિન અને કાર્બોહાઈડ્રેટ્સ ખૂબ જ જરૂરી છે. બાળકની શારીરિક ક્ષમતામાં વધારો કરવા માટે હંમેશા પ્રોટીન અને ચરબી યુક્ત ખોરાક લેવો ખૂબ જ જરૂરી છે.


વાળા રાજેન્દ્ર કુમાર
આ. શિક્ષક
રજપરડા પ્રાથમિક શાળા
તાલુકો : રાજુલા

સ્ટોલ નંબર
**21**


ઈનોવેટરનું નામ : ચાવડા પરેશકુમાર મોહનભાઈ મોબાઈલ નંબર : 9426651698

શાળાનું નામ : શ્રી મોટા મુંજીયાસર પ્રા. શાળા તાલુકો : બગસરા જિલ્લો : અમરેલી




# "પ્રોજેક્ટ પોર્ટફોલિયો"

"તું ચાલ માંડ કદમ, રસ્તો આપો-આપ થશે,
નહિ શીખે - નહિ ચાલે તો સમય આમ બરબાદ થશે."

જ્યાં ગીરનો કાંઠો ગાજતો હોય, રૂડા માંડણપીરના બાળપણ વીત્યા હોય આજે પણ જ્યાં હરિહરનો સાદ અને સતની જ્યોત પ્રગટ હોય એવી જગ્યા એટલે જુનું મુંજીયાસર ગામ,એ ગામના આજે કાચા પાળાના ડેમના કારણે એક ગામના બે ભાગ પડે તેમાંથી મોટા મુંજીયાસર ગામ જે આજે ઐતિહાસિક ભૂમિ તથા આઈ ખોડીયારના મંદિરથી જાણીતું છે. જ્યાં હું છેલ્લા અગિયાર વર્ષથી શિક્ષણ સેવા આપી રહ્યો છું. મારી પાસે અભ્યાસ કરેલ બાળકો ભવિષ્યમાં વિશેષ પ્રગતિ કરતા રહે તેવી આશા સાથે શાળા દર વર્ષે બાળકો માટે વિશેષ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે જાણીતી છે.

આ વર્ષે આ તમામ પ્રવૃત્તિ એકત્ર કરીને બાળકોના અભ્યાસમાં કઈ રીતે તે ઉપયોગી થાય છે, તેની સમગ્ર જાણકારી મળી રહે તે માટે એક જ પ્લેટફોર્મ પર તમામ પ્રવૃતિઓ વિશેષ રીતે ગોઠવીને તેના ફાઈલ પ્રમાણે વર્ક આઉટ કરીને બાળકો સારી રીતે અભ્યાસ કરે તે માટે તમામ પ્રોજેક્ટને સમજાવી તે પ્રમાણે કાર્ય કરવાની શરૂઆત કરી,અને આ વર્ષનો નવતર પ્રયોગ બન્યો, પ્રોજેક્ટ પોર્ટફોલિયો આજે આ પ્રોજેક્ટથી બાળકોમાં સમાન્ય જ્ઞાન, વિષય અનુરૂપ જાણકારી તથા સર્વાંગીણ વિકાસ અને જીવન ઘડતરના વિવિધ બોધપાઠ વગેરે વિધાર્થીઓ શીખતા થયા, તેનાથી શાળાના બાળકો પણ વિશેષ ઉત્સાહથી અભ્યાસમાં રસ દાખવીને આગળ વધે છે,


નવી જાણકારી તથા નવા મુદ્દાઓ પર પ્રયોગો તેમજ જાણકારી એકત્ર કરીને અન્ય કરતા કઈક વિશેષ શીખવાનો પ્રયાસ કરે છે. આ પ્રયાસ જ આપણી સફળતા છે. વિશેષ રીતે બાળકો અભ્યાસ કરીને પ્રગતિ કરે અને પોતાની શ્રેષ્ઠ કારકિર્દી બનાવે તે માટેનો પાયો આપણા પ્રયાસથી પુરાય તેનાથી વિશેષ શું હોય?

શાળા એ બાળકો માટે શીખાવાનું અને સુધારવાનું શ્રેષ્ઠ સ્થાન છે.


ચાવડા પરેશકુમાર મોહનભાઈ
આ.શિક્ષક
શ્રી મોટા મુંજીયાસર પ્રા. શાળા તા. બગસરા







श्री धारुका केन्द्रवर्ती शाळा

ता. उमराळा, जि. भावनगर

શુભ શરૂઆત....૧૫ સપ્ટેમ્બર.

આજનો શબ્દ

અંગ્રેજી:-BED, ગુજરાતી:- પલંગ, हिंदी:- खाट, संस्कृत:- पर्यङ्क

આજનો સુવિચાર

'કેળવણીનું મૂળ લક્ષ્ય ચારીત્ર્ય ઘડતર કરવાનું છે.'– નાનાભાઈ ભટ્ટ

આજનો કોયડો....

કાકા-કાકા મેં દીઠું ટીકું, પુર પાણીમાં રમતું દીઠું.
પાણી છે, પણ પીતું નથી, એજનાવર મરતું નથી.
જવાબ:- વહાણ.

આજનો ઈતિહાસ

- ૧૫ સપ્ટેમ્બર, એન્જિનિયર દિવસ તરીકે ઉજવાય છે. [illegible]
- ૧૫ સપ્ટેમ્બર, "આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ" તરીકે ઉજવવામા આવે છે.
- ૧૫ સપ્ટેમ્બર [illegible]

આજનો દિન વિશેષ- 'એમ.વિશ્વેશ્વરૈયાનો જન્મદિવસ વિશેષ'

[illegible]

આજના પ્રશ્નો...

(૧) [illegible]
(૨) [illegible]
(૩) [illegible]
(૪) [illegible]
(૫) [illegible]


આજની કહેવત:- 'કજિયાનું મૂળ હાંસીને રોગનું મૂળ ખાંસી.'

સૌજન્યથી:- [illegible]







સ્ટોલ નંબર

22


ઈનોવેટરનું નામ : બનજારા જતીનભાઈ એ. મોબાઈલ નંબર : 99791 87199

શાળાનું નામ : શ્રી પીઠવડી કે.વ. શાળા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી




# EASY L.O.

મારી કર્મભૂમિ શ્રી પીઠવડી કે.વ. શાળામાં સપ્ટેમ્બર-2024માં ભાષા શિક્ષક તરીકે હાજર થયો ત્યારે જાણ્યું કે ધો. 6,7,8માં અંદાજે એક વર્ષથી કોઈ કાયમી ભાષા શિક્ષક નથી. આથી અંગ્રેજી ભાષા શીખવા પ્રત્યે બાળકોમાં નીરસતા અને ખાસ તો ભય રહેલ છે. બાળકોની વિવિધ કસોટીઓના ગુણોની ONLINE ENTRY દ્વારા એક તારણ તારવ્યુ કે ધોરણ – 6,7,8ની 18 જેટલી L.O. માં બાળકોએ 35% કરતા પણ ઓછી સિદ્ધી મેળવી હતી. આ પડકાર સ્વાભાવિક પણે મારી શાળાના બાળકો માટે પણ જોવા મળ્યો. આથી આ 18 L.O. માંથી 06 L.O. પસંદ કરી તેના પર મેં મારો નવતર પ્રયોગ શરૂ કર્યો.

સૌ પ્રથમ તો એ જાણ્યું કે કઈ બીબાઢાળ રીતે પા.પુ. માં આપેલ રીત કે ઉદાહરણો દ્વારા બાળકોને મોટા ભાગે આ L.O.s નું શિક્ષણ આપવામાં આવે છે. આમ કરવાથી મને HARD SPOTS જાણવા મળ્યા અને કચાશના કારણો પણ જાણવા મળ્યા. ત્યારબાદ મેં જાતેજ મૌલિક રીતે CHARTS, PAPERS, SPELLING CARDS વગેરે જેવા સાહિત્યનું નિર્માણ કર્યું. આ માટે પુસ્તકો, સ્વ.પોથી વગેરેનો પણ ઉપયોગ કર્યો. વળી YOUTUBE અને અન્ય DIGITAL માધ્યમો દ્વારા પ્રાપ્ય સાહિત્ય વાપરીને બાળમાનસને ધ્યાને રાખીને અધ્યાપન કાર્ય કરાવ્યું. આ દરમ્યાન ખાસતો કઠીન મુદ્દાઓને સરળ બનવવા માટે પૃથ્થકરણ રીત વાપરીને ભણાવ્યું. આ માટે જરૂર મુજબ PAIR WORK, INDIVIDUAL WORK અને GROUP WORK જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો. વળી PROJECT BASED PADAGOGY, ART INTEGRATED PADAGOGY અને અન્ય પધ્તિઓ – પ્રયુક્તિઓનો પણ ઉપયોગ કર્યો. સાથો સાથ જે-તે મુદ્દાઓનો લેખિત અને મૌખિક રૂપે ખુબ મહાવરો– DRILLING–PRACTICE SESSIONS પણ કરાવ્યા.

છેવટે નિશ્ચિત સમયાંતરે લેખિત ટેસ્ટ, મૌખિક પ્રશ્નોત્તરી, DIALOGUE, પ્રાર્થના કાર્યક્રમમાં રજૂઆત વગેરે માધ્યમો દ્વારા મૂલ્યાંકન કરતા જોવા મળ્યું કે આ L.O.s માં બાળકોની સિદ્ધિ સરળતાથી 35% થી વધારીને 60%, 70% કે 80% સુધી પહોચાડી શકાય છે.

વર્તમાન સ્થિતિ વિષે વાત કરું તો આ પરિણામ જોયા બાદ મારા આત્મવિશ્વાસમાં ખુબ જ વધારો થયો છે. મારા CLUSTER ની શાળાઓમાં આ પ્રયોગ માટેનું જરૂરી સાહિત્ય પહોચાડવા હાલ પ્રયત્નશીલ છુ. વિશેષમાં રાજ્યકક્ષાએ તાલીમ લીધા બાદ શિક્ષક તાલીમ દ્વારા MTs અને જિલ્લાની સેંકડો શાળાના હજારો બાળકો સુધી પહોચાડવા મેં પ્રયાસો કરેલ છે. આ 06 સિવાયની અન્ય 12 L.O.s પર આ પ્રયોગનું કાર્ય હાલમાં શરુ છે. મારી અસરકારક રજૂઆત અને ઉપયોગી સાહિત્ય એમાં ભરપુર મદદરૂપ નીવડશે તેવી પૂરી આશા છે. અન્ય શાળાઓમાંથી જો કોઈ શાળા મને કહેણ મોકલે તો ત્યાં જઈ ત્યાના બાળકોને પણ આ L.O.s સિદ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ અને આતુર છુ. જે-તે L.O. માં અહી દર્શાવેલ STEPS અનુસરીને અધ્યયન અધ્યાપન કરાવવાથી સરળતાથી સિદ્ધિને 35% થી વધારી 60%, 70% કે તેથી વધુ આગળ લઇ જઈ શકાય. આમ GCERT અને V.S.K.ને આ પડકારનો ઉપાય આપવા મેં કરેલ આ પ્રયોગ આપ સમક્ષ રજુ કરેલ છે.


બનજારા જતીનભાઈ અનંતરાય

આ.શિક્ષક

શ્રી પીઠવડી કે.વ. શાળા તા. સાવરકુંડલા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

23



ઈનોવેટરનું નામ : કોઠિયા વર્ષાબેન નાનજીભાઇ    મોબાઈલ નંબર : 8758323535

શાળાનું નામ : શ્રી બ્રાંચ શાળા નં. 4    તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી

## " આત્મનિર્ભરતા તરફ એક કદમ "

The purpose of Education is to make Good Human Being with skill & Expertise

"Enlighten human being can be created by TEACHERS"

ડો.એ.પી.જે.અબ્દુલ કલામ.

NEP- 2020 અંતર્ગત વ્યવસાયિક શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે. અમારી શાળા પછાત વિસ્તારમાં હોવાથી અત્યંત ગરીબ બાળકો પર આજીવિકાની જવાબદારી હોય છે. જેના કારણે પોતાની પ્રતિભા – કૌશલ્ય ઓળખ્યા વગર કોઇપણ વ્યવસાયમાં જોડાય જાય છે. અને શાળામાં હાજર રહી શકતા નથી.

દરેક બાળકમાં કલા અને કૌશલ્યો રહેલા હોય છે જેને ઓળખી તે અનુસાર પોતાનો વ્યવસાય પસંદ કરે તે માટે એક વિચાર રજુ કરવામાં આવ્યો જેથી બાળકો આધુનિક સમય સાથે તાલ મિલાવી પોતાનામાં રહેલ કૌશલ્યો ઓળખી તેમા પારંગત થવા માર્ગદર્શન હેઠળ વ્યવસાયિક શિક્ષણ મેળવે તે જરૂરી છે. તેઓ આર્થિક સ્વનિર્ભર બને તેવા કંઇક નક્કર કૌશલ્યો શીખવવા તેમજ સજ્જતા લાવવા માટે રજાના દિવસોમાં તેમજ સર્વાંગી લિંપણ (મડ) આર્ટ, રેજીન આર્ટ, સ્ટ્રીંગ આર્ટ, એમ્બ્રોઇડરી આર્ટ, પેપર આર્ટ, ચિત્રકલા, કેનવાસ આર્ટ, મંડાલા ,વિવિધ વસ્તુઓનું ડેકોરેશન,કસ્ટ્માઇજ ગિફ્ટ,વસ્ત્રસજ્જા,પાક્શાસ્ત્ર જેવા વિવિધ આર્ટ તજજ્ઞો તેમજ સોશિયલ મીડિયાના માધ્યમોથી શીખવવામાં આવે છે. સાધન-સામગ્રીનો ઉપયોગ, યોગ્ય ટેક્નીક,સાવચેતી, ફીનિશિંગ વગેરે બાબતોની સમજ અપાય છે. કોઇ પણ કળાના સતત અભ્યાસથી તેમા કુશળતા પ્રાપ્ત કરી શકાય છે. આજે વિવિધ પ્રસંગો,ઉત્સવો,પાર્ટીમાં સુશોભન માટે લોકો ઘણો ખર્ચ કરે છે. જેમાં બાળકો ભણતા-ભણતા આરામથી કમાઇ શકે બાળકોને અભ્યાસ સાથે જીવનનિર્વાહ માટે દીર્ઘદ્રષ્ટિ મળે છે. ઘરે બેઠા કાર્ય કરી શકતા હોવાથી શાળામાં હાજર રહી શકે છે.

જે તે આર્ટનું નવિન ટાસ્ક આપીને તેણે કેટલી પારંગતતા પ્રાપ્ત કરી, ચોકસાઇ,સમય-વ્યવસ્થાપન , ફિનિશિંગ, નવિનતા, ગુણવતા અને સાધન-સામગ્રીનો ઉપયોગ કરે તેના આધારે સતત મૂલ્યાંકન થાય છે.

વિધાર્થીઓ વિવિધ કૌશલ્યોમાં પારંગત થઇ આત્મનિર્ભર બન્યા છે. હસ્તકલા પ્રદર્શન અને વેચાણનું આયોજન બાળકો દ્વારા કરવામા આવેલ. ગ્રાહક્ની માંગ મુજબ કસ્ટમાઇઝ કરીને વસ્તુઓ બનાવી આપે છે. કેટલોગ બુક બનાવી સ્થાનિક દુકાનદારોનો સંપર્ક કરી જાહેરાત કરતા થયા છે.

સોશિયલ મીડિયાનો પણ સદઉપયોગ શીખ્યાં છે. NEP 2020 માં જે વ્યવસાયિક શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે તે ચરિતાર્થ થાય છે. વિધાર્થીઓ સ્વનિર્ભર બન્યા છે. આત્મનિર્ભર ભારતની સંકલ્પના સિદ્ધ થાય છે.


કોઠિયા વર્ષાબેન નાનજીભાઇ

આ.શિક્ષક

શ્રી બ્રાંચ શાળા નં. 4 તા.સાવરકુંડલા

# STRING ART




# LIPAN ART




# EMBROIDERY





# RESIN ART





# JEWELLERY MAKING





# PAINTING






# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર 24

ઈનોવેટરનું નામ : તેરૈયા પ્રજ્ઞા મનવંતરાય મોબાઈલ નંબર : 9327598668

શાળાનું નામ : ગમાપીપળીયા પ્રાથમિક શાળા તાલુકો : બાબરા જિલ્લો : અમરેલી



# મેજિકલ અંગ્રેજી

ગમાબાઈનું ગમા પીપળીયા ગામ જે નદીઓ વચ્ચે ઘેરાયેલું છે આજથી દોઢ વર્ષ પહેલાં જામનગર જિલ્લામાંથી અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગમાપીપળીયા ગામમાં મારી ટ્રાન્સફર થઈ એક વર્ષ તો તેઓને સમજવામાં જ પસાર થયું આખરે મેં નક્કી કર્યું કે ધોરણ છ થી આઠ ના દરેક બાળકો અંગ્રેજીમાં વાતચીત કરતા થાય પણ સમસ્યા ત્યારે ઊભી થઈ કે વાત જ્યારે અંગ્રેજી વિષયની આવે ત્યારે ધોરણ છ થી આઠ ના બાળકો મૂંઝાય કારણ કે તેઓને આ વિષય ખૂબ જ અઘરો લાગે ત્યારે મેં વિચાર્યું કે મેજિક સાથે એટલે કે પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આ વિષય શીખવું તો તેવો સરળતાથી શીખી જાય વ્યાકરણ વિશે જે મુદ્દાઓ હતા તેમાં સ્માર્ટ બોર્ડનો ઉપયોગ કર્યો ચાર્ટ બનાવ્યા પ્રવૃત્તિઓ કરાવી આમ તેઓને અંગ્રેજી ભાષા સરળ લાગે તે માટે અવનવી પ્રવૃત્તિઓ કરાવીને રમતા રમતા બાળકોને આ વિષય સરળતાથી શીખવવાનું શરૂ કર્યું

મરી મસાલા ની દરેક વસ્તુઓ મંગાવડાવી પી એલ એમ બનાવડાવ્યા ચિત્રો પણ દોરવામાં આવ્યા બાળકોની દરેક વસ્તુઓના નામ અંગ્રેજીમાં જ બોલતા શીખવું ખેતરની મુલાકાત કરાવડાવી બાળકો પાક ના નામ તથા શાકભાજી ના નામ અંગ્રેજીમાં જ બોલ્યા અને તેના પર પ્રોજેક્ટ વર્ક કરાવ્યું

જ્યારે મેં પ્રવૃત્તિમય અને હસતા રમતા આ વિષય ભણાવવાની શરૂઆત કરી ત્યારે ધોરણ છ થી આઠ ના દરેક બાળકોએ તેમાં રસ લેવાનું શરૂ કર્યું જે બાળકને ગુજરાતી માંડ માંડ બોલતા આવડે તે બાળકો પણ અંગ્રેજીમાં ધીમે ધીમે વાતચીત કરતા થયા

બાળકો જ ટીએલએમ બનાવે બાળકો જ દરેક વસ્તુઓ લઈને આવે તેના અંગ્રેજીમાં નામ આપે અંદરો અંદર હાલ ઘણી વાતચીત તેવો અંગ્રેજીમાં કરતા થયા છે દરેક બાળકો રસ પૂર્વક હવે આ વિષયને માણી રહ્યા છે અને હજુ પણ તેઓ નિષ્ણાંત બને તે માટેના પ્રયત્નો હાલ શરૂ છે

તેરૈયા પ્રજ્ઞા મનવંતરાય
આ.શિક્ષક
ગમાપીપળીયા પ્રાથમિક શાળા તા. બાબરા

nice day















# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર
**25**



ઈનોવેટરનું નામ : ભાવનાબેન જયંતિલાલ ગજેરા    મોબાઈલ નંબર : 8140384430

શાળાનું નામ : અનીડા પ્રાથમિક શાળા,    તાલુકો : કુંકાવાવ    જિલ્લો : અમરેલી

# "Easy English"

શિક્ષણ એ નાવિન્ય પ્રવાહો  સર્જતી કાયમી અને નિરંતરિત પ્રક્રિયા છે આ નાવિન્ય પ્રવાહોમાં ચેતનાત્મકતા પ્રગટાવવા સતત પ્રયત્નશીલ રહેનારા ચિત્રકુટ એવૉર્ડ. ગુરુગૌરવ અવૉર્ડ. તાલુકા કક્ષા અવૉર્ડ મેળવી ચૂકેલ અનિડા પ્રા શાળા તાલુકો કુંકાવાવના મુખ્ય શિક્ષક ભાવનાબેન જયંતિલાલ ગજેરા ધોરણ 6થી 8માં  ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓમા અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ અને સર્જનાત્મકતાનો અભાવ ભાષાના મૂળભૂત કૌશલ્યો LSRW વિકસે અને વર્ગખંડ અને વ્યવહારુ જીવનમાં ઇંગ્લિશ લેંન્ગવેઝ લર્નિંગ રિસોર્સિસ પ્રાપ્ત થાય અને જટિલ લાગતા અંગ્રેજી વિષયને સાહજિકતાથી શીખતાં થાય તે હેતુથી એક ઇનોવેશન હાથ ધરાયું "EASY ENGLISH "જેમાં વિવિધ યુક્તિ પ્રયુક્તિના માધ્યમ દ્વારા જેવા કે

- Action word
- ડીક્સનરી ગેમ્સ A ટુ ઝ
- ઑપરેશન હેન્ડરાઈટ
- મિચિંગ લેટર
- ક્વિઝ
- પિક્ચર વર્ણન
- ડાયલોગ /સંવાદ / મેજીક બોક્સ

જેવી અનેક યુક્તિ પ્રયુક્તિ દ્વારા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાના મૂળભૂત કૌશલ્યનો વિકાસ અને વર્ગખંડ અને બહારના વાતાવરણમાં અંગ્રેજી વિષય પ્રત્યે પ્રભુત્વ ધરાવતા જોવા મળ્યા. અંગ્રેજીમાં સ્પીચ આપતા થયા વિદ્યાર્થીઓમા 75% થી 80 % વિદ્યાર્થીઓમાં રસ રુચિ અને વિષય પ્રત્યે પોઝીટીવ અભિગમ જોવા મળતો જણાયો. આમ અંગેજી ભાષાને ચોક્કસ ક્રમમાં આનંદ સાથે ડર વગર આ' EASY ENGLISH 'ઇનોવેશન ખૂબજ અસરકારક સુધારો જોવા મળ્યો આમ એકँદરે આ ઇનોવેશન સફળ થતો જાણાયો.

ભાવનાબેન જયંતિલાલ ગજેરા
મુખ્ય શિક્ષક
અનીડા પ્રાથમિક શાળા તા. કુંકાવાવ


V
W
X
Y
Z
L 50
M 1000
D 500



સ્ટોલ નંબર
26

ઈનોવેટરનું નામ : શાહ વર્ષાબેન હસમુખલાલ મોબાઈલ નંબર : 9428040100
શાળાનું નામ : શ્રી સાજણટીંબા પ્રાથમિક શાળા તાલુકો : લીલીયા જિલ્લો : અમરેલી



# શોર્ટિંગ કાર્ડ દ્વારા ક્રમિકતાની સમજ

અંટાળીયા મહાદેવના સાનિધ્યમાં ત્રણ કિલોમીટરના અંતરે આવેલું નાનું એવું ગામ એટલે સાજણટીંબા ખૂબ જ સરસ મજાનું ગામ અને સરસ ભૂલકાઓનું કામ. પરંતુ ક્રમિકતા માટે લખવાનું આવે તો અમારા બાળકો મુંજાઈ જતા અને બાળક મુંજાય ત્યારે આપણે શિક્ષક તરીકે કંઈક નવીન પ્રવિધિ કરવાનો વિચાર આવ્યા વગર ન રહે.

જેથી IIT કીટમાં શોર્ટિંગ કાર્ડ જોયા કાર્ડમાં બાળકોને ખૂબ જ મજા આવતી હતી તો મને વિચાર આવ્યો કે કેમ આવા વિવિધ પ્રકારના કાર્ડનો ઉપયોગ કરી બીજી ક્રમિકતા દર્શક બાબતનો ખ્યાલ પણ બાળકમાં દ્રઢ બનાવવામાં આવ્યો તેથી આવા વિવિધ નવા કાર્ડ બનાવી તેની નવીન ઘટના બતાવી રમતો રમતા કર્યા અને ક્રમિકતા વાળી ઘટના વાર્તા માપન, નાણું, ઘટના જેવી ઘણા પ્રકારના કાર્ડ બનાવી બાળકો સામે મૂક્યા અને બાળકો અઠવાડિયામાં બે દિવસ એક કલાક આ કાર્ડનો મહાવરો કરે અને યાદ પણ રાખે અને સાથે લખતા પણ જાય તો આવી રીતે બાળકોમાં ક્રમિકતા સૂચક આવતી બાબતોનો ખ્યાલ આપવાનો પ્રયાસ કર્યો

જેના દ્વારા બાળકોનું ઉત્સાહ પણ જોવા મળે અને વિષય બધું સમજવાનો ખ્યાલ પણ આવ્યો અને ક્રમિકતા વાળી સંખ્યાને હવે ખૂબ જ સરળતાથી તેઓ લખતા હોય એવું પણ જોવા મળે છે .

શાહ વર્ષાબેન હસમુખલાલ
આ.શિક્ષક
શ્રી સાજણટીંબા પ્રાથમિક શાળા તા. લીલીયા

સ્ટોલ નંબર

27


**ઈનોવેટરનું નામ :** રાજેશભાઈ ભીખુભાઈ ખાંડેલ **મોબાઈલ નંબર** 9409453153

**શાળાનું નામ :** શ્રી જામકા પ્રાથમિક શાળા **તાલુકો :** બગસરા **જિલ્લો : અમરેલી**




## સર્જનથી સિદ્ધિ સુધી

સાતલડી નદીના કાંઠે આવેલું તાલુકા મથકેથી માત્ર6 કિ.મી.ના અંતરે નાનું એવું ગામ એટલે જામકા. મોટા ભાગે દરબારોના ખોરડા અને ખુબ પછાત ગામ. કોવિડ-19 નાં સમય દરમ્યાન તારીખ 6/4/2021ના રોજ શાળામાં હાજર થયો. માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા લેવાતા ઑનલાઈન વર્ગોમાં માત્ર 1 કે 2 વિધાર્થીઓ જ જોડાતા. ટેકનૉલોજિનાં આ યુગમાં અહીં નવો જ પડકાર સામે આવ્યો. જેમાથી ઉદભવ થયો આ ઈનોવેશનનો.

ઘરે-ઘરે ફરી બાળકોને કોવિડ-19નાં સમય દરમ્યાન માઈક્રોસોફ્ટ ટીમ્સનાં મેનુની સમજ આપી. જુન-2020થી જુન-2021 દરમ્યાનજુદાં – જુદાં બ્લોગ, વેબસાઈટ (આશરે2000 થી વધુ ) સર્ફિંગ કરી ગણિત-વિજ્ઞાન વિષયની જુદી-જુદી માહિતી એકત્ર કરી. કોવિડ મહામારી પૂરી થતાં સરકારશ્રીનાં આદેશ મુજબ શાળાઓ રાબેતા મુજબ શરૂ કરવામાં આવી. બાળકોને મોબાઈલની લત લાગી ગઈ હતી. તેમાંથી છોડાવવા 70 થી વધુ અ.નિ.આધારિત ગણિત/વિજ્ઞાનનાં ગીતો રચી "સંગીતના તાલે" અંક બનાવવામાં આવ્યો. દરરોજ એકગીત રજુ કર્યું.ધોરણ-6 ગણિત વિષય માટે અધ્યયન નિષ્પત્તિ આધારિત એક કસોટી અંક બનાવ્યો જેની રાજ્યકક્ષાએ નોંધ લીધી..


જુન-2021 થી જુન-2023 દરમ્યાન અ.નિ. આધારિત રમતો, ગીત, કલા આધારિત શિક્ષણ, પપેટ, વાર્તા વગેરેનું નિર્માણ કર્યું. જુન – 2023 થી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમારી શાળામાં મંજુર થયો સોનામાં સુગંધ ભળી. ત્યારથી ડિજિટલ ટેકસબુક બનાવી. જુન-2024થી આ ટેકસબુક દ્વરા અભ્યાસ કરાવવાનું શરુ કર્યું.

ધોરણ-6 થી 8 નાં બાળકો ગણિત/વિજ્ઞાનનાં પ્રોજેક્ટ ટેબલેટમાં સબમિટ કરતાં થયાં. સ્કેચ સોફ્ટવેરથી વીડીઓ બનાવતા અને એડીટીંગ કરતા થયા. સાયન્સ સેમિનારની PPT બાળકોએ જાતે બનાવી. દરેક બાળકોનાં બનાવેલ QRCode દ્વારા QRCode બુક બનાવી. પ્રાર્થનાસભામાં એક ગીત રજુકરતા થયા. પાઠનાં અંતે રમત દ્વારા ટેબ્લેટમાં કસોટી આપતા થયા.



રાજેશભાઈ બી. ખાંડેલ

આ.શિક્ષક

શ્રી જામકા પ્રાથમિક શાળા તા. બગસરા


ધોરણ – 7 વિજ્ઞાન 10. સજીવોમાં શ્વસન
ફેફસાનું મૉડેલ


ધોરણ – 6 વિજ્ઞાન 11.પ્રકાશ,પડછાયો અને પરાવર્તન
SHADOW PUPPET



શ્રી જામકા પ્રાથમિક શાળા
તા.બગસરા જી.અમરેલી
શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા જી.અમરેલી
ક્ષમતા આધારિત ટેસ્ટ પેપર
ધોરણ-6
વિષય- ગણિત


હ્રદય ની રચના


શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા જી.અમરેલી
બાળગુંજન
-: સંકલન :-


શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા
જિ.અમરેલી
ધોરણ : 3 થી 8
PLAYING WITH QR CODE
વિદ્યા એ જ વિકાસ
SCANE ME


7:21 PM
Guests are waiting to join. View lobby
JALKA DIPAKBHAI VAGHASIY...
PRINCEBHAI KISHORBHAI DA...
JENISH LALAJIBHAI RAMANI
TIRTHA SURESHBHAI DONGA
PRADIP MADHUBHAI PARAM...
DR
DRUVI PARASOTAMBHAI RAM...
SIDHDHANTBHA



ઓનલાઈન શિક્ષણ

સ્ટોલ નંબર
28

ઈનોવેટરનું નામ :સોંડાગર મનિષભાઈ નાથાભાઇ મોબાઈલ નંબર : 9998561572
શાળાનું નામ :શ્રી જુનીબારપટોળી પ્રા. શાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી



# વિધાર્થીઓનું ગેર હાજરીપત્રક

**રોજ નિશાળે જઈએ,અમે રોજ નિશાળે જઈએ,**
**ગાતાં-રમતાં અક્ષર સાથે ઓળખાણ કરી લઈએ...**

ધોરણ ચાર પર્યાવરણના પુસ્તકમાં આવતું આ ગીત સૌએ સાંભળ્યું જ હશે. નિયમિત શાળાએ હાજર રહેવાનો મહિમા આ ગીતમાં ગાવામાં આવ્યો છે. વિધાર્થી જો શાળાએ નિયમિત હાજર રહેશે તો ચોક્કસથી કંઈક નવું શીખશે એ સત્ય હકીકત છે.

મારી શ્રી જુની બારપટોળી પ્રાથમિક શાળામાં મેં એક ધોરણ માટે માસના અંતે હાજર વિધાર્થી અને ગેરહાજર વિધાર્થીનું પૃથક્કરણ કરવાનું વિચાર્યું. અંતે એ ખબર પડી કે ગે.હા. વિધાર્થીઓની કોઈ આંકડાકીય માહિતી આપણી પાસે નથી. વિધાર્થીઓના હાજરી પત્રકમાં આપણે માત્ર હાજર રહેલા વિધાર્થીઓના જ આંકડા વિશે વિચારીએ છીએ. માસના અંતે જ્યારે આપણે સરાસરી હાજરી તૈયાર કરીએ છીએ ત્યારે આપણને ખબર પડે કે અમુક વિધાર્થીઓ ઘણા બધા દિવસ ગેરહાજર રહેલ છે. સત્રના અંતે આ વિધાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ ખૂબ વધી જશે. આ મુદ્દાને ધ્યાનમાં રાખી વિધાર્થીઓના હાજરી પત્રકનો આધાર લઈ તેમાંથી ગેરહાજર વિધાર્થીઓના નામ અલગ તારવ્યા. ધોરણ-5 ના 50 વિધાર્થીઓનો એક નક્કર ડેટાબેઝ 6-માસ માટે તૈયાર કરવાનું વિચાર્યું અને તેને નામ આપ્યું- "વિધાર્થીઓનું ગેરહાજરી પત્રક".

હાલના સમયમાં આપણે વર્ગમાં વિધાર્થીઓનું હાજરી પત્રક બનાવીએ છીએ. ત્યારે વર્ગના અમુક વિધાર્થીઓ એવા હોય છે કે જે સમયાંતરે એક - બે દિવસ ગેરહાજર રહેતા જ હોય છે, સત્રના અંતે તેઓની ગેરહાજરીનું પ્રમાણ વધી જતું હોય છે. ખાસ કરીને આવા વિધાર્થીઓ ઉપર વિશેષ ધ્યાન આપવા અને વિધાર્થીઓની ગેરહાજરીની નોંધ રાખવા વિધાર્થીઓનું ગેરહાજરી પત્રક અહીં બનાવવામાં આવેલ છે. જેમાં આખા માસની ગેરહાજરી અને તેની ટકાવારી તેમજ સમગ્ર સત્રની ગેરહાજરી અને તેની ટકાવારી આપણે જોઈ શકીએ છીએ અને તેમના પર વિશેષ કાર્ય કરી શકીએ છીએ.

જૂન- 2024 થી શરૂ કરાયેલ આ નવતર પ્રયોગમાં દરેક મહિનાના અંતે ગેરહાજર રહેલ વિધાર્થીઓની ટકાવારી કે આંકડાના આધારે તેઓનો વાલી સંપર્ક કરવામાં આવે છે. જરૂર જણાય ત્યારે ફોન ઉપર પણ તેમના સંતાનની ગેરહાજરી અને નુકસાન વિશે ચર્ચા કરવામાં આવે છે.

શરૂઆતમાં વિધાર્થીઓ નજીવા કારણોસર ગેરહાજર રહેતા હતા. (દા. ત. - આજે મોડું થઈ ગયું છે, આજે આપણા સાહેબ નથી આવવાના, આજે હોમવર્ક થયું નથી, આજે મહેમાન આવ્યા છે, વિગેરે...) તેઓ હવે શાળાએ નિયમિત આવે છે. વર્ગની ગેરહાજરીની ટકાવારીના પ્રમાણમાં સતત ઘટાડો થયેલો જોવા મળે છે.આ નવતર પ્રયોગ દ્વારા..

- વિધાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ જાણી શકાય છે.
- ગેરહાજર વિધાર્થીઓ માટે માસ અને સત્રના અંતે એક ડેટાબેઝ તૈયાર કરી શકાય છે.
- ગેરહાજર વિધાર્થીઓની સાચી અને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.
- વિધાર્થીઓની શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન સરળ બને છે.

સોંડાગર મનિષભાઈ નાથાભાઇ
આ.શિક્ષક
શ્રી જુનીબારપટોળી પ્રાથમિક શાળા તા-રાજુલા

ધોરણ-5

## વિદ્યાર્થીનું ગેરહાજરી પત્રક

હાજરીના કુલ દિવસો-144

| No. | Students Name | Jun-24 | Jul | Aug | Sep | Oct | Nov | Dec | Jan-25 | Feb | Mar | Apr | May | Total Absent | % of Absence |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | લાખણોત્રા ઓમ દેવાતભાઈ | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | | | | | | 1 | 0.69% |
| 2 | લાખણોત્રા યદુનંદન દેવાતભાઈ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 3 | | | | | | 3 | 2.08% |
| 3 | લાખણોત્રા હેમરાજ બાબુભાઈ | 1 | 3 | 3 | 2 | 1 | 4 | 3 | | | | | | 17 | 11.81% |
| 4 | લાખણોત્રા માનવ કનુભાઈ | 1 | 0 | 0 | 1 | 0 | 1 | 4 | | | | | | 7 | 4.86% |
| 5 | લાખણોત્રા શિવા અરજણભાઈ | 1 | 2 | 2 | 0 | 0 | 4 | 1 | | | | | | 10 | 6.94% |
| 6 | વાઘ પરિક્ષીત રમેશભાઈ | 1 | 5 | 4 | 3 | 0 | 4 | 3 | | | | | | 20 | 13.89% |
| 7 | વાઘ કૌશિક કાળુભાઈ | 1 | 6 | 4 | 3 | 1 | 3 | 4 | | | | | | 22 | 15.28% |
| 8 | વાઘ પાર્થ ગભરૂભાઈ | 1 | 2 | 0 | 0 | 0 | 1 | 0 | | | | | | 4 | 2.78% |
| 9 | રામ વૈભવ લાલાભાઈ | 1 | 7 | 4 | 3 | 1 | 4 | 4 | | | | | | 24 | 16.67% |
| 10 | મકવાણા શુભમ દાનાભાઈ | 1 | 2 | 0 | 1 | 0 | 0 | 0 | | | | | | 4 | 2.78% |
| 11 | કવાડ શુભમ ભરતભાઈ | 1 | 0 | 1 | 0 | 0 | 2 | 0 | | | | | | 4 | 2.78% |
| 12 | સાંખટ વિવેક મથુરભાઈ | 1 | 3 | 2 | 1 | 0 | 1 | 3 | | | | | | 11 | 7.64% |
| 13 | વાળા રોહિત રમેશભાઈ | 1 | 3 | 0 | 4 | 1 | 3 | 5 | | | | | | 17 | 11.81% |
| 14 | લુણી રમેશ તેજાભાઈ | 0 | 2 | 0 | 0 | 0 | 2 | 0 | | | | | | 4 | 2.78% |
| 15 | લુણી માનવ વસ્તાભાઈ | 1 | 1 | 0 | 1 | 0 | 1 | 2 | | | | | | 6 | 4.17% |
| 16 | સોલંકી જયદિપ રાજુભાઈ | 1 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | | | | | | 3 | 2.08% |
| 17 | મરમલ જય ભાભલુભાઈ | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | | | | | | 2 | 1.39% |
| 18 | કુરેશી તાહિર રાજુભાઈ | 1 | 3 | 0 | 1 | 1 | 1 | 2 | | | | | | 9 | 6.25% |
| 19 | કુરેશી અયાનભાઈ મજીદભાઈ | 1 | 3 | 0 | 1 | 1 | 1 | 4 | | | | | | 11 | 7.64% |

Main | June | July | Aug | Sept | Oct | Nov | Dec | Jan-25

Shri Juni Barpatoli Primary School,Ta- Rajula,Dist-Amreli

ધોરણ-5

માસ- જુલાઈ

## વિદ્યાર્થીનું ગેરહાજરી પત્રક

TOTAL WORKING DAYS - 43

| ક્રમ | જી.આર. નંબર | ગેરહાજર વિદ્યાર્થીનું નામ | જન્મ તારીખ | સોમવાર 1 | મંગળવાર 2 | બુધવાર 3 | ગુરુવાર 4 | શુક્રવાર 5 | શનિવાર 6 | રવિવાર 7 | સોમવાર 8 | મંગળવાર 9 | બુધવાર 10 | ગુરુવાર 11 | શુક્રવાર 12 | શનિવાર 13 | રવિવાર 14 | સોમવાર 15 | મંગળવાર 16 | બુધવાર 17 | ગુરુવાર 18 | શુક્રવાર 19 | શનિવાર 20 | રવિવાર 21 | સોમવાર 22 | મંગળવાર 23 | બુધવાર 24 | ગુરુવાર 25 | શુક્રવાર 26 | શનિવાર 27 | રવિવાર 28 | સોમવાર 29 | મંગળવાર 30 | બુધવાર 31 | PRESENT | ABSENT | WORKING DAYS OF MONTH | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6515 | લાખણોત્રા ઓમ દેવાતભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 26 | 0 | 26 | 0.00 |
| 2 | 6516 | લાખણોત્રા યદુનંદન દેવાતભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 26 | 0 | 26 | 0.00 |
| 3 | 6506 | લાખણોત્રા હેમરાજ બાબુભાઈ | | P | P | P | P | P | P | | P | P | A | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | A | P | | P | P | P | 24 | 2 | 22 | 14.29 |
| 4 | 6501 | લાખણોત્રા માનવ કનુભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 26 | 0 | 26 | 0.00 |
| 5 | 6521 | લાખણોત્રા શિવા અરજણભાઈ | | P | A | P | P | P | P | | P | P | P | A | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 24 | 2 | 22 | 14.29 |
| 6 | 6505 | વાઘ પરિક્ષીત રમેશભાઈ | | A | P | P | P | P | P | | P | P | A | P | P | A | | P | P | | P | P | A | | P | A | P | P | P | P | | P | P | P | 21 | 5 | 16 | 35.71 |
| 7 | 6517 | વાઘ કૌશિક કાળુભાઈ | | P | P | P | P | A | P | | P | A | P | P | P | P | | P | P | | A | A | P | | P | P | P | A | P | P | | A | P | P | 20 | 6 | 14 | 42.86 |
| 8 | 6498 | વાઘ પાર્થ ગભરૂભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | A | P | | P | P | P | | P | P | P | A | P | P | | P | P | P | 24 | 2 | 22 | 14.29 |
| 9 | 6535 | રામ વૈભવ લાલાભાઈ | | A | P | P | P | P | A | | P | P | P | P | P | A | | P | P | | P | P | A | | P | A | P | P | P | A | | P | A | P | 19 | 7 | 12 | 50.00 |
| 10 | 6503 | મકવાણા શુભમ દાનાભાઈ | | P | P | P | P | A | P | | A | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 24 | 2 | 22 | 14.29 |
| 11 | 6502 | કવાડ શુભમ ભરતભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 26 | 0 | 26 | 0.00 |
| 12 | 6524 | સાંખટ વિવેક મથુરભાઈ | | P | P | P | P | P | P | | A | P | P | A | P | P | | P | P | | P | P | P | | A | P | P | P | P | P | | P | P | P | 23 | 3 | 20 | 21.43 |
| 13 | 6799 | વાળા રોહિત રમેશભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | P | P | | A | P | P | | P | A | P | P | P | P | | A | P | P | 23 | 3 | 20 | 21.43 |
| 14 | 6525 | લુણી રમેશ તેજાભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | A | P | P | | A | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 24 | 2 | 22 | 14.29 |
| 15 | 6546 | લુણી માનવ વસ્તાભાઈ | | P | P | P | P | P | P | | P | P | P | P | P | P | | A | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 25 | 1 | 24 | 7.14 |
| 16 | 6530 | સોલંકી જયદિપ રાજુભાઈ | | P | P | P | P | P | P | | A | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 25 | 1 | 24 | 7.14 |
| 17 | 6762 | મરમલ જય ભાભલુભાઈ | | P | P | P | P | A | P | | P | P | P | P | P | P | | P | P | | P | P | P | | P | P | P | P | P | P | | P | P | P | 25 | 1 | 24 | 7.14 |

Main | June | July | Aug | Sept | Oct | Nov | Dec | Jan-25

સ્ટોલ નંબર
29

ઈનોવેટરનું નામ : પટેલ હેતાબેન પરેશકુમાર મોબાઈલ નંબર : 9898781575

શાળાનું નામ : પીએમ શ્રી બાબરકોટ પ્રા. શાળા તાલુકો : જાફરાબાદ જિલ્લો : અમરેલી



## SPELLING LEARNING WITH ATTENDANCE

જાફરાબાદના દરીયાકાંઠે આવેલું મારું સુંદર અને રમણીય ગામ “બાબરકોટ” શાળામાં થી જોતા જ સુંદર દરિયો દેખાય એવું પ્રાકૃતિક ગામ. મારું વર્ષ 2023માં ગણિત – વિજ્ઞાનના શિક્ષક તરીકે નિમણુક થઇ .

અંગ્રેજી ભાષા એક નવી ભાષા તરીકે બાળક ડર અનુભવે છે, વારંવાર સ્પેલિંગ યાદ કરવા છતાં બાળક તે સ્પેલિંગ યાદ રાખવામાં ડર અનુભવે છે. અંગ્રેજી ભાષા માટે બાળકનો રસ કેળવાય તેમજ ભાષાને સરળ રીતે સમજી શકે તથા બાળકને ભવિષ્યમાં અભ્યાસ માટે અંગ્રેજી ભાષા ખુબ જ અનિવાર્ય થઈ ગયેલ જોવા મળે છે. બાળકના મનમાં અંગ્રેજી ભાષા માટે આનંદ જાગૃત કરવા માટે ઇનોવેશન કરવામાં આવ્યું.

વારસો અને ઘરનું વાતાવરણ બાળકના ઘડતરમાં ખુબ જ અગત્યનો ભાગ ભજવે છે. બાળકને જ્યારે આવું વાતાવરણ ઘરે ન પ્રાપ્ત થાય તો શિક્ષક તરીકે આપણે તેને આવું વાતાવરણ શાળામાં અવશ્ય પુરું પાડવું જોઈએ, માટે મને વિચાર આવ્યો કે બાળક રોજ વર્ગખંડમાં આવે ત્યારે શરુઆત હાજરી પુરવાથી થાય છે મારા ધોરણ 5 માંથી 6 માં આવેલ વિદ્યાર્થીઓ હાજરી માં જ્યારે Roll Number આવે ત્યારે “જય ભારત” બોલતા તેના સ્થાને મેં વિદ્યાર્થીને “Present Teacher” બોલવા પ્રોત્સહિત કર્યા ત્યારબાદ વિચાર આવ્યો કે જો વિદ્યાર્થીને સ્પેલિંગ આપવામાં આવે તો આથી વિદ્યાર્થીને દર સપ્તાહ સ્પેલિંગ આપવામાં આવ્યો વિદ્યાર્થી ત્યારપછી Roll Number આવે ત્યારે સ્પેલિંગ (Ex : Cat, Bat, Pen, Met, Mop…..) એમ બોલતા થયા. તેમણે ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો એમેને એટલી મજા આવી કે મને કહેવા લગ્યા કે બેન અમને મજા આવે છે અને અમે સરળ રીતે સ્પેલિંગ યાદ રાખી શકીએ છીએ.

બાળક ને જ્યારે આપડે એક ની એક વાત વારંવાર કહીએ છે તો એને તરત યાદ રહી જાય છે. જો બાળક એક સ્પેલીંગનો વારંવાર મહાવરો કરે તો જલ્દી યાદ રાખી શકે છે અને તેની સ્મૃતિમાં તે કાયમ રહે છે .

**“RIVISION IS THE HEART OF WRITING.”**


પટેલ હેતાબેન પરેશકુમાર
આ.શિક્ષક
પીએમ શ્રી બાબરકોટ પ્રાથમિક શાળા. તા.જાફરાબાદ


H.Patel 02/01/2025, 12:54

H.Patel 02/01/2025, 12:54

H.Patel 02/01/2025, 12:54

H.Patel 02/01/2025, 12:54

H.Patel 02/01/2025, 12:54

સ્ટોલ નંબર **30**


ઈનોવેટરનું નામ : રાજ્યગુરુ જાગૃતિબહેન જે. મોબાઈલ નંબર : 9824994712

શાળાનું નામ : શ્રીરાજુલા કન્યા શાળા નંબર 3 તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી




# આધુનિક રમકડા દ્વારા શિક્ષણ

પથ્થરોની ખાણો વચ્ચે કુદરતી સૌંદર્ય ધરાવતું રાજુલા તાલુકાનું રાજુલાગામ. જેમાં કન્યાશાળા નંબર ત્રણમાં માતૃભાષાને સમૃદ્ધ બનાવવા માટે કેટલાકને ઉત્તર પ્રયોગો હાથ ધરેલ છે. કોરોના કાળ પછી શબ્દભંડોળ વધારવા માટે અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ભાષા કે શિક્ષણ સમૃદ્ધ બનાવવાના હેતુથી આ નવતર પ્રયોગ ચાલુ કર્યો છે.

બાળકોને રમકડા કે રમવું બહુ ગમે છે અને આધુનિક જમાનાનું સૌથી આધુનિક રમકડું એટલે મોબાઈલ. આ મોબાઈલનો સદુપયોગ કરીને શિક્ષણ સાથે જોડીને રસપ્રદ બનાવી શકાય છે. માતૃભાષા સાથે અન્ય ભાષાનું શબ્દભંડોળ વધારવા મોબાઇલમાં આવતા ઈમોજીને પ્રવૃત્તિ તરીકે વર્ગખંડમાં દોરાવ્યા તથા દરેક ઈમોઝીના અંગ્રેજી તથા ગુજરાતી નામ આપીને ધોરણ છ થી આઠના બાળકોને પરિચય કરાવ્યો. ત્યાર બાદ પુઠા અને કાગળમાંથી બાળકોએ ઈમોજી બનાવીને દોર્યા.

પછી દરેક વિધાર્થીને એક એક ઈમોજી આપીને રમત શરૂ કરી. આ રમતમાં એક બાળક પોતાની પાસે રહેલું ઈમોજી વર્ગખંડમાં બતાવશે તો વર્ગખંડમાંથી બતાવેલું ઈમોજીની નજીકનો સમાનાર્થી ઈમોજી બતાવશે અને તેનું વિરોધી ઈમોજી પણ બતાવશે. આમ જુદા-જુદા સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો મળે તેની વિધાર્થીઓ યાદી બનાવતા જશે.

આ ઉપરાંત એક બાળક કોઈ એક ઈમોજીનો અભિનય કરશે તો નિયમ પ્રમાણે પોતાની પાસે રહેલું ઈમોજી વર્ગખંડ સમક્ષ કોઈ એક બાળક બતાવશે. ઘણી રમત રમી શકાય છે. રમતો દ્વારા બાળકોનો શબ્દ ભંડોળો પણ વિકસે છે અને અભિનય અને ચિત્રકલા જેવી કલાઓનો પણ વિકાસ થાય છે. નવી શિક્ષણનીતિ પ્રમાણે પેડાગોજીને ધ્યાનમાં લઈને રમકડા દ્વારા શિક્ષણનો આ સફળ પ્રયોગછે. આ રમતમાં વર્ગના 100% વિધાર્થીઓ રસપ્રદ રીતે ભાગ લઈ શકેછે. 50% બાળકોનો શબ્દભંડોળ વધ્યો છે. તેમજ અર્થગ્રહણ સર્જનાત્મકતા અને ચિંતન જેવી અધ્યયન નિષ્પત્તિઓ પણ સિદ્ધ કરી શકાય છે.


રાજ્યગુરુ જાગૃતિબહેન જનકરાય
આ. શિક્ષક
શ્રી રાજુલા કન્યાશાળા નંબર 3, તા. રાજુલા


acer
3:33
4 February 2025 at 3:33 pm


4 February 2025 at 3:32 pm


4 February 2025 at 3:34 pm

સ્ટોલ નંબર
31


ઈનોવેટરનું નામ : જોષી હિરેનકુમાર પી. મોબાઈલ નંબર : 9427427023

શાળાનું નામ : શ્રી કોટડી પ્રાથમિક શાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી




# ઇ-પુસ્તકાલય રજીસ્ટર


આપણે ત્યાં સામાન્ય રીતે પુસ્તકોવિશે ઘણું કહેવામાં અને લખવામાં આવ્યું છે. જેમકે, "પુસ્તક મિત્ર છે આપણા એકાંતનું, તે વડીલ છે સારા સંસ્કારોનું અને ભવિષ્ય છે આપણા બાળકોનું." પુસ્તક વિનાનો માણસ ફરી પાછો કોઈ આરંભકાળનો આદિમાનવ બની જાય તે પહેલા ચાલો... પુસ્તકના જગતમાં પ્રવેશ કરીએ.

અમારી શાળા શ્રી કોટડી પ્રાથમિક શાળા, રાજુલા તાલુકાથી આશરે 11 કિમીના અંતરે આવેલી છે. હું ઓગષ્ટ-2013થી શાળા સાથે જોડાયેલ છું. અમારી શાળામાં હાલમાં 504 બાળકો અભ્યાસકરી રહ્યા છે. રાજુલા તાલુકો આમ તો પથ્થરોની ખાણો માટે દેશ વિદેશમાં વિખ્યાત છે. એજ રીતે સારા પુસ્તકો પણ જ્ઞાન, સાહિત્ય અને સંસકારોની ખાણ છે. શાળામાં આશરે 1000 કરતાં પણ વધારે પુસ્તકો છે. જેમાં જ્ઞાનવર્ધક, સાહિત્યને લગતા, વ્યક્તિત્વવિકાસ, કોમ્પ્યુટરશિક્ષણ, સામાજિક શિક્ષણ, સામાન્ય જ્ઞાન વગેરે જેવા વિવિધ વિભાગોના પુસ્તકો છે. બાળકો સમયાંતરે તેમને મનપસંદ પુસ્તકો મેળવી અને તેમની સહી પુસ્તકાલય ઈસ્યુ રજીસ્ટરમાં કરતા. આ પ્રક્રિયામાં ઘણો સમય વેડફાઈ જતો.


આ સમસ્યાના નિવારણ માટે કોઈ રસ્તો શોધવાનું જરૂરી જણાયું. જેથી સૌપ્રથમ મે આ સમસ્યાના નિવારણ માટે વિવિધ દિશાઓમાં વિચારવાનું શરૂ કર્યું. રિસર્ચના અંતે મેં ગુગલફોર્મ દ્વારા એક પુસ્તકાલય ઈસ્યુ રજીસ્ટર બનાવ્યું. જેમાં દરેક બાળકોની ધોરણ અને વર્ગવાઈઝ નામોની એંટ્રી કરી. ત્યારબાદ દરેક પુસ્તકોને વિવિધ વિભાગોમાં સોર્ટઆઉટ કરી તેમની પણ એન્ટ્રી કરી. જેની મદદથી બાળકો તેમજ શિક્ષકો જાતે જ પુસ્તકો પસંદ કરી અને પુસ્તકો મેળવી લે છે. આ ઈ-પુસ્તકાલય ઈસ્યુ રજીસ્ટરની મદદથી બાળકોએ લીધેલ પુસ્તકોનો ડેટા ટાઈમ સ્ટેમ્પ સાથે સચવાઈ રહે છે અને સમય પણ બચે છે. જેનો શિક્ષણકાર્યમાં વધુ ઉપયોગ થઈ શકે છે.


જોષી હિરેનકુમાર પી.
આ. શિક્ષક
શ્રી કોટડી પ્રાથમિક શાળા તા. રાજુલા





ઈ- પુસ્તકાલય રજીસ્ટર
Tue, 4
Feb





ઈ- પુસ્તકાલય રજીસ્ટર




ઈ- પુસ્તકાલય રજીસ્ટર
Google Forms




ઈ- પુસ્તકાલય રજીસ્ટર

સ્ટોલ નંબર
32

ઈનોવેટરનું નામ : મેર આશાબેન ઠાકરશીભાઇ મોબાઈલ નંબર : 9638081423

શાળાનું નામ : પીએમ શ્રી કોટડી પ્રાથમિક શાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી



# સામાજિકવિજ્ઞાન અધ્યાપનમાં પેડાગોજી

પથ્થરોની ખાણ અને પથ્થરોમાંથી બનવવમાં આવતી વસ્તુઓ માટે જાણીતું રાજુલા શહેર અને તેના થી 11km દુર કોટડીગામમાં આવેલ પીએમ શ્રી કોટડી પ્રા. શાળા કે જે શાળામાંથી અભ્યાસ કરીને ગયેલા 200થી વધારે વિધાર્થીઓ ડૉક્ટર છે તેવી શિસ્ત અને સંસ્કારને વરેલી શાળામાં મારી નિમણુક જુલાઇ – 2022માં થઈ.

હું સામજિકવિજ્ઞાન વિષયની શિક્ષક એટલે શ્રેષ્ઠ એક નાગરિક બનાવવા માટે એક શિક્ષક તરીકેની જવાબદારી વધી જાય છે કારણ કે સામજ પણ એક શિક્ષક પાસે વધુ અપેક્ષાઓ રાખે છે. મારી નિમણુક પછી મેં અનુભવ્યુ કે સામાજિક વિજ્ઞાન વિષય ભણવો વિધાર્થીને બહુ કંટાળાજનક લાગે છે એમા પણ ઇતિહાસના પાઠ તેમને અઘરા લાગે છે, યાદ રહેતા નથી, તેમજ બાળકો નીરસ બની જાય છે. વળી ધોરણ 5 માંથી ધોરણ 6 માં આવતા વિધાર્થીઓ માટે આ વિષય નવો હોય વછે જેના કારણે બાળકોને વિષય અઘરો લાગે છે. આ ઉપરાંત મેં અનુભવ્યુ કે વિધાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકમાંથી જ ભણાવી દેવાથી એમને કાંઇ જ સમજાતુ નથી અને કંટાળો આવે છે એટલે મેં અલગ-અલગ પધ્ધતિઓથી ભણાવવાનું વિચાર્યું પાઠને અનુરૂપ પ્રવૃત્તિઓ દ્વારા શિખવવાનું નક્કી કર્યું ( ઉદાહરણ તરીકે : વેશભુષા, મૉડલ બનવવા, નાટ્યકરણ, ચૂંટણી કરાવવી , અનુભવજન્ય, ચાર્ટ બનવવાં. વગેરે )

આમ કરવાથી વિધાર્થી વધુ ઉત્સાહથી શિખતા થયા અને સરળતાથી યાદ પણ રખી શકતા થયા. દરેક પ્રવૃત્તિમાં રસ લઈ જોડાતા થયા. તેની પોતની મૌલિકતાથી જવાબ આપતા થયા આ ઉપરાંત બાળકની ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીને ધ્યાનમાં રાખીને મેં એક MCQ ની બુક તૈયાર કરી તે બુક ધોરણ 6 થી 8 નાં દરેક વિધાર્થીને આપી જેમાથી વિધાર્થી તૈયારી કરી શકે.

મેર આશાબેન ઠાકરશીભાઇ
આ.શિક્ષક
પીએમ શ્રી કોટડી પ્રાથમિક શાળા. તા. રાજુલા





પી. એમ. શ્રી. કોટડી. પ્રા. શાળા



સ્ટોલ નંબર
33

ઈનોવેટરનું નામ : સિંગલ બિંદીયાબેન મોહનભાઈ મોબાઈલ નંબર : 98700005496
શાળાનું નામ : ઇંગોરાળા પ્રાથમિક શાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી



# ધોરણ6 થી 8 માં અંગ્રેજી શિક્ષણ

અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા બનતા અને આજના આધુનિક યુગમાં અંગ્રેજીનો પ્રવાહ વધતા નામ વિધાર્થીઓમાં તેનું જ્ઞાન હોવું જરૂરી છે. ઇંગોરાળા પ્રાથમિક શાળામાં બાળકો ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હોવાથી તેમનામાં અંગ્રેજી વાંચન અને લેખનનો મહાવરો ઓછો હતો. અંગ્રેજી વિષય પ્રત્યે ઉદાસીનતા તથા તેની રજૂઆતમાં આત્મવિશ્વાસનો અભાવ જોવામાં આવ્યો છે આ વિધાર્થીઓને અંગ્રેજી ભાષા પ્રત્યે રસ રુચિ વધે અને તેઓ અંગ્રેજી વિષયમાં ઉત્સાહભેર શિક્ષણ લેતા થાય તે હેતુથી વિવિધ ચાર્ટ અને TLM એમના માધ્યમથી બાળકોને action word, body parts, fuits. Vegetables, animals, birdsના વિવિધ સ્પેલિંગ તથાthis/that અને have/has ના સાદા વાક્યો લખાવીને વર્ગ સમક્ષ રજૂઆત કરાવી. સાંજના 4 થી 4:30 દરમિયાન 3 થી 5 સ્પેલિંગ લખાવીને વર્ગ સમક્ષ રજૂઆત કરાવી. 5 થી 7 લાઈન લખાવી તેનો ઉચ્ચારણ લખાવી લેખનનો મહાવરો પૂરો પાડ્યો.

રોજ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સ્પેલિંગ ગેમ્ ,પોએમ, સિંગિંગ વગેરેથી બાળકો અંગ્રેજી વિષયમાં રસ લેતા થયા. તેમના ઉત્સાહનો વધારો થયો. તેમનું અંગ્રેજી વાંચન અને લેખન સુધર્યું. તદુપરાંત તેમના શબ્દ ભંડોળમાં પણ વધારો થયો જેનો મને અનહદ આનંદ છે.

સિંગલ બિંદીયાબેન મોહનલાલ
આ.શિક્ષક
ઇંગોરાળા પ્રાથમિક શાળા, તા. લાઠી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

34

ઈનોવેટરનું નામ : દેવેનકુમાર નટવરલાલ ભટ્ટ મોબાઈલ નંબર : 9428969491

શાળાનું નામ : શ્રી ગોપાલગ્રામ કન્યા પ્રા. શાળા તાલુકો : ધારી જિલ્લો : અમરેલી



## શિક્ષણકાર્યમાં ઈન્ટર એક્ટિવ પેનલનો ઉપયોગ


અમરેલી જિલ્લાના ધારી તાલુકાની ગોપાલગ્રામ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 8 ના બાળકો અભ્યાસ કરે છે. શાળાની એક મોટી સમસ્યા એ હતી કે – શિક્ષક અને વિષય - શિક્ષકોની ઊણપ. પરિણામે બાળકો લેશન પર ધ્યાન આપવાને બદલે અવાજ કરતાં અને મસ્તીમાં વ્યસ્ત રહેતાં. શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવવા માટે મેં એક નવીનતમ ઉપાય શોધ્યો – ઈન્ટર એક્ટિવ પેનલ. આ ઈન્ટર એક્ટિવ પેનલ દ્વારા વિધાર્થીઓને જી-શાળા અને જી-શાળા પ્લસ એપ્લિકેશનનો ઉપયોગ કરીને સ્વ-અધ્યયન કરાવવામાં આવ્યું.

આ ઉપાય દ્વારા તેઓ વિઝ્યુઅલ અને ઈન્ટરેક્ટિવ માધ્યમો દ્વારા શીખવા લાગ્યા. ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ શરૂ થયો. જેમાં ગણિતમાં ચિત્રો અને ઉદાહરણોની મદદથી દાખલાઓની સરળ સમજ તેમજ વિજ્ઞાનમાં પ્રયોગો અને એનિમેટેડ વિડિયોઝ દ્વારા અભ્યાસની પદ્ધતિ, સામાજિક વિજ્ઞાનમાં નકશાઓ અને ઇન્ટરેક્ટિવ એક્ટિવિટીઓ પણ શરૂ થઈ તેમજ ગુજરાતી – હિન્દી - સંસ્કૃત અને અંગ્રેજી જેવી ભાષાઓમાં કાવ્યો અને ગદ્યપાઠો માટે સાઉન્ડ અને વિડિયો સપોર્ટ પણ થયો. આ રીતે બાળકો માટે આવો અભ્યાસ વધુ રસપ્રદ બન્યો, અને શિક્ષકો માટે પણ શીખવવાની પ્રક્રિયા સરળ થઈ. જી - શાળા અને જી - શાળા પ્લસ એપ્લિકેશનમાં ઉપલબ્ધ MCQ ટેસ્ટ દ્વારા વિધાર્થીઓનું મૂલ્યાંકન શરૂ કરાયું. જેની અસર વિધાર્થીઓના વર્તન અને શૈક્ષણિક પ્રગતિ પણ સ્પષ્ટપણે જોવા મળી.

દેવેનકુમાર નટવરલાલ ભટ્ટ

આ.શિક્ષક

શ્રી ગોપાલગ્રામ કન્યા પ્રા. શાળા તા. ધારી







સ્ટોલ નંબર

35


ઈનોવેટરનું નામ : પરમાર જિગર કુમાર નટવરલાલ મોબાઈલ નંબર : 9327390360

શાળાનું નામ : તાલુકા શાળા નંબર- 8 તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી




# ROBO SCHOOL

*"EVERYTHING THAT CAN BE AUTOMATED WILL BE AUTOMATED"*

સાવરકુંડલા તાલુકાનું ખાદી કાર્યાલય પાસેનો વિસ્તાર કે જ્યાં મજૂર વર્ગનું ખૂબ જ બહોળું પણ પ્રમાણ.. વાલીઓની સાથે બાળકો પણ આર્થિક રીતે નબળા હોવાથી મજુરીએ ચાલ્યા જાય. આવા બાળકોને ટેકનિકલી ખૂબ જ કૌશલ્ય કેળવાયેલું હોય છે પરંતુ ભણતર તરફથી વળગેલા હોતા નથી તેઓ વિજ્ઞાન સાથે ખૂબ જ સંલગ્ન થયેલા હોય છે પરંતુ વિજ્ઞાન તેમાં સમાયેલું છે. આ બાબતથી તેઓ વંચિત હતા આવા વિસ્તારમાં વિજ્ઞાન વિષયમાં રોબોટિક્સના ક્ષેત્રમાં બાળક સાથે કામ કરવાનો મને વિચાર આવ્યો. તેથી બાળકોમાં IT અને AI ક્ષેત્રે જ્ઞાનવિસ્તરે તકોમાં વિજ્ઞાન વિષયમાં જાગૃતિ આવે તે માટે એક અનોખો પ્રયાસ મેં કરેલો.

ધોરણ છ થી આઠના બાળકો સાથે પ્રેક્ટીકલ કૌશલ્ય વિજ્ઞાન સાથે જળવાઈ રહે... તે માટે બાળકોને મારી શાળામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવા બાળકોને જાગૃત કરવા એક પ્રયાસ કરેલો. જે મારો રોજિંદા જીવનમાં ઘર તેમજ શાળાના ઇલેક્ટ્રીક બોર્ડ તથા વિવિધ ઈલેક્ટ્રીક ઉપકરણોનું જોડાણ એ એક પ્રકારનું વિજ્ઞાન જ છે તે સમજાવવા પ્રેરિત કર્યા .જેમાં અનિયમિત આવતા બાળકોમાંથી 50% બાળકો તમામ વિદ્યુત ને લગતા જોડાણો અને ખૂબ જ સારી રીતે જોડી શકતા હતા તેઓ ઉપકરણો જો બગડી જાય તો ઘરના કે શાળાના ઉપકરણોને સારી રીતે જોડીને સરખું કરી શકતા હતા. આ જ્ઞાન તેમાં થોડા અંશે હતું. પરંતુ આ જ્ઞાન અને વિજ્ઞાન સાથે જોડી વિવિધ શ્રેણી સમાંતર જોડાણ વાયરીંગ જેવી બાબતો શીખવી તેઓને સર્કીટ જેવા લેવલના જોડાણો તરફ શીખવવા નો એક અલગ પ્રયાસ કર્યો. હવે આટલું જ્ઞાન ધરાવતા બાળકોમાં રોબોટ બનાવવા માટેનો એક અલગ જ જુસ્સો જગાવ્યો જેમાં બાળકો 70% ભાગ લેવા તૈયાર થયા....

હવે બાળકો પોતાની રીતે આત્મવિશ્વાસથી કોઈપણ જોડાણ કોઈ પણ સર્કિટ સારી રીતે જોડી શકતા હતા. આમ વિજ્ઞાન વિષયનો ડર હતો કે દૂર થયું વિજ્ઞાનના નિયમો જાણતા થયા પરીક્ષામાં સારું પરિણામ લાવતા થયા. રોજિંદા જીવનને વિજ્ઞાન સાથે જોડી આ જ વિજ્ઞાનને લેખન તરફ પણ જોડતા થયા અને અત્યારે છ થી આઠ ના 90% બાળકો મારી શાળામાં રોબોટને લગતી.. સર્કિટને લગતી કોઈપણ પ્રવૃત્તિઓ સારી રીતે અને સફળ રીતે કરે છે. મારી શાળામાં રોબો ક્લાસ છે અને જેમાં રોબોટ અને તેનું જોડાણ કરી શાળા રોબો ક્લાસમાંથી રોબો સ્કૂલ બનાવી દીધી છે. અને આ ઉપરાંત તેઓએ પોતાનું ભવિષ્ય પણ આઈટી સાથે અને રોબોટિક્સ સાથે જોડી દીધું છે.



પરમાર જિગર કુમાર નટવરલાલ

આ.શિક્ષક

તાલુકા શાળા નંબર- 8 તા. સાવરકુંડલા



Science Project













वजन





સ્ટોલ નંબર
36

ઈનોવેટરનું નામ : વ્યાસ હેતલબેન વસંતરાય મોબાઈલ નંબર : 9428560618
શાળાનું નામ : શ્રી વંડા પે સેન્ટર શાળા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી



# ડોલતી ઢીંગલી

કોવિડ-19ના સમય દરમિયાન ઓનલાઇન વર્ગો અને શેરી શિક્ષણ સમસ્યાના નિવારણ માટે ઉદભવ થયો આ ઇનોવેશનનો.'બાળકને જોઈને જે રીઝે, રીઝે બાળક જોઈ જેને , વસ્તલ મુરત, સ્નેહલ સુરત, હૃદય હૃદયના વંદન તેને કવિશ્રી ઉમાશંકર જોશીની પંક્તિને સાર્થક કરતી, બાળકના માનસપટ પર અમિટ છાપ પાડતી આ ડોલતી ઢીંગલી છે.

વર્ગમાં દરેક બાળક અલગ અલગ હોય છે. દરેક બાળકની શીખવાની પ્રક્રિયા અને ગતિ અલગ હોય છે. એમાં જ્યારે ' કોરી પાટી ' એટલે કે બાલવાટિકા અને ધોરણ ૧ અને ૨ના નાના બાળકોને અધ્યાપન સાથે જોડવા અને કાર્ય કરતા કરવા ખૂબ જ મુશ્કેલ હોય છે આ નાના બાળકોની કુતુહલતાને સંતોષીને તેઓ જિજ્ઞાસાપૂર્વક કાર્ય કરવા તત્પર બને તે માટે નિર્માણ થયું આ "ડોલતી ઢીંગલી"નું .

સૌ પ્રથમ મારા નવતર પ્રયોગ માટે આ ડોલતી ઢીંગલી સાધન બનાવવું પડશે. આ' ડોલતી ઢીંગલી'ની મદદથી બાળકોને મૂળાક્ષરજ્ઞાન, વર્ગીકરણની પ્રવૃત્તિ, સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો અને રંગોની ઓળખ જેવી અનેક પ્રવૃત્તિ કરાવી શકાય છે. બાળક 'ડોલતી ઢીંગલી' પ્રવૃત્તિ દ્વારા ખૂબ આનંદથી કાર્ય કરે છે. શાળામાં હું ૪:૦૦ થી ૪:૩૦ના સમયગાળામાં બાળકોને આ પ્રવૃત્તિ કરવા આપું છું. જ્યારે બાળકો આ પ્રવૃત્તિ માટે તે સમયની રાહ જોતા હોય છે કે આ સમયે મારા બેન આ 'ડોલતી ઢીંગલી'નું કાર્ય કરવા આપશે.આ 'ડોલતી ઢીંગલી' ની મદદથી બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે અને ઢીંગલીમાં વારો લેવા માટે ઉત્સુકતા બતાવે છે. એટલે આ પ્રવૃત્તિ ખૂબ જ આનંદદાયી બની જાય છે. મારી આ પ્રવૃત્તિમાં બાલવાટિકાના 50 બાળકો ધોરણ એક ના 63 બાળકો અને ધોરણ બે ના 15 બાળકો ભાગ લે છે અને અલગ અલગ વર્ગીકરણની પ્રવૃત્તિ અને ભાષા સજ્જતાની પ્રવૃત્તિમાં 'ડોલતી ઢીંગલી'ની મદદથી કરાવું છું અને બાળકો એમાં ખૂબ રસપૂર્વક ભાગ લે છે. મારી આ ડોલતી ઢીંગલી બાળકોની સમજ માટે ખૂબ ઉપયોગી નીવડી છે. જેનો મને ખુબ ખુબ આનંદ છે

વ્યાસ હેતલબેન વસંતરાય
આ.શિક્ષક
શ્રી વંડા પે સેન્ટર શાળા













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

38



ઈનોવેટરનું નામ : ત્રિવેદી ભાવેશકુમાર રસિકલાલ મોબાઈલ નંબર : 9426126245

શાળાનું નામ : શ્રી બાંટવાદેવળીપ્રા. શાળા તાલુકો : કુંકાવાવ જિલ્લો : અમરેલી

# HEALTH IS WEALTH

### "પહેલુંસુખતેજાતેનર્યા. "

આપણે ત્યાં કહેવાય છે ને કે " તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત " અને તેથી જ તો આપણી પાસે અભ્યાસ માટે આવતા બાળકોના તન અને મનની તંદુરસ્તી રહે તે માટે બાળકો દ્વારા ખવાતો ખોરાક આરોગ્યપ્રદ હોય તે જરૂરી છે. જો વિધાર્થીઓ અનારોગ્યપ્રદ ખોરાક લાવે અને ખાયતો તેની તંદુરસ્તીની સાથે સાથે તેનો અભ્યાસ પણ બગડશે જે નિશ્ચિતછે.

અમારી શાળાના ઘણાખરા બાળકો મધ્યાહન ભોજન સમયે ઝડપથી પોતાનું ભોજન પુરુ કરીને બહારના અનારોગ્યપ્રદ નાસ્તાઓ લેવા દોડી જતા હતા. ઘણી વાર ઘરેથી લાવેલા નાસ્તાઓ પણ આરોગ્યપ્રદ છે કે નહિ તે તપાસ થતી ન હતી અને વિધાર્થીઓ બીમાર પડે તેવો ડર પણ શિક્ષકોને હતો.

આ માટે અમારી શાળામાં ચાલતી બાલસંસદ અંતર્ગત મધ્યાહન ભોજન સમિતિની મિટિંગ બોલાવવામાં આવી મધ્યાહન ભોજન સમિતિના માર્ગદર્શક શિક્ષકશ્રી સાથે ચર્ચા કર્યા બાદ એક નિશ્ચિત મેનુ તૈયાર કરવાંમાં આવ્યું જે નીચે મુજબછે.

| વાર | નાસ્તા | વાર | નાસ્તા |
|---|---|---|---|
| સોમવાર | ઘરનો નાસ્તો | ગુરુવાર | ફળ,ઘરનો નાસ્તો |
| મંગળવાર | ફણગાવેલા કઠોળ | શુક્રવાર | બાફેલા કઠોળ |
| બુધવાર | બહારનો નાસ્તો (શિંગ ચણા વગેરે) | શનિવાર | મનગમતો નાસ્તો (ઘરનો) |

આ ઉપરાંત HYGIENIC FOOD જેવા કે વેજીટેબલ સલાડ, ઇડલી, ખાટીયાઢોકળા, ભાખરી પિજા, ઉત્તપમ, ઉપમા, અપ્પમ, મકાઇનો ચેવડો, હાંડવો, ફ્રુટસલાડ વગેરે જે 14 જેટલા નમુના રુપ નાસ્તાઓ બતાવેલ હતા તેમાથી પણ લાવી શકાય તેવી વ્યવસ્થા રાખવામા આવી.

સમયાંતરે મધ્યાહન ભોજન સમિતિ દ્વારા વિધાર્થીઓ દ્વારા લવાતા નાસ્તાઓની સરપ્રાઇજ ચકાસણી કરવામા આવી. જો કોઇ વિધાર્થી બજારના નાસ્તાઓ લાવતો પકડાયતો તેને ઉપરના મેનુમાથી કોઇ બે નાસ્તાઓ બીજા દિવસે નાસ્તાબોક્ષમા લાવવા અને મધ્યાહન ભોજનના માર્ગદર્શક શિક્ષકને બતાવી પછી નાસ્તો કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામા આવી. વિધાર્થીઓ માટે આરોગ્યલક્ષી આ પ્રકલ્પથી વાલીઓને પણ ઘણો સંતોષ થયો પ્રકલ્પનુ મુલ્યાંકન બે રીતે કરવામા આવે છે 1.મધ્યાહન ભોજન સમિતિના વિધાર્થીઓ દ્વારા વિશ્રાંતી તેમજ મધ્યાહન ભોજન સમયે ધોરણ પ્રમાણે લક્ષ્ય નક્કિ કરીને લાવેલા નાસ્તાઓની તપાસ કરીને. 2. વર્ગશિક્ષક કે અન્ય શિક્ષકો દ્વારા સમયાંતરે અનોપચારિક રીતે.

વ્યવસ્થાથી શાળાના બાળકો આરોગ્યપ્રદ નાસ્તાઓ લાવતા થયાંછે અને નાસ્તા ખાવાના સમયે કોઈ ભેદ કે દેખા-દેખી થતી નથી અને સાથે બેસીને બધા આરોગ્યપ્રદ નાસ્તાઓ કરી આરોગ્યમય રહી શકે છે આમ બાળકોના આરોગ્ય અને સુખાકારી જાળવવામાં શાળા મદદરૂપ થઇ શકેછે.જેનો અમને ગર્વ છે.

"सर्वेभवन्तुसु खनः।सर्वेसन्तुनिरामया।।."

ત્રિવેદી ભાવેશકુમાર રસિકલાલ
આ.શિક્ષક
શ્રી બાંટવાદેવળીપ્રા. શાળા તા. કુંકાવાવ


HYGIE NIC
FOOD



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

39

ઈનોવેટરનું નામ : બ્લોચ સમાબેન વી. મોબાઈલ નંબર : 6354322104

શાળાનું નામ : ડેડકડી પ્રાથમિક શાળા તાલુકો :સાવરકુંડલા જિલ્લો : અમરેલી



## MATHS BY 3S (song slate and smart board)

*"કલાકારો તો સિનેમા અને જિંદગી બંનેમાં હોય છે*
*એકનો અભિનય આપણી જાણમાં અને બીજાનો બહાર હોય છે"*

સાવરકુંડલાથી આશરે 33 કિલોમીટર દૂર વિવિધ નૃત્ય કલા અને સંગીતમાં માહિર એવા નાના ભૂલકાઓ ધરાવતી મારી ડેડકડી શાળામાં 2020 કોવિડની શરૂઆતમાં શાળામાં હાજર થઇ ત્યારે ગણિત વિષય જાણે કોઈ ભૂતિયો હાવ!કલાએ તમામ ઉંમર સાથે જોડાયેલ છે. અભિનય અને સંગીતથી બાળકને ગણિત સાથે રોચક અનુભવ મળે છે અને બાળકમાં એકાગ્રતા અને ગ્રહણ શક્તિ કેળવાય છે.

કોરોના જેવી વૈશ્વિક મહામારીએ શાળાના પાયાને નબળો પાડી નાખ્યો. ગણિતથી દૂર ભાગતા બાળકોમાં ગણિતના એકમ સાથે એકમના ગીતો ગવડાવી અભિનય સાથે અને નૃત્ય સાથે ગણિતમાં રસ કેળવવાની કોશિશ કરી જે મારો પ્રથમ S singing ઉદ્દેશ્ય પૂર્ણ કર્યો જેમાં ત્રણ થી આઠના બાળકોએ ઉમંગભેર ભાગ લીધો સાથે મહાવરા માટે બીજો S એટલે કે slateનો ઉપયોગ કરી વિવિધ મહાવરાવો કરાવવામાં આવ્યા...

કહેવાય છે કે "old is gold "મારા નાનપણના અનુભવો સાથે લઈ બાળકોને ગીતો દ્વારા પાયો પાકો કરાવ્યો. અને તેના સાથે સાથે સ્લેટનો ઉપયોગ તમામ બાળકોને કરાવ્યો જે હાલ પણ કાર્યરત છે. આ સ્લેટના ઉપયોગ બાદ આ જ મહાવરા ની પ્રશ્નોત્તરી સ્માર્ટ બોર્ડ સાથે બનાવી બાળકો પોતે જ પ્રશ્ન કરી મૂલ્યાંકન કરે. જે સફળ થઇ શક્યું. હાલમાં બાળકો એકમના ગીતો પાયાના ગીતો સમજીને તમામ ગીતો નહીં દ્વારા પ્રશ્નોના જવાબ આપી શકે છે. આ ઉપરાંત છ થી આઠમાં આવતા અટપટા અને બોરિંગ દાખલાઓ સ્લેટમાં વ્યક્તિગત રસથી મહાવરાવો પર મહાવરા કરે છે. જેના કારણે વાલીઓ ગામના અગ્રણીઓ લોકશાળા ડેડકડી લોકશાળા ખડસલી તાલુકા કક્ષા તેમજ રાજ્યકક્ષા સુધી જાણ થયેલ જેનો લેખ આધાર પુરાવો અગ્ર ગુજરાતમાં આપવા માટે થઈ તૈયાર થઈ રહેલ છે. જેના સોંગ પ્રવૃત્તિઓના QR CODE બાળકો જાતે જ તૈયાર કરે છે. અને અત્યારે આનંદિત થઈ ગણિત સાથે જોડાઈ ગયા છે જાતે ગીતો શાયરી અને સ્લેટ દ્વારા શિક્ષણ લે છે યુનિટ ટેસ્ટમાં અગ્ર દેખાવ કરી રહ્યા છે. કલાની સાથે જો ખરેખર જ્ઞાન શક્તિ અને જીવનમાં ગણિતને સક્રિયતા સાથે જોડાતા કર્યા છે. અને સમય સાથે પણ જોડાઈ ગયા છે.

બ્લોચ સમા બેન વી.
આ.શિક્ષક
ડેડકડી પ્રાથમિક શાળા તા.સાવરકુંડલા


શ્રી ડેડકડી.પ્રા.શાળા
તા:સા.કુંડલા
જિ: અમરેલી















સ્ટોલ નંબર **40**


ઈનોવેટરનું નામ : પંકજભાઈ એ પાઠક મોબાઈલ નંબર 9925729402

શાળાનું નામ : શ્રી નાના ભંડારીયા પ્રા. શાળા તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી




## સંસ્કૃત સંભાષણ

શ્રી નાના ભંડારીયા પ્રાથમિક શાળા મારી જયારે નિમણુંક થઇ ત્યારે અન્ય ભાષાનું વાક્ચાતુર્ય અન્ય ભાષાની સરખામણીએ ખુબ જ ઓછું જોવા મળ્યું.

સંસ્કૃત વ્યાકરણિક વિભાવનાની અસમજને કારણે બાળકો સંસ્કૃત વાતચીતમાં ખુબ જ ડર અને ખચકાટ અનુભવતા હતા.ત્યારે સંસ્કૃત પ્રત્યે તેમની રસ અને રુચિ કેળવાય તથા મુક્ત સંસ્કૃત સંભાષણ કરી શકે તે હેતુથી આ ઇનોવેશન હાથ ધરવામાં આવ્યું.

બાળકના વ્યક્તિત્વ વિકાસમાં તથા નૈતિક વિકાસમાં સંસ્કૃત ભાષા આધ્યાત્મિક, તથા સાંસ્કૃતિક મુલ્યોના જતન માટે ખુબ જ જરૂરી હોય, બાળક ભાગવત ગીતા જેવા વિવિધ શાસ્ત્રો અને પુરાણોનું રસપાન કરી શકે તથા નિજાનંદ અને વ્યક્તિગત વિકાસ કરી શકે તે હેતુથી તેમને આ ઇનોવેશન દ્વારા સંસ્કૃત જાણતા અને બોલતા કરવામાં પાયારૂપ ભૂમિકા પુરી પાડવામાં આવી.

આ ઇનોવેશનની ફલશ્રુતિ રૂપે બાળકો સંસ્કૃતમાં રસ રુચિ લેતા થયા અને મુક્ત પણે સંસ્કૃત બોલતા થયા એનો આનંદ અવર્ણનીય છે.


પંકજભાઈ એ પાઠક

આ.શિક્ષક


શ્રી નાના ભંડારીયા પ્રાથમિક શાળા તા.અમરેલી









कर्ता-क्रिया मेलनम्
सः
बालकः
पश्यति
नृत्यति
पिबति
पठति
खेलति
धावति
आगच्छति
कूर्दति
खादति
गच्छति
लिखति
नमति
तौ
बालकौ
पश्यतः
नमतः
लिखतः
गच्छतः
खादतः
कूर्दतः
पठतः
ते
बालकाः
पश्यन्ति
नमन्ति
लिखन्ति
गच्छन्ति
खादन्ति
कूर्दन्ति
पठन्ति
सः पठति
तौ पठतः
ते पठन्ति



मम परिचयः

मम परिचयः

સ્ટોલ નંબર **41**


ઈનોવેટરનું નામ : સોડવડીયા હરેશકુમાર હિંમતભાઈ મોબાઈલ નંબર : 94272 76302

શાળાનું નામ : શ્રી ભેંકરા પ્રા. શાળા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી




# પસ્તી બન્યું પુસ્તક 2.0

શાળામાં બાળકોની અનિયમિત હાજરી આકાંક્ષી જિલ્લામાં કુપોષણની સમસ્યા બાળકોમાં વિશેષ જ્ઞાનના અભાવની સમસ્યા

પૂર્વના દાહોદ જેવા જિલ્લામાં તારીખ 12-6-2019નાં રોજ સાકરદા પ્રાથમિક શાળામાં મારી નિમણુક થઇ. થોડા સમયમાં કોવિડ -19 જેવી મહામારી આવતા જિલ્લામાં સૌ પ્રથમ હરતી ફરતી ડીજીટલ બાઈક શાળા શરુ કરવામાં આવી, જેમાં ફળિયા શિક્ષણ આપી, 550 માસ્ક વિતરણ,જનજાગૃતિના કાર્યક્રમો સાથે શાળા બંધ છે પણ શિક્ષણ નહિ,અને આ સમયમાં બાળકોની વિપરીત પરિસ્થિતિ જોઇને જુલાઈ-2022માં સાંદીપની ગુરુગૌરવ એવોર્ડ માટે મારી પસંદગી થઇ ત્યારે પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને નિયામકશ્રી ટી.એસ.જોશી સાહેબના હસ્તે આ પસ્તી બન્યું પુસ્તક યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો.

આ માટે પસ્તી, પૂંઠા, રદ્દી ચોપડા, લોકભાગીદારી અને સ્વખર્ચ થી આવેલ નાણાનો ઉપયોગ કરી પુસ્તકો, કપડા , સીઝનલ ફ્રુટ, P. S. E, N. M. M. S. સામાન્ય જ્ઞાનના પુસ્તકો, સ્પર્ધાત્મક પરિક્ષાના પુસ્તકો વસાવી બાળકોને ઉપયોગી થાય તેવા હેતુથી વર્ગખંડમાં અને પ્રાર્થના સભામાં નિશ્ચિત સમયાંતરે મારી શાળાના અને અન્ય શાળાના બાળકોને પણ આ પુસ્તકો ભેટ સ્વરૂપે આપીને બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તથા તેઓ સફળતાપૂર્વક કારકિર્દી સિદ્ધ કરે તેવા ઉમદા વિચાર સાથે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. લોકભાગીદારી અને સ્વખર્ચથી મારી શાળા ઉપરાંત અન્ય શાળાના બાળકોને સીઝનલ ફ્રુટ તથા બુક, બોલપેન, ચોપડા તથા ટોપી, મોજા, સ્વેટર વગેરે પણ વિતરણ કરવામાં આવે છે. બુક બાઈન્ડીંગ જેવા કાર્યોથી થતી આવકમાંથી અમુક હિસ્સો બાળકો માટે આ પ્રોજેક્ટ અંતર્ગત વાપરવામાં આવે છે.

હાલ અનિયમિત બાળકો શાળાએ આવતા થયા. બાળકો પ્રોત્સહીત થઈ અન્ય પ્રવૃત્તિઓ અને પરિક્ષાઓમાં ભાગ લેતા થયા. P. S. E., N. M. M. S જ્ઞાનસાધના જેવી પરિક્ષામાં બાળકોએ ભાગ લીધો અને પાસ પણ થયા. ઉપરાંત મેરીટમાં ક્રમ મેળવીને ઝળહળતી સિદ્ધિ મેળવી. આ સિવાય શ્રી જીવાપર પ્રા. શાળા, તા. જસદણ, જિલ્લો – રાજકોટ અને શ્રી કોવાયા પ્રા. શાળા, તા. રાજુલા, જી. અમરેલી માં પણ આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.


સોડવડીયા હરેશકુમાર હિંમતભાઈ

આ.શિક્ષક

શ્રી ભેંકરા પ્રા. શાળા તા.સાવરકુંડલા

સ્ટોલ નંબર

42


ઈનોવેટરનું નામ : જોષી ધવલકુમાર જનકરાય મોબાઈલ નંબર : 9428708671

શાળાનું નામ : ગોઢાવદર પ્રાથમિક શાળા તાલુકો : લીલીયા જિલ્લો : અમરેલી




# શોર્ટકટ મેથ્સ ટ્રીક

લીલીયા તાલુકાનું ગોઢાવદર ગામ જે ગામ પહેલા ઘોઘાવદર તરીકે જાણીતું હતું, અને ત્યાં સર્પોના રાફડા આવેલા હતા, પરંતુ સર્પ કોઇને નુંકસાન પહોંચાડતા ન હતા, સમય જતા ઘોઘાવદર બની ગયું ગોઢાવદર.

આ ગોઢાવદર ગામની સુંદર પ્રાથમિક શાળમાં સુંદર શિક્ષણકાર્ય કરતા શિક્ષકો, લાગણીશીલ વિધાર્થીઓ, આવી સુંદર શાળામાં મારી નિમણુક થઇ.

ગણિતએ સતત મહાવરાનો વિષય છે. ગણિત સાબિતી વડે ધારણાઓનું સત્યાર્થ નક્કી કરે છે. જ્યારે જ્યારે અંકગણિતમાં ગાણિતિક ક્રિયાઓનો ઉપયોગ(સૌથી વધુ ગુણાકાર) કરવાનો થાય તેવા પ્રકરણો જેવા કે વર્ગ, ઘન, ક્ષેત્રફળ, ઘનફળ, ચક્રવૃધ્ધિ વ્યાજ, કામ અને મહેનતાણું ઉપરાંત N. M. M. S., P. S. E., પરીક્ષામાં પૂછાતા વ્યાવહારીક કોયડાઓ, ચોરસ-ત્રિકોણ ગણવા, કેલેન્ડર અને સમયને લગતી ગણતરીઓ અને જ્ઞાનસાધના, જ્ઞાનસેતુ, જેવી પરીક્ષાઓની પ્રેક્ટિસ માટે દાખલાઓ ગણાવતા અને તેમાં તેમની સામેલગીરી પણ કરાવવાનું થાય ત્યારે વિધાર્થીઓને ગાણિતિક ક્રિયાઓ કરવામા સમય ખૂબ જતો રહેતો, માત્ર એક તાસની અંદર બે કે ત્રણજ દાખલા ગણાવી શકાતા, અને વિધાર્થીઓને જ્યારે ગણતરી કરવામાં આપવામાં આવે ત્યારે જુદા જુદા જવાબ લાવતા, એટલે કે ભુલો કરતા આથી પરિણામ પાકું મળતું નહીં,


ઉપરોક્ત બાબત ધ્યાને લઈ ગણિતની જુદી જુદી ટૂંકી રીતોનો ઉપયોગ કરવાનો વિચાર આવ્યો. તેના માટે વૈદિક ગણિતની બુકનો રેફરન્સ બુક તથા યુ-ટ્યુબ જેવા માધ્યમનો ઉપયોગ કરી વિધાર્થીઓને સહેલી પડે તેવી રીતોનો ઉપયોગ ગાણિતિક ક્રિયાઓ કરાવવામાં લીધી. પરિણામે વિધાર્થીઓ લાંબી લચક ગાણિતિક ક્રિયાઓના સ્થાને આ ટૂંકી રીતનો ઉપયોગ કરતાં થયા, અને પળવારમાં જવાબ મેળવતા થયા તેને લીધે તેનામાં આત્મવિશ્વાસમાં પણ વધારો થયો ઉપરાંત ઉપરોક્ત પ્રકરણો તથા N. M. M. S., જ્ઞાનસાધના, જ્ઞાનસેતુ, P. S. E., જેવી પરીક્ષાઓની તૈયારીમાં આ શોર્ટકટ મેથ્સ ટ્રીકનો ઉપાયોગ કરી જલ્દી પરિણામ મેળવતા થયા. વળી આ ટ્રીકના ઉપયોગથી જ્ઞાનસેતુ પરીક્ષામાં અમારી શાળાના બે વિધાર્થીઓ મેરીટમાં આવ્યા.

વિધાર્થીઓને આ ટ્રીક કેટલા પ્રમાણમા યાદ રહી છે, તે જાણવા વિધાર્થીઓને એક પેપરની અંદર જુદી જુદી ગાણિતિક ક્રિયાઓનો ઉપયોગ થઈ શકે તે આધારિત દાખલા ગણવા અને વિકલ્પ આધારિત સવાલો આપ્યા. જેના પરિણામ સ્વરૂપે ધોરણ 6 થી ધોરણ 8 સુધીના 42 વિધાર્થીઓએ આપેલ પેપરમાં શોર્ટકટ મેથ્સ ટ્રીકનો ઉપાયોગ કરી 35 વિધાર્થીઓએ થોડા સમયમાજ પેપરમા આપેલ દાખલાઓનો સાચો ઉકેલ મેળવી લીધો.


જોષી ધવલકુમાર જનકરાય


આ.શિક્ષક

ગોઢાવદર પ્રાથમિક શાળા, તા.લીલીયા


45
40
35
30
25
20
15
10
5
0
15
13
2
14
11
3
13
11
2
42
35
7
6
7
8
કુલ
વિદ્યાર્થીની સંખ્યા
ઝડપી ગાણિતિક ક્રિયા કરતાં વિદ્યાર્થીની સંખ્યા
ધીમી ગાણિતિક ક્રિયા કરતાં વિદ્યાર્થીની સંખ્યા






(35)² = 35x35
1225
35
x35
1050
175
1225



સ્ટોલ નંબર

**43**


ઈનોવેટરનું નામ દિપાલી દિનેશભાઈ પંડ્યા મોબાઈલ નંબર : 9484524728

શાળાનું નામ : પીએમ શ્રી બાબરકોટ પ્રા. શાળા તાલુકો :જાફરાબાદ જિલ્લો : અમરેલી




## આપણા ભવિષ્યની નવીનતા: વર્ગખંડમાં ટેકનોલોજીની જાદૂઈઅસર

બાબરકોટ ગામ કે જે તેના બાજરા માટે પૂરા ભારતદેશમાં વખણાય છે.આ બાબરકોટ ગામમાં મારી નિમણૂંક જુલાઈ 2022માં થઈ. ગામ મોટું એટલે શાળામાં બાળકોની સંખ્યા પણ ખૂબ જ વધારે. હું તો શરૂઆતમાં એમ માની ને ભણાવતી કે બાળકોને પાયાનું જ્ઞાન છે પણ જ્યારે એકમ કસોટી અને વાર્ષિક પરીક્ષાના પેપરો ચેક કર્યા ત્યારે મને જણાયું કે મોટા ભાગના બાળકો પાયાના જ્ઞાનથી વંચિત છે. બાળકોને કઈ રીતે લખવું ? પ્રશ્ન કેમ લખવો અને તેનો જવાબ કેવી રીતે લખવો ? તે શીખવ્યું. ત્યારબાદ મેં પાયાથી શીખવવાનું શરૂ કર્યું અને વિદ્યાર્થીઓને તેમના સામર્થ્ય પ્રમાણે 3 ગ્રૂપમાં વિભાજિત કર્યા: " શકુંતલા દેવી" (તેજસ્વી વિદ્યાર્થીઓનું ગ્રુપ), "શ્રી નિવાસ રામાનુજન" (મધ્યમ વિદ્યાર્થીઓ નું ગ્રુપ) અને "આર્યભટ્ટ" (પ્રિય વિદ્યાર્થીઓનું ગ્રુપ).

"શકુંતલા દેવી" ગ્રૂપના વિદ્યાર્થીઓ હું જેટલું શીખવું એટલું ઓછા સમયમાં શિખતા ગયા, અને એક સમય એવો આવ્યો કે મને વિચાર આવ્યો કે હું હવે નવું શું કરું? એ સમય એ મેં “ChatGPT” વિશે NEWSમાંથી જાણ્યું અને તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે જાતે શીખીને વર્ગમાં બાળકોને શીખવવા લાગી.આ એ અલૌકિક અભ્યાસ સાધન બની ગયું, જ્યાં બાળકો તેમના પ્રશ્નો પૂછતા અને એઆઇ (AI)માંથી જવાબો મેળવતા હતા. અમુક બાળકો બોલીને પણ પ્રશ્નો પૂછતા, જ્યારે AI પાસેથી જવાબ સાંભળતા તો શરૂઆતમાં તો નવાઈ પામતા. થોડા સમય પછી વર્ગના બીજા બાળકોને પણ રસ લાગ્યો અને " શ્રી નિવાસ રામાનુજન" અને " આર્યભટ્ટ" ગ્રૂપના બાળકો પણ આનો ઉપયોગ કરવા લાગ્યા.

જ્યારે હું કક્ષામાં ન હોંઉ, ત્યારે પણ વિદ્યાર્થીઓ Interactive Panel પર સ્વતંત્રપણે અભ્યાસ કરતા હતાં. આનું શ્રેષ્ઠ પરિણામ એ થયું કે બાળકોનો અભ્યાસમાં રસ વધી ગયો અને મોટા ભાગની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થવા લાગી.તેઓ સ્વતંત્ર રીતે શિખવા લાગ્યા.

જો AI જેવી તકનીકનો ઉપયોગ કરવામાં આવે તો દરેક બાળકને ગમ્મત સાથે ગુણવત્તાપૂર્વક શિક્ષણ મળી શકે છે.


દિપાલી દિનેશભાઈ પંડ્યા

આ.શિક્ષક

પીએમ શ્રી બાબરકોટ પ્રાથમિક શાળા તા. જાફરાબાદ








WORLD
BOOK
DAY

સ્ટોલ નંબર
44

ઈનોવેટરનું નામ : જેબલીયા ઉર્મિલાબેન ડી. મોબાઈલ નંબર : 6354427470
શાળાનું નામ : સરકારી માધ્યમિક શાળા - અકાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી



# " ગમ્મત દ્વારા વિજ્ઞાન "

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળીયા હનુમાનજી મંદિરના સાનિધ્યમાં આવેલ ગામ એટલે અકાળા તમને ઘણી વખત સિંહ દર્શન પણ જોવા મળે.


મારી પ્રથમ નિમણૂક 2017 માં ભાવનગર જિલ્લામાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે થયેલ 2021 થી અમરેલી જિલ્લામાં આવેલ સામાન્ય રીતે નવી શરૂ થયેલ સરકારી માધ્યમિક શાળામાં પાઠ્યપુસ્તક , બ્લેકબોર્ડ, ચોક -ડસ્ટર સિવાય બધી જ શૈક્ષણિક સાધન સામગ્રી નો અભાવ વચ્ચે ધોરણ 10 ના વિધાર્થીઓને વિજ્ઞાન વિષયમા રસ - રૂચિ લેતા કરવા તેમ જ તેમના બોર્ડના પરિણામ સારા લાવવા એ પડકારરૂપ હતું.

જેથી કરીને માત્ર ચોક - ડસ્ટરના ઉપયોગથી જ બાળકો વિજ્ઞાનના કઠિન લગતા તમામ મહત્વના મુદ્દાઓ ગમ્મત સાથે યાદ રાખી શકે તેને અનુરૂપ પ્રવૃત્તિઓ કરવાનું શરૂ કર્યું. જેમાં વિજ્ઞાનમાં આવતું " હૃદયમાં રુધિરનું પરિભ્રમણ" જેમાં વર્ગખંડમાં રંગીન ચોકની મદદથી વર્ગખંડની ભૂમિ પર હૃદયની રંગીન ચોક દ્વારા મોટી આકૃતિ દોરીને એક રમત દ્વારા વિધાર્થીઓ હૃદયમાં લોહીનું પરિભ્રમણ કેવી રીતે થાય તે સમજે છે અને સરળતાથી યાદ રાખી શકે તેમજ આ પ્રમાણે વિજ્ઞાનમાં આવતા પાચનતંત્ર ,શ્વસનતંત્ર વગેરે જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

છેલ્લા ઘણા વર્ષોથી શાળાનું વિજ્ઞાન વિષયનું 85% થી 93% આસપાસ આવતું. જેમાં મને ગત વર્ષે માર્ચ 2014 બોર્ડ પરીક્ષામાં શાળાનું વિજ્ઞાન વિષયનું પરિણામ 100% આવેલ છે.

વિધાર્થીઓ માટે એક એપ્લિકેશન છે જેનું નામ છે, "Edutor App" જેમાં ગુજરાતનાં ઘણા બધા શિક્ષકો ધોરણ- 10નાં બોર્ડના વિધાર્થીઓ માટે નિશુલ્ક મટીરીયલ તેમજ ક્વિઝ અને બોર્ડની પરીક્ષાને લગતી તૈયારીઓ કરવામાં આવે છે જેમાં મે વિજ્ઞાનને લગતી ઘણી બધી બનાવે છે તેમજ વિડીયો મુકેલ છે ગુજરાતના ઘણા બાળકો તેના દ્વારા શીખે છે.

જેબલીયા ઉર્મિલાબેન ડી
આ.શિક્ષક
સરકારી માધ્યમિક શાળા – અકાળા
તાલુકો: લાઠી



મનુષ્યનું હૃદય
ડાબું ક્ષેપક
જમણું ક્ષેપક






મનુષ્યનું હૃદય
ડાબું ક્ષેપક




ડાબું ક્ષેપક

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

45




**ઈનોવેટરનું નામ : સલીમ અલ્તાફ સાબીરહુસેન કુરેશી મોબાઈલ નંબર : 99041 45446**

**શાળાનું નામ : દીપક હાઈસ્કૂલ – અમરેલી તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી**


## || અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્યસેનાનીઓની ઝાંખી ||

સામાન્યતઃ નાના બાળકથી લઈ મોટા યુવાનોને જ્યારે આપણે પ્રશ્ન કરીએ છીએકે, ભારતના 10 સ્વાતંત્ર્યસેનાનીઓના નામ કહો, તો તે 10 ના સ્થાને 10 થી વધુ નામ આપશે, પરંતુ જ્યારે આ પ્રશ્ન સ્થાનિક જિલ્લાના 10 સ્વાતંત્ર્યસેનાનીઓના નામ પૂછશો તો તે નથી આપી શકતા. કારણ એ નથી કે તેમને યાદ નથી કારણ એ છે કે તેમને ખબર જ નથી. અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્યસેનાની અને તેમના પ્રદાન વિશે ક્યાં તો તે અજ્ઞાત છે. કે અજાણ છે. આપણે પાઠ્યપુસ્તકમાં ઘણી વખત પ્રવૃત્તિ લખીએ છીએ કે તમારા જિલ્લાના સ્થાનિક સ્વાતંત્ર્યસેનાનીઓની યાદી તૈયાર કરો. પરંતુ વાસ્તવિકતાએ છે કે ભાગ્યે જ કોઈ બાળક આ પ્રકારની યાદી બનાવતા હશે. આ ઈનોવેશન આપણા સૌના ભુલાયેલા અને વિસરાયેલા સ્થાનિક સ્વાતંત્ર્યસેનાનીઓને સમર્પિત છે કે જેમણે પોતાનું ઘરબાર, કુટુંબ કબીલો છોડી દેશ સેવા માટે જીવન સમર્પિત કરી દીધું.

વર્ષ 2010 માં અમરેલીમાં ગુજરાત સ્થાપના વર્ષની સુવર્ણજયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવી. આ સમયે અમરેલી કલેક્ટરશ્રીના સૂચનથી અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્યસેનાનીઓનો સ્લાઇડ શો કમ વિડીયો બનાવવાનું આયોજન થયું અને આ હેતુથી સૌ પ્રથમ 2010માં 'અમરેલી જિલ્લાના સ્વાતંત્રસેનાની ઝાંખી' કરીને એક પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન વિડીઓ બનાવવામાં આવેલ. જેનો લાભ તે સમય કાર્યક્રમમાં ઉપસ્થિત ઘણા નગરજનોએ લીધો. ત્યારે અમને ઘણો સારો પ્રતિસાદ પણ સાંપડેલ. ત્યાર પછીનાં વર્ષોમાં રાષ્ટ્રીય પર્વમાં અને ક્યારેક અભ્યાસની સાથે આ સ્લાઇડ શો વિદ્યાર્થીઓને બતાવવામાં આવેલ. આમ તો મારો વિષય ઇતિહાસ હોય અને સંશોધનવૃત્તિનો સ્વભાવ હોય અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે થોડું થોડું સંશોધન,તેને સંલગ્ન કેટલાક પુસ્તકોનું વાચન, કેટલીક મુલાકાત અને કેટલીક માહિતીઓનું એકત્રીકરણ કરી પુસ્તક રચનાના વિચાર સાથે અમરેલી જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓની માહિતી સંપાદન લેખન કાર્ય હાથ ધરેલ.


સમય જતા દેશના સ્વાતંત્ર્ય પર્વનાં અમૃત વર્ષની ઉજવણીની શરૂઆત થઈ જેના અનુસંધાને અમરેલીની જનતા આ સ્વાતંત્ર્ય સેનાનીઓથી પરિચિત બને તે માટે અમરેલી જિલ્લાના 75 જેટલા સ્વાતંત્ર્યસેનાનીઓની માહિતીનું સચિત્ર પ્રદર્શન ગોઠવવું તેમ નક્કી થયું. વિનાઇલની સીટ ઉપર આ પ્રદર્શનની બનાવીએ કે જેથી લાંબો સમય સુધી ટકી રહે. પ્રદર્શનીનું ઉદઘાટન 13 મી ઓગસ્ટ 2022 ના રોજ સણોસરા લોકભારતી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ.અરૂણભાઇ દવે, નિત્યશુધ્ધાનંદ સરસ્વતી અને અમરેલી જિલ્લાના ડી.ઈ.ઓ શ્રી લતાબેન ઉપાધ્યાયના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રદર્શનીની મુલાકાત વિધાનસભાના દંડક અને અમરેલીના માનનીય ધારાસભ્ય શ્રી કૌશિકભાઇ વેકરિયા, અમરેલી શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી તુષારભાઇ જોષી તેમજ સ્વાતંત્ર સેનાનીઓના કુટુંબીજનો અને અનેક નામાંકિત લોકોએ તેમજ વિદ્યાર્થીઓએ લીધેલી અને આ પ્રદર્શનીનો લાભ ઉઠાવેલ.

આ પ્રદર્શનમાં અમરેલી જિલ્લાના મહાન સ્વાતંત્ર સેનાનીઓના જીવન,કાર્યો અને સ્વાતંત્રસંગ્રામમાં તેમના પ્રદાનની સચિત્ર માહિતી આપવામાં આવી છે. આ પ્રદર્શનીમાં શ્રી જીવરાજભાઇ મહેતા, શ્રી ગુણવંતભાઇ પુરોહિત, શ્રી જગજીવનભાઇ મહેતા, શ્રી રતુભાઇ અદાણી, શ્રી ઇન્દુકુમાર ભુવા, શ્રી મણિલાલ જોશી, શ્રી લાલચંદભાઇ વોરા, શ્રી હરિલાલ સંઘવી, શ્રી ભગવાનભાઇ મહેતા, શ્રી ઇસ્માઇલભાઇ નાગોરી, શ્રી પાર્વતીબેન ડાહ્યાભાઇ પટેલ, શ્રી જેઠાલાલ ગાંધી વગેરે જેવા 75 જેટલા સ્વાતંત્ર સેનાનીઓની માહિતી આપવામાં આવી છે અને કાર્ય અહીંથી અટકી જતું નથી હજુ વધુ માહિતી એકત્ર કરવા માટેના પ્રયત્નો શરૂ છે

આ પ્રોજેક્ટનાં પરિણામો ખૂબ જ ફળદાયી નીવડ્યા. આ પ્રદર્શનીના ઉદઘાટન વખતે સણોસરા લોકભારતી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ.અરૂણભાઇ દવેએ ખૂબ જ સરસ વિધાન કરેલું હતું કે આ પ્રદર્શની સાચા અર્થમાં કેળવણી છે અને તે દૃષ્ટિએ આ પ્રદર્શનીથી આજની પેઢી આપણા જિલ્લાના વિસરાયેલા સ્વાતંત્ર્યસેનાનીઓથી પરિચિત બની, અમરેલી જિલ્લાએ પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી છે આ બાબત જાણતા થયા જેથી વિદ્યાર્થીઓમાં સ્વાભિમાનની ભાવના અને દેશદાઝની ભાવના વધુ પ્રબળ બની.આ પ્રદર્શન દ્વારા આજની પેઢી આ ભુલાયેલા સ્વાતંત્ર સેનાનીઓથી પરિચિત બને તે હેતુથી બનેલ હોય હેતુ સાર્થક થાય છે તેનું ગૌરવ છે.


**સલીમ અલ્તાફ સાબીરહુસેન કુરેશી**
**આ.શિક્ષક**
**દીપક હાઈસ્કૂલ – અમરેલી**




સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન

દીપક હાઈસ્કૂલ, અમરેલી

Azadi Ka Amrit Mahotsav

અમરેલી જિલ્લાનાં સ્વાતંત્ર્ય સેનાનીઓની દીપમાળા

રૂપાયતન ...where creativity is nourished !

**શ્રી અરવિંદભાઇ જેઠાલાલ મહેતા**


જન્મ: ૪/૩/૧૯૨૨

વડોદરા

અવસાન:

૨૯-૯-૨૦૦૯

અરવિંદભાઇ દ્વારકામાં પૂ.શ્રી રવિશંકર મહારાજનાં સંપર્કમાં તેમના પ્રવચનોની તેમના પર અસર થઇ. આ ઉપરાંત દ્વારકામાં પૂ.શ્રી અભ્યંકરદાદા રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચલાવતા તેમની પાસેથી તેમણે રાષ્ટ્રીય શિક્ષણ અને પ્રેરણા મળ્યા. અભ્યંકરદાદાની દોરવણી નીચે તેઓ દ્વારકાની બાજુમાં આવેલ બરડિયા ગામે ગ્રામ સફાઇ, લોક સંપર્ક, ગ્રામસભા વગેરે પ્રવૃત્તિ કરવા જતાં. આમ તેઓ અભ્યાસકાળથી જ રાષ્ટ્રીય રચનાત્મક પ્રવૃત્તિમાં રસ લેવાની શરૂઆત કરી. ગાંધીજીની 'ગામડામાં પાછા ફરો'ની હાકલે મેટ્રીકનો અભ્યાસ છોડી ગામડામાં રચનાત્મક કામગીરીમાં જોડાઇ ગયા. તરવડામાં રચનાત્મક પ્રવૃત્તિ શરૂ કરી. ૧૯૪૨ની 'હિંદ છોડો' લડતમાં ભાગ લેવા તેઓ રાજકોટ આવ્યા. જ્યાં તેમની ધરપકડ કરવામાં આવી. અંગ્રેજોની હીરાસતમાંથી છૂટ્યા બાદ ધોળાથી બોટાદ વચ્ચેનો એક રેલ્વે પુલ તોડવાનાં એક મહત્વનાં કાર્યમાં ભાગ લીધો. ૧૯૪૩ સુધી મુંબઇ સહિત વિવિધ સ્થળોએ 'હિંદ છોડો' લડતમાં સક્રિય રહ્યા. લડત બાદ તરવડા આવી રચનાત્મક કામગીરી ચાલુ રાખી. ૧૯૪૭માં 'સર્વોદય સરસ્વતિ મંડળ' ની સ્થાપના કરી અને ધીમે ધીમે બાબાપુરમાં સ્થાયી થઇ ગયા હતા. ભુપતની શરણાગતિ માટે અને હરિજન ઉત્કર્ષ માટે તેઓ કામ કરતા રહ્યા હતા.


સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન

દીપક હાઈસ્કૂલ, અમરેલી

Azadi Ka Amrit Mahotsav

અમરેલી જિલ્લાનાં સ્વાતંત્ર્ય સેનાનીઓની દીપમાળા

રૂપાયતન ...where creativity is nourished !

**શ્રી ભગવાનજીભાઇ લવજીભાઇ મહેતા**

જન્મ:

૨૫/૨/૧૯૦૦

જન્મ સ્થળ :

અમરેલી

૧૯૨૦-૨૧માં ગાંધી પ્રેરિત અસહકારનાં આંદોલનમાં જોડાયા. પ્રિન્સ ઓફ વેલ્સનો બહિષ્કાર કરવા કોલકતામાં સભા સરઘસોમાં સક્રિય ભાગ લીધો. જેના કારણે તેમની ધરપકડ થઇ અને છ માસની જેલની સજા થઇ. જેલમાં તે સૌથી નાના ગુજરાતી સૈનિક હતા. જેલમાંથી મુક્ત થયા બાદ તેઓ અમરેલી આવ્યા. જ્યાં તેમણે યુવાનોને રાષ્ટ્રીય કેળવણી આપી લડતમાં તૈયાર કરવા સાથે કપોળ બોર્ડીંગનાં મેદાનમાં વ્યાયામ મંદિર શરૂ કર્યું. ગાંધીજી સહિતનાં દેશનાં અગ્રગણ્ય નેતાઓએ આ વ્યાયામ શાળાની મુલાકાત લીધી હતી. ૧૯૩૦માં મીઠાનાં સત્યાગ્રહ વખતે કવિ હંસરાજ સાથે મળી ભગવાનજીભાઇએ સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં સૈનિક ભરતીનું કામ ઉપાડી લીધુ.

ધોલેરા મીઠાનાં સત્યાગ્રહ વખતે અગિયારમાં સરદાર તરીકે ભગવાનજીભાઇ રહ્યા. બરવાળા પાસે બાવીસી ગામે લડતની નેતાગીરી લીધી. મીઠાનાં કાયદાનો ભંગ કરી તેમની ટુકડી પાછી ફરતી હતી ત્યારે સરકારી સૈનિકો તેમના પર તુટી પડ્યા. આ સમયે તેમના એક હાથમાં મીઠું અને બીજા હાથમાં રાષ્ટ્ર ધ્વજ હતો. તેમને અને તેમના સૈનિકોને સખત માર મારતા તેઓ બેભાન થયા. આ લડતમાં તેમની છ માસની જેલ થઇ. અહીં યરવડા જેલમાં ગાંધીજી સાથે તેમની મુલાકાત થઇ. ત્યાર પછી અમરેલીમાં વ્યાયામ મંડળની પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. ૧૯૪૨ની લડત વખતે ભગવાનજીભાઇ ભૂગર્ભ પ્રવૃત્તિ કરે છે તેવી અંગ્રેજોને શંકા જતાં તેમની પાછળ CID પોલીસ મુકવામાં આવી. સ્વરાજ પછી વડીલોનાં પગલે પ્રજાકીય પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. જીવનનાં અંત સુધી તેઓ વ્યાયામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા.



સ્ટોલ નંબર
**46**


ઈનોવેટરનું નામ : બારડ માનસંગ ભુપતભાઈ    મોબાઈલ નંબર : 9426130077

શાળાનું નામ : શ્રી જી.એન.દામાણી હાઈસ્કૂલ    તાલુકો : તા.ધારી    જિલ્લો : અમરેલી




# આનાપાન ( 10 મિનિટ )

હું ધારીની શ્રી જી.એન. દામાણી હાઈસ્કૂલમાં 2019માં આચાર્ય તરીકે જોડાયો અને શાળાની અંદર બાળકોના ઉજવળ ભવિષ્યને લઈને થોડી ચિંતા હતી. વિદ્યાર્થીઓને વર્ગમાં મેદાનમાં કે પ્રાર્થના સભામાં એકાગ્રતાનો અભાવ જોવા મળતો વિદ્યાર્થીઓમાં રસ રુચિ નો અભાવ જોવા મળતો અને પરાણે શાળામાં આવતા હોય એવું જોવા મળ્યું. શાળાએથી છૂટિને એમને મુક્તિનો આનંદ આવે પણ શાળાએ આવવામાં કંટાળો આવે. આ સમસ્યાનું નિવારણ કરવા માટે ખૂબ મનોમંથન કર્યું અને મેં જે વિપશ્યના ધ્યાન શિબિર કરેલી તેના શરૂઆતમાં આનાપાન ધ્યાન વિદ્યાર્થીઓમાં અમલ મુકવા માટે મને વિચાર આવ્યો એટલે પ્રાર્થના સભામાં 10 મિનિટ આનાપાન માટે મને સમય આપો. એ રીતે મેં વિદ્યાર્થીઓને આના પાન ધ્યાન વિશે સમજ આપી તેના ફાયદા વર્ણવયા અને બાળકોને પ્રશ્નોત્તરી દ્વારા શું શું તકલીફ પડે એની સમસ્યા જાણી અને એનું નિવારણ આનાપાન ધ્યાન દ્વારા કરી શકાય. એવા પ્રયાસના ભાગરૂપે પ્રાર્થના સભામાં 10 મિનિટ આનાપાન ધ્યાનની શરૂઆત કરી.

પ્રાર્થના સભામાં શરૂઆતમાં ઓડિયો દ્વારા આનાપાન ધ્યાનમાં થોડી મુશ્કેલી જણાય. પરંતુ,ધીમે ધીમે બાળકોને રસ પડવા માંડ્યો વર્ગમાં અને મેદાનમાં રમતમાં ભાગ લેવા માંડ્યા આનાપાનની દૈનિક ક્રિયામાં વણી લેવા માટે સ્કેનર દ્વારા ઘરે પણ મોબાઈલથી ઓડિયો દ્વારા પ્રેક્ટિસ કરી શકે એવી વ્યવસ્થાથી બાળકો ઘરે પણ અનુકૂળતાએ 10 મિનિટ આના પણ ધ્યાન કરવા મંડયા.

આ ધ્યાનની ફળશ્રુતિ વિદ્યાર્થીઓને વર્ગમાં મેદાનમાં અને સહ અભ્યાસ પ્રવૃત્તિમાં રસ લેતા કરી દીધા 14 માસ જેટલો સમય લાગ્યો પ્રેક્ટિસ જેમ જેમ વધતી ગઈ એના આધારે વિદ્યાર્થીઓમાં નોંધની પરિવર્તન જોવા મળ્યું આ આનાપાન ધ્યાન દસ મિનિટ જો પ્રત્યેક શાળામાં અમલવારી કરવામાં આવે તો દરેક શાળામાં બાળકોને ખૂબ લાભ થાય અને તેમની એકાગ્રતા, સહનશક્તિ, પારિવારિક ભાવના અને દરેકને અઘરા વિષયમાં રસ પડે,શાળાએ આવવું ગમે તેવું સંવેદના સ્તરે કામ થાય એવું ખૂબ સુંદર પરિણામ મને વિદ્યાર્થીઓમાં જોવા મળ્યું..


બારડ માનસંગ ભુપતભાઈ
પ્રિન્સિપાલ
શ્રી જી.એન.દામાણી હાઈસ્કૂલ તા. ધારી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી
## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર
47


ઈનોવેટરનું નામ : બારૈયા અરજણભાઈ એ. મોબાઈલ નંબર : 9714835947
શાળાનું નામ : લોકશાળા ખડસલી તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી




# સ્વયં રચિત માઇક્રોસ્કોપ

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવ અંતરિયાળ વિસ્તારમાં ખડસલી ગામમાં આવેલ લોકશાળા ખડસલીમાં ભણતા બાળકોની મૂંઝવણ ની વાત કરીએ

લોકશાળા ખડસલી માં ધોરણ 9 અને 10 માં પ્રવેશ મેળવતા બાળકોમાં 90 ટકા ઉપર આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. તથા તેમને ધોરણ નવ કે 10 માં જ્યારે વિજ્ઞાન વિષયમાં પૂર્વજ્ઞાનના અભાવના લીધે આગળ નો અભ્યાસ કરવામાં મુશ્કેલીઓના લીધે નિરસતા દેખાણી આ નીરસ્તા દૂર કરવા મેં શાળાની પ્રયોગશાળામાં એક માઈક્રોસ્કોપ બંધ અવસ્થામાં હતું જેમાં ધરખાન સુધારા કરીને તથા કુદરતી રંગોના સહારાથી વિધાર્થીઓને અનુરૂપ કોઈપણ ડર કે સંકોચ વગર ઉપયોગ કરી અભ્યાસમાં રસ કેળવે તેવા હેતુથી માઈક્રોસ્કોપ બનાવ્યું.

આ સ્વરચિત માઈક્રોસ્કોપના ઉપયોગથી વિધાર્થીઓ ડુંગળીના કોષ , ગાલના કોષ , પર્ણરંધ્ર, વનસ્પતિના આડછેદ, હાઇડ્રા, વગેરે જેવી સૂક્ષ્મ શરીર રચનાઓની સ્લાઈડ બનાવી માઇક્રોસ્કોપમાં જોઈને આનંદથી અભ્યાસ કરતા થયા. આ માઈક્રોસ્કોપ બનાવવામાં અમારે 1 ,000 જેવો ખર્ચ થયો જે તૈયાર માઈક્રોસ્કોપની સરખામણીમાં સાવ નજીવો છે. આ માઇક્રોસ્કોપ બનાવી વિધાર્થીઓમાં જે નિરસતા હતી તે ઉત્સાહમાં ફેરવાય. તે આનંદથી પોતાનો વારો ક્યારે પ્રયોગ કરવાનો છે તેની વાટ જોતા થયા અને જે સૂક્ષ્મ સંરચનાઓ ના નામ સાંભળવાથી તેમને કંટાળો આવતો હતો તે સૂક્ષ્મ રચનાઓ આજે તે પોતાની રીતે સ્લાઈડ બનાવી અને માઈક્રોસ્કોપમાં નિહાળે છે અને આનંદથી અભ્યાસ કરે છે. તથા તેમને અનુરૂપ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી.


બારૈયા અરજણભાઈ
આ.શિક્ષક
લોકશાળા ખડસલી તા.સાવરકુંડલા




સ્વરચિત માઇક્રોસ્કોપ


અમીબા
ડુંગળીના કોષ
પર્ણરંધ્ર
હાઇડ્રા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## જિલ્લા કક્ષાનો ૧૦મો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ : ૨૪-૨૫

સ્ટોલ નંબર

48



ઈનોવેટરનું નામ : તેરૈયા પાર્થ ઉમેશભાઈ મોબાઈલ નંબર : 94274 12487

શાળાનું નામ : મા. અને ઉ.મા. શાળા – શાખપુર તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી

# KINDHURA CAREER ACADEMY

સર્વે દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ...

જયાં સાક્ષાત ખોડિયાર માતાજી ડુંગર પર બિરાજે છે તે લાઠી તાલુકાનું શાખપુર ગામ.

સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળામાં જૂન-2009 થી શિક્ષણ સેવાયજ્ઞમાં કાર્યરત છું. (કડિયાળી 09-06-2009 થી 02-09-2016 , શાખપુર 03-09-2016 થી કાર્યરત) શરૂઆતથી જ સરકારી શાળામાં માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિકમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ જો કારકિર્દી પ્રત્યે સભાન બની અભ્યાસની સમાંતરે જો થોડો સમય ભવિષ્યને લક્ષમાં રાખી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે તો કોલેજ ( સ્નાતક) અભ્યાસ પૂર્ણ થયા બાદ તેમને યોગ્ય, પધ્ધતિસર તૈયારી પણ ઈચ્છિત દિશામાં કરી શકે છે. આ વિધાર્થીઓની તૈયારી અન્ય સામાન્ય નોકરીવાંચ્છુઓની સરખામણીએ 7 વર્ષ વહેલી ADVANCED ગણી શકાય.

| ધોરણ- 9 થી 12 (14 થી 18 વયજૂથ) | ધોરણ-12 પછી ઉચ્ચ અભ્યાસ (18 થી 30 વયજૂથ) |
|---|---|
| ➢ શાળાકીય પરીક્ષાઓ ઉપરાંત શિષ્યવૃત્તિ પરીક્ષાઓ, N.M.M.S, N.T.S.E, T.S.T, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, અને કારકિર્દી માર્ગદર્શન માટે P.B.L. પ્રવૃત્તિઓ દ્વારા અને જરૂરી પુસ્તકોનો પરિચય, માર્ગદર્શન અને તૈયારી કરાવી. | ➢ કલાર્ક, તલાટી, પોલીસ, TAT, TET, CTET, NET, SLET, JRF, GPSC, UPSC વગેરે સ્પર્ધાત્મક પરીક્ષા માટે જરૂરી પુસ્તકો વિશે માહિતગાર કર્યા. સામાન્ય જ્ઞાન G.K., સાંપ્રત પ્રવાહો, બંધારણ, ઈતિહાસ, ભૂગોળ, રાજકીય, અર્થવ્યવસ્થા, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ફિલોસોફી, શિક્ષણ, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, (ભાષા,સાહિત્ય), GCERT, NCERT અભ્યાસક્રમ, શબ્દકોષ, વહીવટીકોષ, પારિભાષિક શબ્દકોષ, વિશ્વજ્ઞાનકોષ, કમ્પ્યુટર IT વગેરે ક્ષેત્રોના પુસ્તકો, સંદર્ભ ગ્રંથો ઉપલબ્ધ કરાવ્યાં, વાંચન માટે માર્ગદર્શન આપી પ્રેરિત કર્યા. |
| ➢ શાળામાં અભ્યાસ કરતાં (14 થી 18 વયજૂથ) વિધાર્થીઓને PBL દ્વારા મૂલ્યાંકન. | ➢ નોકરીવાંચ્છુ ઉમેદવારો (18 થી 30 વયજૂથ) પરીક્ષાને અનુરૂપ પુસ્તકો, સંદર્ભગ્રંથો વગેરે ના વાંચન, અભ્યાસ, મહાવરા અને જૂથકાર્ય દ્વારા મૂલ્યાંકન અને પ્રગતિનોંધ વિશે અવગત કર્યા. |
| ➢ MID WEEK MUSING વિવિધ ક્ષેત્રના વિદ્વાન મહાનુભાવોના પ્રત્યક્ષ વક્તવ્ય/E CONTENT, ડિજીટલ ટેકનોલોજીના માધ્યમથી વિડિયો લેકચર (WEEKLY). કારકિર્દી અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન. | |
| ➢ વિવિધ પ્રકાશનોના પુસ્તકો (Govt./Private pub.) નોકરી વાંચ્છુ ઉમેદવારોને 6% થી 50% કિંમતે ઉપલબ્ધ છે. | |
| ➢ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ-અમદાવાદ, સહજાનંદ બુક ડેપો-ભુજ, વિનોદ બુક એજન્સી વગેરે પુસ્તક પ્રકાશનગૃહ/વિક્રેતાઓ તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટે જરૂરી શાળા વ્યવસ્થાપન, ભૌતિક સુવિધાઓ વગેરે તમામ જરૂરી સગવડતાઓ અને ભાવાવરણ માટે સરકારશ્રી અને દાતાશ્રીના યોગદાન તેમજ તમામ લાઈબ્રેરીના વ્યવસ્થાપકો, સંચાલકોનો પણ આ નવા પુસ્તકાલયનાં પ્રકલ્પ માટે ખૂબ જ સહકાર પ્રાપ્ત થયો. | |
| ➢ શાળાના નવા બિલ્ડીંગમાં જ આ પુસ્તકાલયનાં પુરસ્કર્તા એવાં વિદ્વાન લેખક, પ્રેરક, માર્ગદર્શક, વિશ્વવિખ્યાત હાસ્ય કલાકાર માનનીય શ્રી ડૉ. જગદીશ ત્રિવેદીના₹ 2,51,000/- (અંકે રૂ. બે લાખ, એકાવન હજાર પૂરા/-) માતબર રકમના ઉદાર યોગદાનથી ... "પદ્મશ્રી ડૉ.જગદીશ ત્રિવેદી સ્પર્ધાત્મક પરીક્ષા પુસ્તકાલય" શાખપુર હાઈસ્કૂલ મુકામે તા.27/01/2025 ના રોજ વિધિવત શુભારંભ થયો. આ પરમાર્થ પ્રકલ્પથી શાખપુર, પાંચતલાવડા, નાના કણકોટ, નાના રાજકોટ, નાની વાવડી, કલ્યાણપુર, ખારા, ફાચરીયા વગેરે આજુબાજુના ગામના ઉમેદવારોને Competitive exams' aspirants કયાંય બીજા મોટાં શહેરોમાં જવાની કે ખર્ચ કરવાની જરૂરિયાત રહેશે નહિ. આ પુસ્તકાલયના નિ:શુલ્ક સેવા લાભાન્વિત થઈને, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરીને, એક જવાબદાર અને આદર્શ નાગરિક બનીને આ યુવાનો પોતાના અને ભારતના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરશે. | |

"कौन कहता है आसमान में सुराख नहीं हो सकता,

एक पत्थर तो तबीयत से उछालो यारों..."

-दुष्यंत कुमार


તેરૈયા પાર્થ ઉમેશભાઈ

આ.શિક્ષક

સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળા - શાખપુર તા. લાઠી

ફૂલછાબ રાજકોટ ૭

# શાખપુર(લાઠી)માં જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું લોકાર્પણ



## ડો. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત આ નવમું પુસ્તકાલય

રાજકોટ, તા.૨૯: અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના શાખપુર ગામમાં પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું ગત તા.૨૭ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકાલયમાં ખાસ કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં લાઠી તાલુકાના યુવાનોને કેન્દ્રમાં રાખીને એ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

આ પુસ્તકાલયનું ઉદ્ઘાટન હીપાવડલીનાં લટુરિયા હનુમાનજી આશ્રમના સંત જશુબાપુએ કરેલું હતું. તેમજ વડોદરાના માર્ગીસ્મિત સ્વામી મુખ્ય અતિથિ હતા. તદુપરાંત દર્શન વિદ્યાલય-રતનપરનાં સંચાલક મહેશભાઈ કાનાણી, જાણીતા ઉદ્ઘોષક અને શિક્ષણવિદ ભરતભાઈ દેવૈયા, લાઠીના અગ્રણી હર્ષદભાઈ પંડ્યા, સરપંચ જશુભાઈ ખુમાણ, તાલુકા પંચાયત સદસ્ય બાબુભાઈ ખુમાણ, આચાર્ય સુનિલભાઈ ગોયાણી, સંનિષ્ઠ શિક્ષક પાર્થ તેરૈયા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.







